શ્રી શાહોજી નરનાથ શ્રી નરઅલી

મહંમદ શાહની ભાંખેલી

મોટી સત્ય વેણી

લેખક : સત્પંથ સાહિત્યની સેવા કરનાર,

સયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

મુ. પીરાણા.

પ્રકાશક :

શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી

સત્પંથી સૈયદ સમ્સદીન બાવાસાહેબ (ખાકી)

મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અમદાવાદ.

આવૃત્તિ બીજી **સંવત ૨૦૨૭**

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ–૧.

દર્શન લાભ રૂ. ૫-૫

Page 22 & 23 missing

ॐ

શ્રી શાહોજી નરનાથ શ્રી નરઅલી
મહંમદ શાહની ભાંખેલી
મોટી સત્ય વેણી

લેખક : સત્પંથ સાહિત્યની સેવા કરનાર,
સયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)
મુ. પીરાણા.

પ્રકાશક :
શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી
સત્પંથી સૈયદ સમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)
મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અમદાવાદ.

આવૃત્તિ બીજી **સંવત ૨૦૨૭**

મુદ્રક : મણિલાલ છગનલાલ શાહ, ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ-૧.

દર્શન લાભ રૂ. [redacted] ૯-૫

પ્રસ્તાવના

દરેક પુસ્તકના પ્રકાશકોની હાલની રૂઢી છે કે પુસ્તકનો આંતરિક વિષય કે પ્રકાશનું કારણ પુસ્તકની હરોલમાં પ્રગટ કરી દેવો, જેથી વાચક મહાશયોને પુસ્તકની સમાલોચનાની સુગમતા થાયે.

બાકીએ પણ એ નિયમ બન્યો તેટલો જાળવ્યો છે. પ્રસ્તુત ગ્રંથ યુગાત્મા, એટલે વર્તમાન યુગનો આત્મા, એટલે સાલિક (શક્તિ) શ્રી નિષ્કલંકી નારાયણના વર્તમાન નુરી સ્વરૂપના દ્રષ્યની ઝાંખી કરાવનાર માર્ગનું દિગદર્શન, એટલે સત્યપંથનો મુખ્ય સિદ્ધાંત પ્રસ્તાવતો તત્વજ્ઞાન દર્શક પવિત્ર રાશી, શ્રી હરિશ્રી નરમહંમદશાહ સાહેબનું વચનામૃત, જેનું નામ સત્યવાણી છે.

આ ગ્રંથ વર્તમાન સમયમાં સત્યપંથનો યુગનેતાશ્રી ઈમામ 'શ્રી વિષ્ણુનારાયણ, શ્રી નરઅલી મહંમદશાહ સાહેબે વર્ણવી છે તે આ વાણી એટલે અમૃત' શાન્તિનો સમુદ્ર એટલે ધીકતી જવાળા કોમીવાદ જે આ યુગને બાળી રહી છે! તે એવે સમયે અમૃતનું વર્ષણ કરેલું જેનાં સીંચનની જેવે સમય અગત્ય હતી ને તેવે સમયે શ્રી સદ્‌ગોર મહાબ્રહ્મ ઈન્દ્ર ઈમામશાહે શ્રી હરિને વિનંતિએ કરી ફરજ પાડેલી, શ્રી સદ્‌ગોરજીને તે સમયની જે ગડબડ સ્વાર્થિયોની અતી ધાંધલના નિર્દેશની જરૂર હતી, ને તે એવાજ સમયની અગત્ય હતી કે સમય અવલોકિકજ હોય! સમયની સંયુકતાના અવલોકને કોઈ પણ પુરૂષ તેને બનાવટ કે ખોટું કહી શકેજ

નહિ એવે સમયે, યુગની અને યુગનાં પુરૂષની લીલાની ગડભાંગ સનાતન ધોરણે જે પડી હતી.

ઈરાનથી શાહેજીનું નુર (કલા) શ્રી પીર ઈમામશાહ આવામાં આવ્યું, તેને ઉથલાવવા દ્વેષિયોએ ખટપટ ને બનાવટો આદરી, ગત અવતારોની જેમ અવતારો વીતી ગયા છતાં તેને તે સ્થાનો હજુએ પુજાયે છે! તેમ શ્રીહરિની કળા શ્રી શાહેજી નુરઅલી મહંમદશાહે શ્રી ઈમામશાહ બાવાને સોંપી તે પછી શ્રીહરિ વખત આવે પોતે પ્રગટ્ય પણે હેમપુરે પધાર્યા છતાં! નુરઅલી મહમદશાનાં લાગતા વળગતાઓએ, પોતાની સ્વાર્થી મમતા ના મૂકી! પ્રપંચને પાવરધો કરી ખોટી જીદને નભાવે ગયા! લોભને લીધે ધર્મને ધુળ મેળવી! ભોળી દુનિયા શ્રીજીની લીલા ન સમજી શકી! તેનો ખુલાસો એજ રીતે થાએ! તોજ સદ્ગોરજીએ, પોતાની ફરજ પૂરી કરી એમ મનાએ! તે કારણે શ્રીહરિ પાસેજ એવે સમએજ શ્રીહરિની કળાનું સ્ફોટન હજારો મનુષ્યો રુબરૂ કરાવી દીધું તેજ આ પુસ્તક "સત્યવેણી" છે.

શ્રી આદ્ય નારાયણને આદિ સમયે પ્રેમ ઉત્પન્ન થએ અખીલ વિશ્વની યોજના કરી, મનુષ્ય શરીર પોતાના કલાત્મક શરીરાકારે સજ્યું, આદિ સમયના મનુષ્યતનો જ્ઞાનથી અજ્ઞ હોવાથી તેને જ્ઞાનની ભૂમીએ પ્રેરવા પોતે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, શક્તિ એમ પવિત્ર નુરી શરીરોથી લીલા આદરી. અનંત જ્ઞાની જયોતિ સ્વરૂપોના શરીરોએ જગતને જ્ઞાનની ભૂમી પ્રત્યક્ષ કરી, તેમાં કેટલાક પ્રેરણાએ પ્રેરાયા, કેટલાક

અર્ધા મુર્ખ રહ્યા, એ સર્વ એનીજ લીલા કહેવાયે ! જ્ઞાનની કશોટી માટેજ શ્રીમહામાયાને આવરણરૂપે માયિક સ્વરૂપે શ્રીહરિએ પોતાની નુરી કલાત્મક શરીરની ફરતી દિવાલ રૂપે આડીઅવળી વિંટળાવી રાખી, કે એ આ માયાવી આવરણો કર્મે કર્મે જીતી હરિશરણ'ને પ્રાપ્ત કરે તોજ તે જ્ઞાની ખરો થયો કહેવાએ, ને તે મોક્ષાધિકારી થયો મનાય.

જ્ઞાનદાઈ શરીરની આજુબાજુ કલાત્મક માયાવી આચ્છાદન રાખી પોતે. જગતના મનુષ્યો ભેળો હળીમળી રહી, અનેરી રમતો નવિન, નવિન વિધિની રમે ગયા, ત્યાંસુધી ! કે એઓશ્રીના શરીરના શુદ્ધ સ્વરૂપને એઓશ્રીના શરીરના, માં, બાપ, ભાઈ, સ્ત્રી, ભાંડુ, આદિ કોઈપણ પારખી ન શકયા ! શ્રીજીની સર્વ રમતો કોમી ભાવ વિનાનીજ હોય, જેથી માયાવી એટલે કોમી ભાવવાળાને સમજ નાંપડે ! પોતે પોતાનાં ચારિત્રો અનાદિની પ્રથાનુંસાર પોતેજ ધારે તેને સમજવા દે, જે પોતાનો હોય તો ! એટલે એનો થઈ એને ઓળખી એ માટેજ જીવિત જીવી જાણતો હોય તો. જુના ચારિત્રો તરફ દ્રષ્ટિ કરવામાં આવે તો શ્રીજીનાં ચારિત્રો એકજ પ્રકારના એ, કહેવાએ ને નાએ કહેવાય, જૂઓ શ્રી મતસ્ય, શ્રી કચ્છપ, શ્રી વરાહ, શ્રી નૃસિંહ, પશુ, શ્રી વામન બટુક બ્રાહ્મણ, શ્રી પરસુરામ યોદ્ધા બ્રાહ્મણ, શ્રી સૂર્યવંશી રામચંદ્ર ક્ષત્રી, શ્રી ચંદ્રવંશી ક્ષત્રી શ્રીકૃષ્ણ, શ્રી બુદ્ધા મલેચ્છ, શ્રી નિષ્કલંકી યવનાદિ વિધવિધ પ્રકારે પ્રગટ આવી અકળિતજ રહ્યા; સાથે સાથે પોતાની રમતનો

અગમ માટેનો માર્ગ પણ પ્રગટાવી દીધો એ ગુચવણ ઉપર મૂકીને! તે પણ કાંઈક ખુલાસાથી તેતો એક શ્રી હરિવંશનોજ, નિર્દેશ જાહેર કરીને તે એજ હરિવંશ ને એવો ગુંચવ્યો કે, ભલભલા માંથુ ફૂટી ફૂટી મરે, પણ સાત્વિક **સિદ્ધાંતવાદિ અને સાત્વિક અહારી** વિના પતો નજ લાગે! અહાર, વ્યવહાર સાત્વિકજ જોઈએ, માદક અહારી, કે વ્યવહારી તો એમાં માથું મારીજ ન શકે, માદક આહારી કદી કોઈ, એ જ્ઞાન સંબંધી દાવો કરતો હોય તો તે મિથ્યાવાદી છે, એમ સમજી તજવા યોગ્ય ગણાય. *મનુષ્યમાં કુશળતા બે પ્રકારની છે, આત્મિક ને માનસીક, આત્મિક કુશળતા માટેજ અહાર શુદ્ધિ, એટલે માદક પદાર્થોનો ત્યાગ, તે સાથે સંસારપર ભવ્ય વૈરાગ્ય પ્રાપ્ત કરેજ પરમાત્માને પામવાના માર્ગની ઝાંખી પામી શકે, સાથે તે જગત માયિક દ્દષ્ટિએ તુચ્છ દેખાએ! માનસિક કુશળતાએ જગતમાં કુશળ લેખાએ! ધંધા, રોજગાર, પ્રપંચ, કળા, કૌશલ્યતા આદિ વ્યવહારી સર્વ કાર્યમાં પ્રવિણ દેખાઈ, રાજ-દરબારે, વેપાર ધંધે, જ્ઞાતિજનોમાં, જગતના ધંધા, ધાપા, ખપટ, ચરપટ ધાપ બાજી આદિમાં અનોખોજ દેખાઈ રહેને અતિ નામના પ્રાપ્ત કરી શકે. તે ઉપર જગત લોભાઈ તેનું અનુકરણ કરવા ઈચ્છતી રહેશે. પણ તેઓને ને આત્મિક

---

* તમાકુ પીયે તે નર દોજખી હોય, (સત્પંથશાસ્ત્ર). પદ્મપુરાણ–જે બ્રાહ્મણ બીડી પીતો હોય (કે તમાકુ વાપરતો હોય) તેને યજમાન દાન આપે તો તે નરકમાં જાયે ને, તે બ્રાહ્મણ મરે તો શુવરિયો થાએ.

કુશળતાવાળા વચ્ચે જમીનને આકાશ જેટલો અંતર માનવો. આત્મિક કુશળતા વાલાનો સંગ કરવા કોઈનુંએ મન ન થાએ, માનસિક કુશળતાવાળાની લોક ગુલામી ઈચ્છે. એ પણ ધર્મ નાશનો પ્રયોગ છે.

સાત્વિક અહાર, વ્યવહાર, સદ્ગુરૂની દયા, ત્યાગ વૈરાગ્ય; વિના હરિવંશનાં ઉકેલનો માર્ગ શાણા, જ્ઞાની, ચતુર, વાચાળ, કદિ ભલે મથી મરે! પણ તેના દ્રશ્યની ચાવીનો માર્ગ ન મળે, તે નજ મળે.

'સદ્ય વ્યવહારે', 'સાત્વિક અહારેજ' 'ગુરુદયા પ્રાપ્ત થાએ છે, 'ગુરુદયા પ્રાપ્ત થયેજ' એ ગુંચવણનો ઉકેલ સદ્ય આવી જાય છે. વેદો વર્ણવે છે, કે "વર્તમાન સમયમાં જે શ્રીહરિનું સ્થુળ દેખાતું શરીર પ્રચરતું હોય, ને તેનું જે નામ હોય ને તેના જે અક્ષર હોય, તેને જે જાણી શકે કે જાણતો હોય, તો તેજ બ્રાહ્મણ (બ્રહ્મને જાણનારો) મોક્ષાધિકારી જાણવો." આવી પવિત્ર આજ્ઞાઓમાં કોઈપણ ઠેકાણે કોમી ભાવની જરા પણ ગંધ નથી "કોમી ભાવ તો મોક્ષાધિકારમાં બાધા ડાલનાર છે.'

આદિ જ્ઞાન પ્રાપ્તિ પછીનાં કાળાંતરે મોહ વશ માનસિક કુશળતાએ જ્ઞાતિ, જ્ઞાતિ, વર્ણાવર્ણ, ભેદાભેદો આદિ મમત્તાના પ્રવેશે કુશંપ, કલેશે જડ ઘાલી કોમી ભાવનો ઝેરીલો અગ્નિ ઘર કરી બેઠો, તેમજ ઝેરીલી અગ્નિના શત્રુઓ સજ્જન પુરૂષો તેના નાશનો માર્ગ પ્રગટાવતા જ રહ્યા! અહંમભાવી પુરૂષો તો એ વિષાદિ અમૃતનાં ઘુટડા ગળે ઉતારતાજ રહ્યા! તેના ઘેનમાં વેદાજ્ઞાને પણ સૂતી મૂકી જગતનાશનું કાર્ય ચપાવતેજ ગયા, તેમાં જરાપણ ઉણપ આવવાજ ન દીધી!

પ્રજ્વલિત કોમી ભાવને શાન્ત કરવા ઈચ્છિનાર સજ્જન પુરૂષો સામ્યભાવનો પ્રચાર તનતોડ મેહનતે કરી રહ્યા છે, જે કે કેમ ! કોમી ભાવનો અસ્ત વ્હેલો થાય ? તેમ છતાં કલિના પ્રભાવે એ ડબલ જોરથી ફુંકાય છે "ખરી રીતે એ મહાશયો કોમી ભાવની ખરી જડ જે ધર્મમાં પક્ષપાત તે તરફે જરાપણુ નજર કરી શકતા નથી ઉલટા તેથી દુર્લક્ષેજ રહે છે !" ખરી રીતે એ કાર્ય "શ્રીહરિ આધિન હોવાથી" એવી મત એ મહાશયોને કેમ કરી આવે ? જે "ધર્મમાં પક્ષપાત છે એની જડ ઝાલી તે નિવારવા પ્રયત્ન શાળી થએજ કોમીવાદ નાશ પામશે. ધર્મવાદની ભાવનાઓ ધર્મ સાથે સંગઠિત છે. ચોકકસજ 'ધર્મમાંથી મારૂં, તારૂં,' એ ભાવ નીકળી ગએજ કોમી ભાવ નહિજ રહેવા પામે ! એ વિનાની સર્વ મિથ્યા માથાકૂટો છે. જ્યાંસુધી મારો ધર્મ, ને ભાઈનો ધર્મ, એ ભાવોના અંધારણો છે, ત્યાં સુધી 'સારો, ખોટો, એ ભાવો છે, એ ભાવનાઓનો અંધ જુના સમયનો વડીલોપાર્જિત સંગઠનનો છે, ધર્મનો અધાથ વિવેક સુન્ય પ્રેમ છે. જેમજેમ સમયે સમયે નિરનિરાલા શ્રીહરિએ સ્વરૂપો ધારણ કર્યા તે સ્વરૂપો સેવ્યા, એ સ્વરૂપો લીલા કરી ગયા પછી 'જે સ્વરૂપ આવ્યું તેને ઓળખી,' તેને સરણે જવાનું હતું, તે તો 'જનારા સ્વરૂપોનો મોહ કેટલાએથી ના મૂકાયો !' ને 'આવનાર પુરૂષને ના ઓળખી શકાયો' જૂનાના મોહની જડ જામતા જામતા હજારો, ધર્મભાવો (મોહને મમતાનાં અંધનો) અંધાયા.' એ ભાવો કેમે કરતાં ટળે એમ નથી, "એનો સરણને

સેહેલો આ એકજ ઉપાય છે 'કે સર્વનો ધર્મભાવ ઉપર મોહનો પરદો પડયો છે તે ઉપાડી દેવાએ! એવો ઉપદેશ અસરકારક થાએ' તોજ કામીભાવનો નાશ છે, નહિ તો એ મહાશયોની મિથ્યા માથાકૂટ છે.

સામ્યવાદ પ્રચારક મહાસયો પોતેજ જૂના હક્ક ધર્મને પોસતા રહી, મોઢે સામ્યવાદનો ઉપદેશ કરે, 'હૃદયે ભાવ એકને મોઢ તેથી વિરૂદ્ધ' એ ભેળસેળીયો ઉપદેશ સામાવાલા ઉપર કેવી અસર કરે? ઉલટો કોમી ભાવ રેલમછેલ જગતમાં ધમ ધમાટી મચાવી મૂકે, મહાસયો! 'આવા અવળા બળે કોમી ભાવ તજવવા પ્રયત્ન કરો છો' તેથી સંતાંસ પોતાનાજ હૃદયમાંથી જ ધર્મ જેવી પવિત્ર ભાવનામાંથી હિન્દુ, મુસલમાન, એ ભાવો ટાળવા પ્રયત્ન શાળી થાઓ! એજ ઘણીજ સફળતાની ખરી ચાવી છે એથી આપનો વિજય જરૂર થઈ જવાનોજ.

'હિન્દુ, મુસલમાનાદિ એવા ધાર્મિક ભાવો દૂર કરી,' 'એક પ્રભુતાઈનો માર્ગ ગ્રહણ કરી.' વાહ—વાદિ ઉપ્લેકિયું જ્ઞાન તજી દઈ,' 'દ્વિદતાને ટાળી' 'અદ્વિત માર્ગે અવલંબી' અન્ય ભાવનાના દ્વારો બંધ કરી દેવા. "આકાશવાણી." (વેદ, કીતાબાદિ) "અ પુરુષ વાણી" શ્રી હરિની જ વાણી છે તે સર્વ એકજ શુદ્ધ ભાવ પ્રગટાવનારી છે, માટે તેને ભેદ ભાવ વિના શાન્ત ચિત્તે એક સરખી રીતે પુજ્ય માની' એ સર્વના 'હૃષ્યનો અંન્તર ભેદનો મીઠો મર્મ' શોધી તેનો પ્રચાર કરેજ ઝેરી કોમીવાદનું વિષ નાશ પામશે.

'શ્રી હરીજગ કલ્યાણે સ્વ સ્રજિત તનોમાં દેશ, વેષ, ભાષાદિના ભેદા ભેદ વિનાનાજ સ્વ સ્વરૂપો પ્રગટાવે છે.' તેને આપણે શીરવંદ્ય ગણી 'હરીવંશે સોળ કળા સાહિત્યના શરિરને (શ્રી હરિનાં ખાસ શરિરની એધાણીચોવાળો) એ વેદ પ્રમાણે ખોળી, ઓળખી તેને આધીન થઈ રહો ! ધુતારાઓનો ત્યાગ કરો એજ તત્તવ જ્ઞાન ઉત્તમ છે, નહિતો ભવ વાટવીમાં ભલે પડી રખડયા કરો. "શ્રી હરિના સત્ય સ્વરુપની ખોળની ચાવી એજ સંદત્તર કોમી ભાવનો નાશ છે"

શ્રીહરિએ નુરી ખાસ સ્વરૂપો વખતોવખત મનુષ્ય તનુંમાં પ્રગટાવ્યા છે, તેને આજ શાસ્ત્રાધારે માનવાનું કહેલું છે, તેમ જૂના (વયતિત) નો મોહ મુકવો નથી ! એકને માનવું છે, 'એકને નથી માનવું' અમુક ને માનવા' 'થીમુકને મૂકી દેવા !' અમુક મુદત સુધીનાને માનવા' અમુક મુદત પછીનાને મૂકી દેવા 'અમુક પછીથી શોધના બંધ કરવી !' અમુક સમય પછી આવવાના છે એટલી આંટી ઝાલી રાખી' જુનવાણીએ પડી ખોળ બંધ રાખી, વર્તમાન સમયનાં સ્વામીને ખોળવાની વાત ઉડાડી દઈ, સત્ય વાત અદ્ધર રાખી, પોતાના ચલાવેલ પાંખડને આગળ કરી જગતને અંધારામાં રાખી, જગતને શ્રી હરિનાજ શત્રુ પણામાં પ્રેરવાની પ્રયત્ન થઈ રહ્યા હોય ! ત્યાં કોમી ભાવને જવામન કેમ થાએ ? 'શાસ્ત્રોએ સ્થળ, શંખ્યા, સ્વરૂપ, સમાયાદિ સર્વ સચોટ નિશ્ચિત કરી આપ્યા છે, પણ તેને માનવું નથી ને શાસ્ત્રને પાણીચું આપી પોતાની મમતા ચલાવવી છે તો તેને સામ્યભાવ કેમ ભાવે ? શાસ્ત્રો,

વેદો કેમ ભાવે? જગત જ્યારે એટલા બળે પહોંચ્યું છે; તો તે નગારાના ધ્વનીમાં પીપુડી કેમ સંભળાએ? મારે તો આ સમયે મારા માથાની ફરજ પૂરી કરવાની ઈચ્છાએ. સેવાભાવે વર્ણવું છે તે વર્ણવી રહ્યો છું.

શ્રીહરિનીકળા, રમતાદિ, કોઈપણ સ્વરૂપની, કોઈપણ **સમયની ગત** સરખી હોતીજ નથી,' વેળા વેળાની કળા ન્યારીજ, એકથી એક ન્યારી, ન્યારા ઢંગ, ન્યારા ચારિત્ર, ન્યારા સ્વરૂપ. જેથી 'માયાવિ વ્યવહારમાં રચી પચી રહેલા ડાહ્યા પુરૂષો, ભણેલા; વાચાળ, પંડિતો, ગત્ સમયનાં ચારિત્રોને માનનારાઓની વાણી ચાતુર્ય આગળ સાધારણ બુદ્ધિનાં આસ્યજનો મુંગે મોઢે દોરાયજ! એ સ્વભાવિક છે. કોમી-ભાવનાના ભેદોમાં રંગાએલા પંડિત વિદ્વાન પુરૂષોની વાણી કળામય છે, વિદ્વાનો બધું સાચું જ કહેતા હોય, એમ સમાજની ધારણા હોય છે. એ ન્યાએ એવા પંડિતો પોતાના હૃદયના રંગને સમાજ ઉપર પાથરી સ્વરંગે રંગીલે! દેખાવમાં શાસ્ત્રનો–સત્યનો પ્રચાર આગળ લાવી જગતનો નાશ કોસીભાવે કરી રહ્યા છે. કહેવાતા વિદ્વાનોને પોતાના અહંમપણાએ અંધારપણું પ્રાપ્ત થએ, કાંઈ સત્ય સૂજવા પામતું નથી. સત્ય તો સર્ચલાઈટ જેવો પ્રકાશિત છે 'સત્ય એ ધર્મ! 'ધર્મમાં ભેદભાવ હોતો નથી.' હિન્દુ, મુસ્લિમ, ઈસાઈ, મુશાઈ, પારસી, જૈન, બૌદ્ધાદિ ભેદો એમાં નથી." 'ભેદ એજ કોમીભાવ' એવા ભેદભાવો સત્ય બ્રહ્મને સૂઝવા દેતા નથી. વિદ્વાનને વાચાળ પુરૂષોની વાણી ઉપરજ જગત વિશ્વાસ રાખવા ટેવાએલી હોવાથી મોહમયી વિદ્યાનાં ફળ! તે એજ 'આજ કલેશમયી દુનિયા!' 'રાવણીઓ પડઘો'

આજ કલિયુગમાં શાસ્ત્રાધારે શ્રીહરિનો દશમો અવતાર ફક્ત એકજ શ્રી નિષ્કલંકી નારાયણનોજ હોવાનું ગવાય છે. સમય પણ 'સંવત વિક્રમ દધિઅંગા' દર્શાવેલ, 'એ લીલાવાદી મહાપુરૂષની લીલા કોણ સમજી શકે?' એઓશ્રીના ચારિત્રો જગતમાં નજરો નજર દેખાઈ રહ્યા છે. પણ "આંખસહીત પણ આંધળા' એ ન્યાયે કોણ જોઈ શકે? 'મહાદિવ્ય પુરુષની અકળિત કળા કોણ કળી શકે? 'એઓશ્રીનાં ચારિત્રો જગતમાં ગવાઈ રહ્યા છે. પણ 'કાન સહીત પણ બેહેરીયા' તે ક્યાંથી સાંભળી શકે? લેનારા ફળ લેઈ ગયા,' 'સોધકો શોધી ગયા, ને હજુએ ભાગ્યવંતો શોધ કરી રહ્યા છે' 'જેનો ભાગ્ય બળવંત હશે? તેજ આવા કળિકાળમાં માયાવિયોના ડંફાસ આગળ સમુહોના જૂથોથી ન બીતાં શોધે લાગી રહી સત્ય શોધ્યાજ કરશે' નહિતો આવા અસત્યના અસંખ્ય ભેરોનાં સામટા સાદ આગળ સત્યની તુતુડી ક્યાંથી સંભળાએ? જ્યાં છળ પ્રપંચની લેહેરો લેવાતી હોય, ત્યાં સમાનભાવી ઔષધ ક્યાંથી પીવા મન થાએ? એતો કોઈ વિરલા હરિના ખાસ દાસોનેજ ભાવના જાગે તેઓ આ માયાવી જુથો આગળ નોધારા દેખાઈ રહે, "નોધારા રહેનારાઓ એવા હરિનાદાસોનું તો જાણે આવીજ બન્યું!" એટલી સતામણી એમની ચાલુ થાએ! એટલો એટલો પજવે! કે કાચો પોચો હરિનોલાલ હોય તો બીતો ને સંતાતોજ રહે!' નહિ તો માયાવિઓ એની એટલી દૂર્દશા કરી મૂકે, કે એ જીવતથી મૂવેલો ભલો' પણ જે સાચા હરિના પ્રેમીજનો તો **માયાવિયોની** સતામણીના સર્વ સંકટો સહન કરી હરિ સેવામાંને સેવામાં

લાગ્યાજ રહે, 'ફરી ફરી મનુષ્ય જન્મ આવનાર નથી ' એવા મોંઘા મૂલો મનુષ્ય તન આવા દુષ્ટોની ખુસામતમાં નજ ખુવે.' સીધી રીતે એ માયાવીઓ સત્યભેદ સમજવા કે સત્ય માર્ગે પ્રેરવા પ્રયત્નશાળી નજ રહે. માયાવિયો થાકે દુ:ખ દેતાં દેતાં, પણ હરિનાં દાસો એ દુ:ખ સેહતાં સેહતાં આનંદ માની બમણા બળે ઉમંગે સેવા કરેજ જાએ.

માયાવિયો જગતને ઠગવા હરિકિર્તનની મોઢે ખોટી ખોટી રાઢું પાડી જગતને દેખાડવા કે હું હરિભક્ત છું ' તે માટે પાડે. મોઢે ખોટી નિષ્ટાએ (સ્વાર્થ ખાતર) ડંફાસ હાંકી ભોળાઓને ભરમની જાળમાં વીંટે, એવાનો તો ઉપરનો ડોળજ દેખાડવાનો છે, 'જ્યાં સ્વાર્થ સધાએ' કે પછી એ ડોળ–ઓળ ક્યાંએ ઉડી જાય !' જેમ પતંગિયો રંગ તડકો લાગતાં ઉડી જાએ છે !

શ્રીહરિએ સંવત વિક્રમના સાતમા સતકમાં પ્રાગટ્ય પણે લીલા આદરી, તેઓશ્રીને ઘણા સનાતન ધર્માવલંબિયો એ ઓળખ્યા, ઓળખાવરાવ્યા, સેવ્યા, સેવરાવરાવ્યા, પૂજ્યા, પૂજાવરાવ્યા, કેટલાકોએ તો ગુપ્ત પણે સેવા આદરી, કેટલાકતો એથી શત્રુવટ લેઈ બેઠા, કેટલાકોએ માંહે ભેળશેળ કરી સ્વાર્થ સાધવા બીજાઓ ઉપર સ્વાર્થનો આરોપ નાખી પોતે સાચા છે, એવા ગપગોળા ઉડાડી ધર્મને નામે ઘણા ધતિંગો રચાયા, સાચાને ખોટો ઠરાવવા પ્રયત્નો આદરાયા, ખાલી થએલ ઘરને બનાવટે કરી પૈસાના બળે સાચા વર્તમાનકાળનો પુરૂષ ઠરાવવાના ધતીંગો દોરાયા. ખોટાને સાચા કરવા શાસ્ત્રોને પોતાને ઓશિંગે રાખી જાહે

આગળ કર્યું સમયના સ્વામીથી જગતને અજ્ઞ રાખવા પ્રપંચો રમયા.

યુગ-યુગના ભેદો પલટી! ગયા આ કલિયુગ છે' એકક્ષણની ભક્તિ પહેલાંના યુગોમાં કરોડો વર્ષની ભક્તિથી વધી જાય છે. શ્રીહરિના વર્તમાન અવતારનાં ચારિત્ર ઉપર એકવાર દ્રષ્ટિ થાએ, તો યુગો-યુગના કુકર્મો નાશ પામી શુદ્ધ મોક્ષાધિકારી થઈ જવાએ એમ વેદ કહી રહ્યા છે. આવા વિવેચનો માટે આ સ્થળ પૂરતું નથી શ્રીહરિના ગુણનું વર્ણન કરતાં કરતાં વેદો પણ થાકી કહેતા ગયા કે 'એટલું નહિ' 'એટલું નહિ' તો ત્યાં મુજ પામરનું શું ગજું?

સમયનાં સંજોગોએજ મારે સાથે એ વર્ણન કરવાનો જે ભાર મૂકાયો છે, તે પરમાણુમાં મારી બુદ્ધિ સંપત્ત પ્રમાણે બે અક્ષર-લખવા પ્રયત્ન કરીશ, "પણ તેનું ધાર્યું" કાર્ય છે, તો તેજ પૂર્ણ કરે. 'તથાસ્તુ.'

શ્રી નારાયણ જગતનો સૃસ્ટા! અનંત ભેદ, ગુણ, માયા, કળાદિથી ભરપુર, એનો બરોબરિયો કે જેનાથી દલીલ કરાએ તેવો પણ કોઈ નથી. તે મનુષ્ય તનમાં પોતે સ્વ-ઈચ્છાએ પ્રેમના પૂરે તણાઈ આવવા જેવી લીલા સ્વઈચ્છાએ અન્યન ભેદોમય કરી અને પોતાંને આવવાનો માર્ગ એક હરિ વંશને નક્કી કરી રાખેલ, તે માર્ગ અનાદિના ધોરણે આજના કલિયુગમાં શ્રી હરિ તે શ્રીઅલી તે શ્રી હરિ કૃષ્ણ વંશે પવિત્ર ભૂમીએ પધાર્યા; તેનાં વંશની ભેદી ચાલ અનાદિથી ઘણા ભેદ ભરમોથી ભરપુર હોવાથી તેના ભક્ત વિના અન્ય કદિપણ સમજી શકતોજ નથી.

હરિવંશે શ્રી અલી શ્રી કૃષ્ણવંશે જેવી વિગતે આવ્યા તેનો ટુંક ખુલાસો આ પ્રમાણે છે.

શ્રી કૃષ્ણના પ્રધુમનનાં શેષસ્થાન, (અનીરુદ્ધ૧)ના *ભિલસ્થાન (સતાનિક)ના વેણી વચ્છરાજ, (સતવીર્ય) ના સિંહરાજ (સૂર્યસેન) ને એક દીકરી લક્ષ્મી (સારા) નામે હતા. તેમનો વિવાહ બુદ્ધાલ શ્રી આદમના ચોથા પુત્ર સાથે થયેલ, તેમનાં પેટે શ્રી બુદ્ધા ભગવાનનો જન્મ થયો, સિંહ-રાજને પુત્ર વંશ ન હોવાથી દીકરીના દિકરાને વંશ તરીકે ખોળે લઈ સર્વસ્વ શ્રી બુદ્ધા ભગવાને અર્પણ કર્યું તે શ્રી કૃષ્ણથી '૭' સાતમે વંશે શ્રી હરિ બુદ્ધા ભગવાન નવમો અવતાર થયો. તે કુળજ હરિવંશમાં પ્રખ્યાત મનાયો ને તેણે તે લાયકજ કર્મ કરી બતાવેલા. કાળના વહને એજ વંશે શ્રીમાન મહા પુરુષ મુઝર (જગમાલ કે જગ જ્યોતિ) નામે મહા પરાક્રમી ઈતિહાસ પ્રસિદ્ધ પુરુષ થયા છે, અનેક ચમત્કારો બતાવ્યા હતા. એ વંશમાંજ શ્રીમાન મહાપુરૂષ, કુશઈ (ગજસિંહ) જે અર્બસ્તાનમાં પધારેલા, તેઓશ્રીથીજ હરિવંશ કૃષ્ણ કુળને અપભ્રંસે કુરેશ કુળના નામે પ્રસિદ્ધમાં લાવેલ. આટલેથી ભાષા જે મીસરમાં મિશ્રી હતી, તે બદલીને અરબી થઈ. તે વંશે અબ્દે મુનાફ (દેવિસિંહ) નામે થયા, એ દેવી ભક્ત હતા તેમને ઘરે જોડકું બાળક જન્મેલ

૧ મીસરમાં-શોણિતપુર હતું ત્યાં.

* ભિલસ્થાન ભિલ=ગુફા,+સ્થાન=ઠેકાણું એટલે જેનું સ્થાન ત્રણો ભાગ રેહવાનો ગુફામાં (ખોહમાં) હોય છે.

તે જોડકાને શસ્ત્ર પ્રયોગે જુદા કરવામાં આવેલ, તે સમયના પ્રખ્યાત જોતિષિઓએ ભવિષ્ય કહેલું કે એ બન્ને ભાઈયોના કુલમાં તલ્વાર ચાલ્યાજ કરશે તે ભાઈઓના નામ ૧ હાશમ (સૂરસેન), ૨ ઉમૈયા.

તે કાળે મક્કામાં એક મોટું મંદિર મક્કેશ્વર નામે હતું તેમાં તે સમયનાં તમામ કુરેષકુળ=કૃષ્ણકુળના અને અન્ય અરબ કુળનાં દેવોની પ્રતિમા મક્કાના મંદિરમાં (+સંગ અશવંદના મંદીરમાં) સ્થાપવામાં આવેલ, જેથી એ પ્રદેશઆખાનો જનસમુહ દરવર્ષેનિયત કરેલ દિવસે એ મંદિરની યાત્રાએ આવતા ! તે દીવસનુ નામ અરબ ભાષામાં "હજ"નો દિવસ અપાયેલું હતું 'એ મંદિર' શ્રીમાન સૂરસેનના વહિવટમાં હતું. શ્રી સૂરસેન (શ્રી હાશમ)નો લગ્ન મંદિનામાં કરેલું તેમને બે દિકરા હતા, ૧ મુત્લિબ, ૨ શ્રી સ્યબા; શ્રી હાશમ (સૂરસેન)ના અંતકાળ પછી "શ્રીમુત્લિબ સાહેબ શ્રી શયબા સાહેબને મક્કામાં બોલાવી આવ્યા ને થોડાજ દિવસમાં "મુત્લિબ' સાહેબ અમરલીલા સ્વીકારી ગયા જેથી શયબા સાહેબનું બીજું ઉપનામ અબ્દુલ મુત્લિબ દેવાયુ ને મક્કેશ્વરનાં અધિષ્ટાતા થયા.

એ મહા મંદિર (મક્કેશ્વર) નાં મુખ્ય પુજારી શ્રી શયબા સાહેબ હતા અમુક કાળનાં વહન બાદ શ્રીજીએ મક્કાની જનતાને જણાવ્યું હતું કે અમુક કાળે એક દાનુવ હાથીયોની એક ભારી સેના લઈ આ મક્કેશ્વરનું મંદિર તોડી

+ સં અશવદ=કાળો પાણો, અટલે જેની ગણુના પુરાણુ કાળમાં (૧૨) જ્યોતિર્લિંગોમાં હતી. (આદિ શંકરાચાર્યના વર્ણન પ્રમાણે.)

પાડવા આવનાર છે. લોકો આ ભવિષ્યવાણી સાંભળી ખળભળી ગયાં, જેથી ધીરજ આપવા શ્રીજીએ તુર્ત ફરમાવ્યું કે ગભરાવ નહિ પ્રભુ પોતે પોતાના મંદિરનું રક્ષણ કરશે, બન્યું એ એમજ.

યમનનો શીધી રાજા 'અબ્રહા એ મહા મંદિર તોડવા મક્કા ઉપર ચડી આવ્યો તેની ફોજમાં ઘણા હાથી લાવ્યો હતો, જેથી એ ચડાઈને ત્યાંના લોકો ત્યાંની ભાષામાં "અસ્હાબે ફીલની ચઢાઈ કહે છે," એ હાથી જેવું મોટું જનાવર ત્યાંના પ્રદેશવાસીયોના જોવામાં કદી નહિ આવેલ, ને ઘણા જથ્થામાં એ જનાવરો હોવાથી મક્કાના વાસીયો તે જોઇ સર્વ ડરી દૂર નાશી ગયા ! પણ ઈશ્વરી સત્તાએજ ચમત્કારીક બચાવ કર્યો.

"એક ઝીણી ચકલી કાળા રંગની પેટ આગળ ભૂખરી ધોળા રંગે હોય છે." તેવી ચકલીયોની સેના વાદળ ઉપર છવાઈ ગઇ. તે દરેકની ચાંચમાં એક એક કાંકરી હતી. તે પક્ષી ને અત્રે 'અબાબીલ'ના નામે સંબોધે છે. તે ચકલીની ચાંચની કાંકરી દરેક દરેક અસ્વાર, પયાદા વિગેરેનાં માથા ઉપર પડવાં માંડી કે તુર્ત તે કાંકરી ઠેઠ ઘોડા હાથીના નીચે સોંસરી નીકળી પડતી, ને તેના પડતાં સાથેજ અસ્વારને વાહન સુદ્ધાં મરી નીચે પડતાં ! એવી ચમત્કારિક રીતે એ દાણવી સેનાનો અંત આવી ગયો ને મંદિર આબાદ રહી ગયું. એવા એ પ્રખર ભવિષ્યવેતા અને બ્રહ્મબળવાળા હતા.

શ્રી શયબા સાહેબને દશ પુત્રો થયા હતા, તેઓએ દશાંશનો નિયમ જાળવવા માટે પોતાના એક સુપુત્રને મક્કાના મંદિરમાં ભેટ આપવા નિર્ધાર્યું તેમના નામોની પત્રીકાએ

નખાઈ, તેમાં શ્રી અબ્દુલ્લાહ સાહેબનું નામ આવ્યું, ત્યારે સર્વ વંશજનો અને અન્યના પ્રતિષ્ઠિત પુરૂષોએ મલી કહ્યું કે એ પવિત્ર શરીરમાં પવિત્ર આત્મા (બ્રહ્મ)નો ચમકાર દેખાય છે. એમના શરીરથી પવિત્ર હરિ વંશની વેલ રેહવાની છે. માટે એમનાં સાટામાં બસો ઉંટ પરમાત્માના નામ ઉપર મકકેશ્વરને અર્પણ કરો. તેમ કરવામાં આવ્યું. ને અબ્દુલ્લાહ સાહેબને પરણાવવામાં આવ્યા તેમને પેટે કલિયુગના મહા બ્રહ્મશ્રી મહંમદ સાહેબ જન્મ્યા.

એ શયબા સાહેબ (ઇંદ્રિસેન)ને બીજા પુત્ર અબુતાલિબ સાહેબ (વિષ્ણુયજ્ઞ) હતા, જેમણે મજકુર શ્રી મહાબ્રહ્મનું રક્ષણને પાલન અંતઃકરણથી કર્યું હતું, ધર્મ રક્ષણ માટે તેમને સર્વ પ્રકારની સહાય કરી હતી. તે સમય દુષ્ટોનું રાક્ષશી બળ અધિકાઅધિક પજવણી કરી રહ્યું હતું. એ શ્રી અબુલતાલિબ સાહેબને ત્રણ પુત્રો હ૦ અકીલ, તથા હ૦ અલી, તથા હ૦ જાઅફરો તૈયાર થયા. તેમાં સર્વ શ્રેષ્ટ શ્રી અલી શ્રીનિષ્કલંકી નારાયણ દસમા અવતારે આવ્યા.

શ્રી અલીસાહેબ હ૦ અકીલને હ૦ જાફર એ ત્રણ ભાઇ સગા, ને ચોથા ભાઈ શ્રી મહંમદ સાહેબ છે. શ્રી મહાબ્રહ્મ મહંમદ સાહેબેજ પોતે શ્રી મુખે શ્રીઅલીને પોતાના સગા ભાઈ મનાવ્યા છે.

શ્રી સયબા સાહેબ (ઇંદ્રિસેન) ને ત્રીજા પુત્ર* અબુસામ (દેવેન્દ્ર) હતા. તે દેવેન્દ્રને ચાર પુત્રો થયા હતા, ૧ અસપત ૨ ગજપત ૩ નરપત ૪ ભૂપત. જેની વંશમાં જાડેજા ક્ષત્રીયોનો રાજયવંશ મોજુદ છે.

શ્રી ઇંદ્રિસેનના વંશે શ્રી અલી, એ કૃષ્ણકુળે (કુરેશકુળે) એ વંશમાં શ્રી નરઅલીમહંમદશાહ છે. તેવીજ રીતે એજ કૃષ્ણકુળે (કુરેશકુળે) હાલના જાડેજા ક્ષત્રિઓનો વંશ છે. જેમાં મોરબી, કચ્છના મહારાજાઓ છે. એના પુરાવા માટે, જાડેજાઓના ભાટોના ચોપડા મોજુદ છે.

હરિવંશના ભેદની સમજ માટે બુદ્ધિ નિર્વિકારી હોવી જોઈએ, માદક અહારીયોને એ હરિવંશનો માર્ગ કદી નહિ સૂઝે ને નહિ આને, તેમ છતાં દ્વેષ હરિવંશનો કર્યા કરશે.

ત્રીજા દેવેન્દ્રના પુત્ર ચાર, પેહેલા અતિયા, જેમનું બીજું નામ અસપત. બીજા ખાલિદનું બીજું નામ ગજપત, ત્રીજા 'અતિઆ'નું બીજું નામ (નરપત) ચોથા 'રાબેયા'નું બીજું નામ (સાપ અથવા ભૂપત) 'એ દેવેન્દ્ર' કુળ કચ્છના રાજવી અને અન્ય જાડેજા રાજપુત ક્ષત્રીના નામથી પૂજાયે છે. 'અબુતાલિબના પુત્ર શ્રીઅલી' ભૂમી સર્વ માથે પુજ્ય શિરોમણિ, શ્રી વિષ્ણુ તે શ્રીહરિ (શાહ)ની પદ્ધિએ પુજાય છે. શ્રીમહંમદ સાહેબનો, ને શ્રીઅલી સાહેબનો મિશ્ર વંશ ગોર નરની સંજ્ઞાએ જગત માની રહ્યું છે. આ પવિત્ર વંશની ઈર્ષાએ બળી રહેનારાઓની બુદ્ધિને' અદેખાઈએ

---

* કહા નડે પ્રબંધ. "કાઠીયાવાડી સાહિત્ય. "કચ્છ કાઠિયાવાડની પદરચના, ભાગ. ૧, (નમીમહંમદ) એ હેડિંગ નીચે" "કચ્છના કલાધરો." "મહંમદ સાહેબનું જીવન." તવારિખે નાશીખ મીસરનો રાજ્ય વિભાગ." "દુનિયાનો ઇતિહાસ." આદિ ઘણા ગ્રંથોમાં છે.

બાળી ભસ્મ કરેલ હોવાથી સત્યને ને એવા ઈર્ષાખોરાઓને લાખ્ખો યોજનનાં છેટા પડયા! વચમાં કોમીભાવનો અગ્નિ પેઠો! એ કેમે કરતાં ભેળા (સંપ) થવા નજ દે!

અનાદિકાળની પ્રથાએજ શ્રીહરિના શત્રુઓ શ્રીહરિનો નાશ કરવા (સૂર્ય ઉપર ધુળ ઉડાડવા)ના મિથ્યા પ્રયત્નોએ બળ બાંધી મૂર્ખતાનું પ્રદર્શન કર્યા કરે, તેમાં તેવાઓનું કાંઈ વળે નહિ, તો પણ મૂર્ખતા નજ મૂકે, અજ્ઞાનતાના પડળે શ્રીહરિનો નાશ કરવા જતાં પોતાનોજ નાશ થતો જાય! પણ અહંકારના પડળે કોમીવાદિયોને ન સૂઝે! શ્રીહરિની લીલા અગમ્ય, ખગ પૂરૂષો બળ, નાણાં, પદ્વિની લહેરમાં તણાએજ ગયા! ભાવીના પરદા પાછળના નવિન 'ખ્લાનો' ચિત્રાતાજ રહ્યા, ઘુમંડિઓને એનું ભાન કયાંથી?

શ્રી અલીની પાંચમી વંશે છઠ્ઠા ઈમામ જાફરો સાદિક સાહેબ થયા તેમના શત્રુઓ એટલે નાણાંના પૂજકો, માયાવાદીઓ તૈયારજ હતા એતો એના કુળની અનાદિની રીત કે શત્રુ વિના પ્રભુ હોયજ નહિ, રાત્રી વિના દિવસ કયાંથી? "સ્વાર્થ એજ શ્રી હરિનો અને તેના વંશનો શત્રુ! એવા તો આજે દહાડે દિવસે વધતાજ રહે છે.

શ્રી હરિ જાફરો સાદિક સાહેબના પાંચ પુત્રો હતાં. તેમાં શ્રીહરિવંશના અધિકારી પ્રભુ શ્રી ઈમામ ઈસ્માઈલ સાહેબ હતા, પણ એઓશ્રીનાં વિરોધી તેઓશ્રીનાં ઓરમાન ભાઈમુશિયે કાઝમ ઉભા થયા, તેમના પક્ષમાં શ્રી હરિવંશનો શત્રુ તે સમયનો રાજવી બની અબ્બાસી હારૂન રસીદ હતો,

એટલે દેવેન્દ્રના ભાઈ અબ્બાસ સાહેબનો વંશ' એથી એ પક્ષ મનુષ્યદ્રષ્ટિએ બળવાન બન્યો. શ્રી હરિકળાના ઓજસના મોહે ઈમામ થવાનો ખોટો દાવો આદર્યો. તે સાથે સાચા ઈમામના નાશ કરવાના પ્રયત્નો અદરાયા! તેમાં રાજરમત ચાલી. ઈમામ તો સર્વજ્ઞ અનંત કળાવાન ચારિત્રશાળી હોય, તેને કોઈ પોહોંચીજ ના શકે, શત્રુઓને હંફાવવા કદી પોતે ગુપ્ત રહે! કદી પોતે પ્રગટ થાએ. એની કળા અનેરી એ બિચારા મુરિશે કાઝિમ કયાંથી જાણે? શ્રી ઈમામ જાફરો સાદિકે શ્રી હરિ ઈમામ ઈસ્માઈલ સાહેબને ઈમામની કળાનો પદ વિધાન કરી શત્રુઓનો માર્ગ મોકળો કરવા શ્રી હરિને દેશવટો દીધો. રાજ્યખટપટે હઠવાદિયો પોતે માયાનાં મોહે નવા મનુષ્ય સૃજેલ ઈમામની લારે લાગી સાચા ઈમામથી વિમુખ થયા. નારાયણ નિમિંત ના ગમ્યો, ને રાજનિમિંત ગળે બાંધ્યો, આજે પણ જ્યાં રાજ્યની મદદ તેની ખુશામતે લોકોના થોકે થોક ઉભરાય છે. ("શ્રી ઈમામશાહ બાવાનું વચન," પંચ મલી કરી ઈમામ ઠેરાવ્યા એવે ઈમામે જીવનાં છુટે.) એવી રીતે એક પછી એક ટોળાઓએ ઈમામો ઉભા કરી નોંખા પડતા આવ્યા ને કોમીવાદીયોનું બળ વધતું ગયું.

એ મહા દિવ્ય સ્વરૂપ એવા એવા ટોળાઓને પાછળ મુકી આગળને આગળ વધતોજ રહ્યો, એની અનેરી અકળ કળા અનેરા ભેદ બીજા શું જાણે? અખિલ જગતનો સ્વામી અરબની ભૂમિએથી પરવારી મીસર પધારી ગયો. મીસરના રાજ્યાસને બીરાજ્યું તે સ્વરૂપ શ્રી હરિ મુન્તેસર બિલ્લાહ

નામ ધરાવતું હતું. ત્યાં ઘણી લીલા કરી, તે શ્રીહરિના શરીરની બે ધણીયાણીયો હતી, તેમાં આપણને એ બે પુત્રો ને એ બે માતાઓની સાથે કામ છે. મોટા શ્રી હરિ નિઝાર, બીજા નાના મુસ્તે અલી.

રાજ્યાસનના મોહે મુસ્તે અલીના મામા લશ્કરના સેનાપતિ હોવાથી શ્રી શાહ નિઝારને સહપત્ની બંદીખાને પધરાવી, મુસ્તે અલીને રાજ્યાસને લીધા. સારા સારા માણસો માયાના લોભને વળગી સાચા ઈમામને તજી સામાએ સૃજેલ (મનુષ્યે બનાવેલા) ઈમામને વળગ્યા, રાજ્યબળે જબરદસ્તીના ઈમામત આજુબાજુમાંજ ચાલી, રાજ્ય પણ ગેરહકનું ટકયું નહિ.

શ્રી હરિ ઈમામ નિઝારશાહ સાહેબ જેલખાનામાંજ લીલા સ્વીકારી ગયા. તેમના એકજ પુત્ર શ્રી ઈમામ હાદી બાળ વયમાં કેદમાં શ્રી માતુશ્રી સહ હતા. શત્રુની જાહેરી સત્તા અને બળ આગળ બાળવયી ઈમામની દેખીતી શું સત્તા? શત્રુ મીસરનો રાજવી ને ઈમામરાજ્યના કેદી એ રાજ્ય પણ એટલો બળવાન કે તે સમયની મીસરની શહેનશાહતની જાહોજલાલી આગળ મુકાબલામાં આજની એકે સેનસાહત નથી! છતાં શ્રીહરિકળાએ એ શહેનશાહતની જેલની દીવાલો ચીરી જેલ ભેદી આફ્રીકા તજી ઈરાનની ભૂમિ પવિત્ર કરી, કોઈને જરા પણ ખબર ન પડવા પામી કે શ્રીજી કયાં પધારી ગયા.

શત્રુને જેલમાં પૂરી પોતે રાજ્યાસનના એશઆરામ

Page 22 missing

Page 23 missing

નામે બંધાઈ સત્યનાં સૂર્ય ઉપર ધુળ ઉડાડવા બાકી રાખતા નથી, ને જગતના આનંદનો નાશ કર્યા કર્યો છે.

શ્રીહરિ શમ્સ તબ્રેજી સાહેબના બે પુત્રોએ સત્પંથનું રક્ષણ કર્યું. શ્રીહરી નર કાસમશાહ, બીજા શ્રી મહાબ્રહ્મ શ્રી નસીરોદ્દીન સાહેબ. શ્રી નસીરોદ્દીનનાં પુત્ર શ્રી સદ્દગોર સાહેબ દીન સાહેબ, અને તેમનાં પુત્ર સદ્દગોર બ્રહ્મા સુદરદીન સાહેબ થયા જે બાર કરોડીના તારણહાર એ સંઘ લેઈ પીરશ્રી સુદરદીનને તેમનાં પુત્ર પીરશ્રી કબીરદીન એઓશ્રી નરકાશમશાહના પુત્ર નર ઈસ્લામશાહ સન્મુખ પધારેલા, એવે સમય શ્રીહરિ નર ઈસ્લામશાહની ઈચ્છા છેલ્લા અખાડાનુ સ્થાન સ્વચ્છ કરવાની હોવાથી પોતે શ્રી પીર કબીરદીન સાહેબથી કોલે બંધાઈ માર્મિક ભેદો ગુઢાર્થે 'જાણુ ને જાણુ.'ને 'જાણુ ને અજાણુ' રાખી ચોખ કરી નાખી. અનંતના વરના સાથે પોતાનું આગમન પણ જણાવી દીધું; કે આપણે - બન્ને એકજ સ્થાને એકજ ઘરમાં રહી આ અનંતનું કાર્ય પુરૂં કરશું. શ્રી પીર કબીરદીન બાવાએ તે ભેદની ચોખવટ કરવા વિન્નતી કરી, શ્રી હરિએ ફરમાવ્યું, તમારે ત્યાં પુત્ર રૂપ મહાબ્રહ્મ શ્રી પીર ઈમામશાહ સાહેબ પધારશે, તેને ઘેર પુત્ર રૂપે હમો પોતે આવશું. મારૂં નામ નરમહંદશાહ રખાશે. એ વચનની પંક્તી દોરાઈ, અનંતનાં સંઘનાં મૂળ મંડાયા, ને દ્વેષિયોના ચિત્તડા ડામાડોળ થઈ, હરિકળાનાં વેરવીઓનાં ભેદ બંધાયા.

એ ભાવો સિદ્ધ કરવા શ્રી પીર કબીરદીન સાહેબે પોતાનાં અઢાર ફરજંદો ને પોતાના અવસાનનાં થોડા દિવસ

પહેલાં સેવકોને ખબર આપવા ને દશાંશના નાણાં લેવાના બાના હેઠ લાયક ને લાયક ભાગ આપવા અઢાર ઠેકાણે મોકલી દીધા. તેમાં સર્વથી નાના પુત્ર શ્રીહરિ પીર ઈમામશાહ બાવા કે જેમની વય તે સમય ફક્ત 'નવ વરસ'નીજ હતી તેમને ગુજરાત જવા આજ્ઞા કરી, સાથે સર્વને ભલામણ કરી દીધી હતી 'કે વેહેલા પાછા આવજો, મારૂં શરીર હવે થોડા દિવસ પછી જગત જંજાલ છોડવાનો છે. એ મર્મ, એ કલાધારીનો ભેદ, 'એ' રમત' અન્ય શું જાણે ? પીર તાજદીન પ્રપંચીઓના પીર તરીકે જેમનું નામ હાલ બોલાતા સંભળાય છે! તે તો તે પહેલાં ક્યારનાએ દેવ લોક પામી ગયા હતા; 'બાઈ બુઢાઈસાહેબનાં જ્ઞાન પ્રમાણે, "કાકા તાજદીન નિંદાએ લાગ્યા, તો ભર જોબનમાં જીવદીના." શ્રીપીર ઈમામશાહ પંજાબને સીંધની સરહદ પર "કોટલી" ગામે હતા ત્યાંથી ચાલીસ સેવકોસહ માફો લઈ "૨૨૫" ગાઉનો અંતર કાપી (૧॥) કલાકમાં ઉચ્ચની હદમાં પધારી જનાજો અટકાવી, પીરાતનની કળા પ્રસાદીરૂપે લઈ, શ્રી સદ્‌ગોર પીર કબીરદીન સાહેબની આજ્ઞાનુકુળ ઈરાન પધારવા પ્રયાસ કર્યો, એજ સમયે પોતાના વડીલ બેન શ્રી બાઈ બુઢાઈ સાહેબે પોતાને શ્રીજીના શિષ્ય થાવું હતું તેથી તેમણે પિતાશ્રીનો ચાલીસો "કરવાનાં બાના હેઠ રોકયા."તે વેળાની વાતોના જ્ઞાનો બન્ને ભાઈ–બેને ફર્માવેલા છે. ચાલીસો શ્રી પીર કબીરદીન સાહેબનો કરી શ્રીપીર ઈમામશાહ બાવા ઈરાનમાં ઇમામ શ્રીહરિ નુરમહંમદશાહની હજુરમાં પહોંચ્યા. તે પછી શ્રી હરિ શ્રી નુરમહંમદશાહ બાવાએ ઈમામતની કળા,

પોતાનું વચન પ્રતીપાદન કરવા અર્થે શ્રી સદ્‌ગોર બ્રહ્મા ઈંદ્ર ઈમામદીનને સોંપી, ત્યારથી શ્રી ઈમામોદીન સાહેબનું નામ શ્રી ઈમામશાહ થયું. ને શ્રી નુરમહંમદશાહ બાવાએ પોતે નુરશાહ વલીજી નામે દેહ રાખ્યો.

શ્રી ઈમામ નુરમહંમદશાહ બાવાએ કળા સોંપી તે ટાણે શ્રી ઈમામશાહ બાવાએ વિનંતી કરી! આપની આજ્ઞા શીરવંદ્ય છે. આપનું વચન મિથ્યા નહિ જ થાએ, પણ જગતના ભરમીલાઓનાં ભરમો ભાંગવા આપના પધારવાનાં એંધાણ ફર્માવિશો ! ત્યારે શ્રી નુરમહમંદશાહ બાવાએ ફરમાવ્યું કે આપણું અનાદિનું ધોરણ છે, તે પ્રમાણે પ્રાગટ્યપણે નરનું શરીર જેમ મળાદિ વિકારોથી પવિત્ર હોય છે તેમજ હશે, વિશેષમાં મારા પ્રાગટ્યનાં છઠે દિવસે પ્રગટમાં તમારો મ્હેળો (પંજો) લઈશ. ભલે જગતને જાણ કરી દેજો જાવ ! ને કુંવારકાને સ્થાને પધારો! ત્યાં જઈ છેલ્લા યુગના અખાડાના સ્થાનની રચનાં પેહેલાં તમોને ત્યાંજ એ સૂચના અપાશે, તે પ્રમાણે વર્તવા બંદોબસ્ત કરજો. દ્વાપુર યુંગમાં તે સ્થળનાં રક્ષણ સાટે રક્ષક નિર્મિત કરેલો છે. તમારાં દર્શનેજ એ ભૂમી આપને હવાલે કરી આપની આજ્ઞાનુકુળ વર્તશે.

શ્રીસદ્‌ગોરજી શ્રી હરિ આજ્ઞાએ કુંવારકા ભૂમીએ જવા રવાના થયા, કુંવારકાએ આવ્યા પછી શ્રી ઈમામશાહ બાવાના ત્રણ પુત્રો એક પછી એક કાળના વહેને જન્મ્યા ચોથા પુત્ર શ્રીહરિનારાયણ નરમહંમદશાહનો જન્મ થયો, આશા સફળ થયાથી આનંદના ઓઘ ઉભરાયો, પોતે ફર્માવેલા સર્વે ચિન્હો પરીપુરણ મલી આવ્યા, પ્રાગટ્યના છઠે

દિવસે શ્રીહરિને લઇ શ્રીસદ્‌ગોરજીએ પલંગ ઉપર પધરાવ્યા, પલંગની પંગાતી એટલે શ્રીજીનાં પગભણી ઉભા રહી વિધિયુક્ત પંજો લેવા બન્ને કર જોડી શ્રીજી સમક્ષ કર લંબાવ્યા ને સાયનાનો મંત્ર બોલ્યા! કે શ્રીહરિ નરમહંમદ શાહ સ્વ મેળે 'આંખ બંધ કરો ને ઉઘાડો' એટલે પલકવારમાં બેઠા થઈ ગયા, તે બેઠા થાતાં થાતાં છ દિવસનાં કલેવરને સોળ વરસ જેટલું ને તે સોળ કળાસહિતનું કોઈ ને કળના પડે તેટલી વારમાં બનાવી દઇ, શ્રીસદ્‌ગોરજીના બંને હાથ પોતાના પંજામાં લેઈ વિધિયુક્ત પંજો લઈ સાયનાનો અધુરો મંત્ર પૂરો કરી જવાબ આપી દીધો ને મંત્ર પૂરો કર્યો.

'શ્રીસદ્‌ગોરજીને તો પ્રથમથી જે દ્વેષિયોની ગડભાંગની ધાંધલ, કે કલીની લીલાની જાણ હતી.'' સત્પંથ ઉપર પડનારા શંકટોનું પુર નજરબાર ન હતું, તે આધી, વ્યાધી, ઉપાધીનો ભાર હલકો કરવા, તે ભાવે વ્યાકુળચિત્તે જગતને એ લાલા જન્માંતર યાદ રહે, ભવિષ્યમાં ધર્મમાં ગડબડ ન થાએ, દ્વેષિલાઓ લાલચુડાઓનું ઉપદ્રવ, ન નડે, સત્યે નિર્વિઘ્ને મારી ફરજ પાર પડી જાએ! એ આશાએ શ્રીહરિનો પંજો પોતાના બન્ને હાથોમાં ઝાલી રાખી વિનંતી કરવા લાગ્યા, કે હે શ્રીહરિ! અદ્રશ્ય, આ કળા, આ સ્વરૂપ, આ પરછો આપનું જે આજે જે આ સભામાં દ્રષ્ય પ્રગટે દેખાઈ રહ્યું છે, તેને જે આજ હાજર છે તે અને તેટલાઓની દ્રષ્ટિમાં જીવીત સુધી રહેશે, ત્યારબાદ આ વાત સ્વપ્નવત ભુતકાળમાં વાણી ઉપર રહેશે તો લોકોનો વિશ્વાસ તે ઉપર કેવો બેસશે ? ને આપનું અત્રે પધારવું દ્રોહીઓને ન રૂચતું હોવાથી વાતને

ચક્કરમાં નાખી ઉલટાસુલટા જોડ મેળે કરી, વાત યુગના પુરમાં ભળી જઈ આકાશી પુષ્પવત્ લોકોના હૃદયમાં અનાદિ-કાળના ધોરણે ભેદાભેદમાં ભળી ભવાડાઓ ઉભા થએ, આ સત્ય હકીકતને બળ નહિ મળે ! ને જૂઠ ઉપર દુનિયા દોરાશે. એ માટેની મારી વિનંતી ધ્યાનમાં લેઈ, યોગ્ય સમય યોગ્ય ટાણું ને આ દ્રષ્ય, લોકોને હૃદય ઉપરથી ન હઠે ! ને 'ધ્યાન-માંને ધ્યાનમાંજ' રહે ને આ ભેદ લોકોનો મગજમાં ગુંજતો રહે, તેવા યોગનો જોઈતો પુરાવો આપના સત્પંથની ખાતર કાયમ પહોંચે, તેવો કરી આપશો આપ ! તો સર્વજ્ઞ છો, આપને મારે વિનવવાની કાંઇ જરૂર તો હોયજ નહિ, મને જે કાંઇ વિચારો ઉદ્‌ભવ્યા છે, તે સર્વ તમારીજ રમત છે આપે કહેવરાવ્યું તેટલું મારાથી બોલાયું છે.

શ્રીહરિ વિષ્ણુ નારાયણને કુંવારકા ભુમિમાં સદ્‌ગોર તેડી લાવ્યા. (આણી લાવ્યા) જેથી શ્રી પીરે શ્રીશાહોજીને આણ્યા (તેડયા) જેથી એ ભુમિકાનાં સ્થાનનું નામ પીરાણા એટલે પીરે આણ્યા, તેડી લાવ્યા, એમ પીરાણા થયું ! નહિ તો જુગજુનું નામ તો 'હેમપુર' છે."

"શ્રી સદ્‌ગોરજીની વિનંતીમાં ભેદ ન હોવો જોઈ એ !' એ કાંઇ શ્રી સદ્‌ગોરજીથી અજાણ્યું નજ હોય ! પણ સમયના સંજોગોને જાહેર કરવા પુરતું જ સત્પંથના રક્ષણના કાર્ય જોગતું વાણીમાં એરૂપ શ્રીહરિ સનમુખ આવ્યું. 'જેથી શ્રીજી' પોતાના સામ્ય સ્વરૂપને સ્હેજ ઉગ્રભાવે સદ્‌ગોરજી સાનિધ્ય શાન્ત મુદ્રાએ તેમજ, જગતને દેખાડવા,' સદ્‌ગોરજીની

આશા પુર્ણ કરવા.' પોતાના કાળ પુરાંતની વચનોના પ્રતિપાદનાર્થે જે શૈય્યા ઉપર શ્રીગોરજીએ પધરાવ્યા હતા તે ઉપરથીજ આમંત્રિત પાંચ હજાર શિષ્ય સમુદાય સન્મુખ શ્રીસદ્‌ગોરને ઠપકા રૂપે, જગતને જ્ઞાન રૂપ, અમૃતનો બોધ વેહવરાવ્યો ! જે વચનામૃત વર્ષાવેલ તેનો જ આ ગ્રંથ "સત્યવેણી" છે.

શ્રીહરિની એ તત્વજ્ઞાની વચનામૃતો કુંવારકા ભુમિએ પધારવાની મુખ્ય એંધાણી છે, શ્રીહરિના પધારવાની ધ્વજારૂપે નિશાની છે, એ પવિત્ર દ્રશ્યનો પુરાવો તે "સત્યવેણી" ! શ્રીનરનાથ કુંવારકાંએ પધાર્યા તે સત્ય બીનાના પુરતા પુરાવાના એંધાણને ફીટાડવા, શત્રુઓ, અને સ્વાર્થલોભી, બુદ્ધિહીણા મિત્રો એમ ઉભયપક્ષથી એ દ્રશ્યને મટાડવા પ્રયત્નો થઈ રહ્યા છે.

એજ સમય શ્રી નારાયણ ઈમામ નુરઅલી મહંમદશાહ ઇરાનની ભુમીમાં નરપણું શ્રી ઈમામશાહ બાવાને અર્પ્યા પછીનું ખાલી શરીર નુર શાહ 'વલીજી'ની સજ્ઞાએ જગતમાં ઇમામની કળા વગરનું હયાતી લગી શરીરધારી રહ્યા હતા, તેઓશ્રીની લીલા બાદ એ ખાલી ઘર અને ખાલી દેહનાં પુત્ર તરીકે દાવો કરતા તેમના વારસ બીજા મુન્તેસર બિલ્લાહએ મિથ્યાવાદે પોતામાં શાહનું નુર નહિ છતાં મિથ્યાશાહનો કે શાહપણાનો ડોળ ચલાવે રાખ્યો, અંધશ્રદ્ધાળુઓ, અજ્ઞાનતાના પરદાથી એ ડોળનાં લોભી ઉપર જુનવાણીની પ્રથાએ વળગી રહેવાથી, સત્પંથે અન્ય રસ્તો સાફ કરી, પોતાનો માર્ગ પાવરધો કરી રાખ્યો, ને અન્ય જૂઠાપણાના ડોળે' ડોળઘાલુઓ છત નહિ છતાં સંઘબળે ટકી રહ્યા; અનાદિકાળના નિયમે "જથ્થો જીતે," એ ન્યાયે આજસુધી એ ધતિંગ દિવસે

દિવસે વધતુંજ ગયું, ને સતીયાઓ ને શિર સંકટ દેખાયા જ કર્યું !

શ્રી નુરઅલી મહંમદશાહ, શ્રી ઇસ્લામશાહ સાહેબનાં વંશ તરીકે તે દ્વારે પધારેલ, તે વાત જગજાહેર છે, તેમજ નરઅલી મહંમદશાહ, શ્રી ઇમામશાહ બાવાને મંદિરે નર વંશ વારસ રીતે પધારી અનંત કરોડીના તારણ તરીકે આવેલ, તે વાત વંશાવલીમાં ચાલતી આવેલ પદ્ધતિએ પુઠિયુંમાં લખાય છે, પણ શ્રીજીએ કુળ પલટયા પછીથી ભયસુચક સંજ્ઞાએ ચાલતી વંશાવલીની પદ્ધતિ ને નિયમમાં એ બનાવટી ટોળાવાળાને ફેરફાર કરવો પડયો ! પ્રથમ વંશાવલીમાં એક પછી એક વંશ જેમ બાપ પછી દીકરો લખાતા તેમ તેનામાં એકવડું લખતાં, પણ જયારે બન્ને ઠેકાણે એકજ ટાણે એકજ પદવીધર, તેમજ એકજ સત્તા અને નામે તેમાં એક સાચો અને એક બનાવટી ખાલી ખોખું, ખાલી એ પોતાના કુળની ચાલતી આવેલી પદ્ધતિમાં સ્વાર્થ ખાતર ફેરફાર કર્યો, તે દીકરા સાથે ઓળખાણને બાને બાપના નામ સાથે ચાલતા નિયમ વિરૂદ્ધ લખવું પડ્યું તે પણ દિકરાનું અધુરૂં નામ જેમકે "મહમદ બીન ઇસ્લામ શાહ" એજ એમની બનાવટ ને પ્રપંચ કહી આપે છે.

એટલેથી એ એ ટોળાવાળાને સંતોષ ન થવાથી, ખાલી ઘરને જેમ તેમ લોકો આગળ ભરેલું (સાચું) દેખાડવા માટે બીજા મુન્તે સર બિલાને પીર નુકામકનાર ન મલવાથી, તેમજ પીર શ્રી સુદરદીન, પીર શ્રી કબીરદીનથી ફરી જઈ શ્રી પીર શ્રી પીરસુદરદીન બાવાની અગમ વાણીને જૂઠી પાડવા,'

સ્વાર્થ માટેજ પીર ઈમામશાહ બાવાથી મુકરી ગયા. ને તાજદીન કાકાને તેમનાજ ગુજર્યા બાદ હાજરપીર ઠઠાડી દીધા ! પીરશ્રી સુદરદીનના જ્ઞાનો ખોટા પાડવા મથ્યા, જેમકે “ કોણુ આવ્યા ? કોણુ આવશે ? કોણુ આવણુ હારિયાં ? પીરસુદરદીન આવીયા. પીરકબીરદીન આવશે. પીર ઈમામશાહ આવણ હારિયાં.’ કોણુ ઘોડે ? કોણુ હાથીએ ? કોણુ તુરંગ તોખારિયાં ? પીર સુદરદીન ઘોડે, પીરકબીરદીન હાથીએ, પીર ઈમામશાહ તુરંગ તોખારિયાં.” આ સ્પષ્ટ આજ્ઞા, અને એ વિના બીજા અનેક એવીજ ભેદી ભવિષ્યવાણી પણ એ સ્વાર્થના પુતલાઓને ન રૂચી ! શ્રી નરમહંમદશાહ સાહેબનું નામ પીરાણામાં શાહોજીની પદ્દીએ લખાવા માંડયું” ત્યારથી ! ઈર્ષાની અગ્નિ બળી ભસ્મ થાતાં બુદ્ધિ ઘણુ ખોઈ ! ત્યાં સુધી કે સુવેલા પીર તાજદીનને જીવતા જાગતા હાજરપીર માનવા વળગી પડયા ! જ્યારે પોતાની ધાપબાજીમાં ખામી જણાઈ, કે તુરત. કાગળને રૂશનાઈનો એક જીવતો હાજર પીર ઉભો કર્યો ! ખોટાઓનું આવું પ્રપંચ; બુડતાનું પાણીમાં બાચકા ભરવા જેવું વલખા ! એ કાગલ ને રૂશનાઈ નો બનાવટી પીર કોણુ જાણે કઈ સાલમાં મરી ગયો ? ને બીજો પીર એને પેટે કયારે પેદા થયો ? એ કાંઈ ચોક્કસ એ લોકો સમજાવતા એ નથી ! પીર તો તે, પીરને પેટે કળા સહીતજ અવતરે !’ એ પીરનેજ શ્રી ઈમામ પણ પીર કરે, (શ્રી ઈમામ પણ એને હાથે કાંકણુ બંધાવે) ત્યાર પછી જગતના

એ સદ્‌ગોરજી કાર્ય આદરે. શ્રી ઈમામશાહબાવાને

શ્રીહરિ નુરમહંમદશાહે પીર કબુલેલાં ને તેઓશ્રીને હાથે પોતે કાંકણુ ભરાવ્યા ! ત્યાર પછીજ, પોતે ઈમામતની કળા પણ પોતાના પીરને (શ્રી સદ્દણોર ઈમામશાહને) સુપ્રુંદ કરેલી.

જ્યારે પીર શ્રીઈમામશાહબાવાને મંદિરિએ શ્રી નરનાથ શ્રીહરિ નરમહમંદશાહબાવા બાદશાહજાદી શ્રી બુઝુર્ગબેગમ સાહેબ સાથે લગ્ને બંધાયા, એ પછી એક આદરણીય ભક્ત નામે પોયાકાકા રબારીએ પોતાનું સર્વસ્વ શ્રીહરિને અર્પણ કરી પોતાની બે પુત્રીઓ (શ્રી ગોપ આત્માઓ) ને શ્રીહરિને ભેટ કરી, જેથી શ્રીજીએ તેઓ સાથે પણ પાણીગ્રહણ કરવું પડ્યું ! તેમાં એક માતાજીશ્રી પરમાબાઈ સાહેબને ઓદરે શ્રી સૈયદખાનબાવા ઘણી કળાકૌશળતાવાળા પવિત્ર પુત્ર જન્મ્યા, તેઓશ્રીના સમયે અનાદિના ધોરણે સત્પંથ સંઘમાં ભાગલા પડયા ને. સેદખાનબાવાની ખટપટે સંઘનો વિચ્છેદ કર્યો, તે સમયનો લાગ સાધી બીજા મુન્તેસર બિલ્લાના ટોળાવાળાઓએ આ સત્યવેણી જે શ્રી નર મહંમદશાહબાવાની સૃજિત' તેને એ પડેલ સત્પંથમાં વિચ્છેદના સબબે શ્રી સેદ-ખાનબાવાની બોલેલી પ્રગટ કરેલી.' પોતાનો વહેર વસુલ કરવા પ્રયત્ન આદર્યા ! તે વાત સેદખાનબાવાના સાથિઓને પણ સ્વાર્થને ખાતર રૂચતી હોવાથી એ લોકોએ પણ સહર્ષ અપનાવી લીધી.

ટુંકબુદ્ધિના પરિણામે પોતાનો આખો સાચો પ્લાન ઉંધો મરાએ છે. તેટલી પણ હિતશત્રુઓને ખબર ન પડી ! આ ધર્મશત્રુઓએ પોતાનો હિત સાધવાને, આ આખો બનાવ 'શ્રીનરહરિનું અત્રે પધારેલાનું' કલ્પિત ઠરાવવા આ ખોટી

ગોળો ઉઠાડયો ? તેથી આપણા પોતાનાજ પગમાં કુહાડી આવે છે ! એટલોએ વિચાર સ્વાર્થિયોએ ન કર્યો ! સત્પંથના સત્ય સિદ્ધાંતને પલટાવવા શત્રુઓ તો ગમે તેમ કહે ! પણ આપણે ધર્મ દ્રષ્ટિએ' પગ ભરાએ ! ફક્ત સ્વાર્થ દ્રષ્ટિએ આંખો બંધ કરી કુવામાં પડતું ન મૂકાયે ! શત્રુ તો કહે, પણ આપણે વિચારવું જોઈએ ! લોભીની બુદ્ધિ સ્વાર્થ સાધવામાં કુશળ હોવાથી "આંખસહિત પણ આંધળાં" શાસ્ત્ર કહે તે ખોટું નહિજ.

એમ બન્ને બાજુએથી સત્યવાત ઉપર પરદા નંખાયા. એક બાજુએ તો "સત્પંથના ખાસ 'શત્રુઓ' સત્ય સિદ્ધાંતને ઉડાવવા' સત્ય બનાવને બનાવટી ઠેરવવા' સત્યવેણી સેદખાનબાવાની બનાવેલી કહેવરાવવાનો પ્રચાર શરૂ કર્યો." ત્યારે બીજી બાજુએ સેદખાનબાવાના શિષ્ય મંડળે, શત્રુ-પક્ષનું જૂઠા ઉહાપોહને વળગી રહી, એ પણ શત્રુની હાંમાં હાં મેળવી રહ્યા, એમ ઉભયપક્ષથી સત્યવાત ઉપર કોહો-ડાઓના પ્રહાર થઈ રહ્યા, છતાં સત્ય તો સત્યજ છે. સત્યને કદીએ આંચ આવતી નથી. જૂઠજ સદા ચાર દહાડા ચમકી અંતે ભેંચ પડે છે.

આ મહાન તત્વજ્ઞાનના દાતા શ્રીહરિ નરમહંમદશાહે સાહેબ પોતેજ છે. આ સત્યવેણીના સર્જક તરીકે બીજાકોઈનું નામ લેવામાં આવતું હોય ! તો તેને મિથ્યા પ્રલાપ સમજી તે જૂઠું છે એમ માનવું.

"સત્ય વેણી" એટલે સત્યનાજ વચનો, સાચા વેણો, સત્ય સમજવાના વાકયો, સત્ય પામવાના કથનો, સત્યભેદનો મંત્ર' સત્ય એટલે પરમાત્મા.'

મો. સ. ૩

ધાર્મિક ગ્રંથોનું સાંકળિયું, અગરતો લિસ્ટ' રાખવાની અનાદિકાળના ધોરણે પ્રથા નથી, તેમ સત્પંથ સંપ્રદાયના કહેવાતા સર્વ ફાંટાઓમાં જોખમી સત્પંથના પુસ્તકોનું લીસ્ટ જાહેર કરી કોઈએ બાહેર પાડયું નથી, મે તે બાહેર પાડી શકાએ તેમ પણ નથી ? પણ શ્રી સદ્ગોરોઓ, અને એવાજ મહાપુરૂષોના પ્રવચનોની યાદ આજે જગબત્રીસીએ હોવાથી સત્ય જેમનું તેમ ટકી રહેવા પામ્યું છે, સત્યને આંચ હોતીજ નથી. આ "સત્ય વેણી" ગ્રંથ તો આદિ અનાદિના મુળ પુરૂષ નુરનુંજ સૃજન હોવાથી, તેમ તે વંશ પલટાના ભેદની એંધાણીનો મુખ્ય ગ્રંથ, જેના ઉપર આખાએ સત્પંથનો મદાર છે ? તેને ક્ષુલ્લકો સ્વાર્થ, કે વેહેરના લીટે તેઓનું આ આખા વહાણમાં એક છીદ્ર પાડવાનું કૃતવ્ય છે.

સત્યની વાંસે અનાદિકાળથી લાગી રહેલ શત્રુઓની પ્રથા છે ? કે કોઈ પણ હીસાબે કે જોખમે, આપણું ગમે તેમ થાઓ ? તેની પરવા નહિ ! પણ આ સત્યસૂર્યને આંખો પાડવોજ !

સત્પંથના શત્રુઓને ઉત્તેજિત કરવા એ તો સત્પંથી-ચોનું કાર્ય નથી, પણ સત્પંથના શત્રુઓની પ્રથા છે. 'જરા હિતશત્રુઓ સમજશે કે !' આપણે શું કરી રહ્યા છીએ ? સત્યમાર્ગે આવવા' જગતને સત્યમાર્ગે પ્રેરવા' આપજ સત્પંથી થાશો.

શ્રીહરિ સુખની વેદતાણી (સત્યવાણી) માટે જગતને ભરમમાં રાખવા જે પ્રલાપ ચારે બાજુથી ખોટો થતો હતો, તે માટે તો જે લખ્યું છે તે ઇસારા રૂપે છે, તે સજ્જનો સમજી જશે, મૂર્ખ માટે તો જેટલું લખીએ. તેટલું એ હિસાબ વિનાનો પ્રલાપ છે. "સત્યવેણી" એ એક એવું

અદ્વિત તત્વજ્ઞાન પ્રેરતો ગ્રંથ છે, કે તેનાં વખાણ કરવા એ તો સોના ઉપર સુગંધ ચડાવા જેવું છે, જેનો સૃજક શ્રીહરિ પોતે મનુષ્યરૂપે હોય ! તેના વખાણ દેવતાઓ પણ કેમ કરી શકે ? ત્યાં મારા જેવા પામર માણસની શી ગુંજાશ ?

આ પ્રસંગવસાત જે કાંઈ લખવા હિમ્મત કરી છે તે તો "સત્યવેણી"ના સૃજકના નામ ઉપર વગર સમજે નખાતા મૂર્ખાઈભિર્યાં ભેદભરમોના આવરણો જે ઈર્ષાળુઓના સ્વપાપોનું ઉઘાડના, મિથ્યા આવરણોને પ્રકાશમાં લાવવા મારી સમજ પ્રમાણે શ્રીહરિની દયાથી મહેનત કરી છે કે જેથી ખરી હકીકતથી અજાણ્યાઓ એકનું બીજું સમજી માની ન બેસે, ને સત્યવાત સહેલથી લક્ષમાં આવી જાએ, તે કારણેજ પ્રસ્તુત લેખ સહરહસ્ય જગત જનતા સમક્ષ મૂકી દીધો છે.

"સત્યવેણી" શાસ્ત્ર સૃજન કાળથી જેવી પ્રથાએ અવતરતું આવ્યું છે તેજ પ્રથા જાળવવા બનતા પ્રયત્નો સાચવવામાં આવ્યા છે, તેજ પ્રથાએ ભાષાદિ કોઈપણ સંકલનામાં જરાપણ હેર ફેર કરવામાં આવ્યો નથી.

ભુલચુક માટે તો મારા હસ્તદોષ માટે મને પોતાનેજ તકસીરવાર ઠરાવી શકાએ ! તે માટે ક્ષમા યાચવા મને હક છે. પણ મારી પાસે હાલ જે ગ્રંથ છે ને જે ઉપરથી આ ગ્રંથ પબ્લિકમાં મૂકાય છે, તે તો "૧૫૦" વરસનો લખેલ છે, તે ઉપરથીજ નકલ કરી છે. એ ગ્રંથમાં કાંઈ ભુલચુક હોય તો તે માટે મારે કાંઈ લેવાદેવા નથી, મારી સમજનો એમાં મેં જરાપણ સુધારા વધારાનો ઉપયોગ કર્યો નથી ! તેમ કરવાનું મારૂં ગજું પણ નથી, તેમ કરી શકાએ પણ નહિ આ જે છે તે ફક્ત મૂળ લેખકને આભારી છે. શ્રીહરિ તો હમ્મેશાં નિર્લેપજ હોય છે.

શ્રી નિષ્કલંકી દશમા અવતારનુ ભાવષ્ય.

શ્રી વ્યાસજીએ દ્વાપર યુગમાં 'ભવિષ્ય પુરાણમાં ઉત્તરખંડના કાન્ડ ૩. અધ્યાય ૫. મંત્ર ૨૨થી ૩૯ સુધીમાં" "નુહ અ૦" વાત એવી રીતે લખી છે કે એ મહાત્મા કલિયુગમાં થાશે. બ્રહ્માંડ સુધી એમનાં સમયમાં પાંણી ચડશે. તે એક વહાંણુ બનાવી જગતમાંની અગત્યની સર્વ વસ્તુઓનો સંગ્રહ વહાણુમાં લેઈ લેશે. તેમનાં દિકરાઓ પૈકીનાં કેટલાક એમની વાત નહિ માને, પણ બીજા દિકરાઓથી તેમનો જે વંશ ચાલશે તે વંશ મલેચ્છ ગુણી ધર્મી થાશે; એ મલેચ્છ ગુણીનાને આર્ય કહેલા છે, એ સર્વ વિષ્ણુ ભક્ત થાશે. (એજ વંશમાં શ્રી વિષ્ણુનો દશમો અવતાર થાશે.) આદિ ઘણા પ્રમાણો છે.


શ્રીમતી ભાગવત, અને શ્રી કલ્કી પુરાણાધારે મહાશય ચનબસવંસ્વર એ મહાશય મૈસુર પ્રાંતનાં વતની હતા. એમણે શ્રી નિષ્કલંકીનું જન્માક્ષર સ્પષ્ટ કુંડળી દોરી આ પ્રમાણે બતાવ્યું છે. પૃથ્વી પટે સાત દ્વીપનાં વિભાગ નામવાર બતાવી સ્પષ્ટ ખુલાસો આપ્યો છે. ૧. જંબુદ્વીપ, ૨. સેહસ્રદ્વીપ, (કૈશાદ્વીપ) ૩. કુમીદ્વીપ, ૪. ક્રૅન્ચદ્વીપ, ૫. સાલ્મલદ્વીપ, ૬. કુશદ્વીપ, ૭ પુશકરદ્વીપ,

૫. માં સાલ્મલદ્વીપે, સંભલનગરે શ્રી ભગવાનનો જન્મ સ્થળ છે એટલે સાલ્મલદ્વીપ એજ અરબસ્તાનની ભૂમી. સંભલનગર એજ મક્કેશ્વર (મક્કા) એ સાલ્મલદ્વીપની પશ્ચિમે શોણિત સમુદ્ર તેની પશ્ચિમ કાંઠે શોણિતપુર જ્યાં

Birth Date of Nishkalanki Narayan: 07-Apr-0597

બાણાસુરની રાજધાની હતી. એ એરેબીયા, ને તેની પશ્ચિમે શોણિતપુર તે આફ્રિકાના મિસર મુલકની રાજધાનીનું શહેર ત્યાં ઓખા શ્રી પ્રદ્યુમનને લઈ ગઈ હતી તેનો વંશ ત્યાંજ રહ્યો હતો.

શ્રીજીનો જન્મ સાતમાં સંવતમાં એટલે સંવત ૬૫૪ વૈશાખ સુદી ૧૫ સોમવાર દિવસનાં પ્રથમ ચરણમાં ઈશ્વરનાજ મંદિરમાં (કાબામાં) જન્મ્યા ને તે શ્રી સવાપહોર દહાડો ચઢતાં મંદિર બાહેર પધાર્યાં.



શ્રી સદ્ગોરજીએ એજ પુરુષ ઓળખાવરાવ્યો છે. શુદ્ધ અહાર વ્યવહારે જેના ભાગ્ય પુરણ હોય તેનેજ એ શ્રી નારાયણની ખરી ખોળે ઓળખાણ થાયે ને શરણે રહેવા મન થાંએ. પહેલાં શ્રી પ્રભુના નવ અવતારો આવ્યા, લાખો

ઋષિયો મુનિયો મથી મુવા, હજારો મહાપુરૂષ જગતને એ બોધ આપતા સુધી, ફાંસી, ઝાટકાદિ ગંભીર શંકટો સહ્યા, જેના ભાગ્ય ભૂંસાએલા હતા તેને જરાએ ગતાગમ ન થઈ. પ્રભુ પ્રત્યક્ષ હોવા છતાં તેઓશ્રીની શત્રુવટથી જરાએ પાછા ન પાડતાં બમણો દ્વેષકર્યા કર્યો, ને એઓશ્રીના દ્વેષે સ્વ નાશ ઓરી લીધો.

વર્તમાન સમયે શ્રીજીની આજ્ઞા છે કે "બારમી સદી પછીના દહાડા દનથી દોહેલા, તેને કાજે અમે જામા છુપાવ્યા" એ આજ્ઞા પ્રમાણે પ્રચલિત ભયંકર સમયે પ્રભુ ધારી ગુપ્ત રહ્યા હોય! ને તે સ્થાને રાક્ષસો આવી પ્રભુનો ખોટો ડોળ લેઈ બેઠા હોય ! તો પછી એવા રાક્ષસી પુરુષોથી શ્રીજીની શોધખોળ કયાંથી પામે ? મનુષ્ય માત્ર અહાર વિહારે રાક્ષસ ગુણી હોવાથી પ્રભુ પ્રેમ કે પવિત્ર બુદ્ધિ કયાંથી આવે ?

"દ્વાપર યુગમાં કબીરો દહીંત પાંડવોના વનવાશ સમયે મુનિનો વેષ કરી સાધુનું રૂપ બનાવી આવેલો, તેની સ્વાગત ધરમ રાજાએ કરી સેવા કરવા લાગ્યા. થોડીવારે ભીમ વનફળ લેઈ આવ્યા ત્યારે રાજા ધરમે તે વેષધારીની સેવા કરવાનું ભીમને સોંપી પોતે રસોઈ લેવા બેઠા. કબીરાને જમવા ઘણો આગ્રહ કર્યો :પણ એકે વાતે માન્યું નહિ, કેમ કે તેણે મુનિપણાનો ઢોંગ કરેલો, તે પોતાનો એબ સંતાડવા ! તે ખાય અગર બોલે તો તુર્ત રાક્ષસપણુ તેનું પખાઈ જાય તેમ હતું. જ્યારે ભીમ સેવા કરવા બેઠા ત્યારે ભીમ તેની પગચંપી કરવા લાગ્યા ત્યારે ભીમને દહીંતનું શરીર તપેસરકી

જેવું ન લાગ્યું ને કઠોર દેખાયું; જેથી ભીમ એને યોદ્ધો સમજી કપટ છે તેમ જાણી પરિક્ષાએ બળ દઈ ચાંપવા લાગ્યા, ત્યારે રાક્ષસ પણ શરિર પોતાનું યુદ્ધ કલાએ ફુલાવવા લાગ્યો, ત્યારે ભીમે જાણી લીધું કે નક્કી કપટ છે ! તેમ વિચારી વિશેષ બળે ચાંપવા લાગ્યાં. ભીમનું બળ ન સહેવાયાથી રાક્ષસથી રાઢ મોંહમાંથી નીકળી પડી કે તુર્ત તેનાં સ્વભાવી ગુણ પ્રમાણે ધુમાડો, અગ્નિ ને દુર્ગંધ મોંહમાંથી નીકળી પડો, કપટ પ્રગટ થાતાં ભીમ તેને મારવા મંડી પડયો, જગતમાં ગણુની પૂજા છે. ને પ્રપંચને માર છે.

કલિકાલમાં એવા રાક્ષસો ઘણા મોજુદ છે. જેના મોંમાંથી અગ્ની, ધુમાડો, દુર્ગંધ દેખાય તેજ રાક્ષસ જાણી તેથી બિહતા ને વેગળા રહેવું એજ ધર્મનું રક્ષણ છે. તમાકુનું સેવનજ એવા રાક્ષસ ગુણી મનુષ્યને કરી તેની બુદ્ધિનું સાત્વિક પણ નસાડી દઈ રાક્ષસપણુ ઓરાવે છે. તેને શુબુદ્ધિ ઢુંકડે નાં આવવાથી શ્રીહરિની શત્રુવટમાં લાગ્યા રહે છે. આજ ઘણા જનો એવા છે. ગુણની પુજા છે, નાત, જાત, કે પક્ષીનું કાંઈ હિસાબ નથી. પદ્મ પુરાણાદિ અને સત્પંથ શાસ્ત્રો સ્પષ્ટ આજ્ઞા કરી ગયેલ છે. શુદ્ધ ન્યાયે અંધ શ્રદ્ધા તજી નાત-જાતનાં ભેદ કે પક્ષી ઉપર મોહ ન રાખતાં શ્રીજીની આજ્ઞા પ્રમાણે વર્તવું એજ ધર્મ છે ! તેનેજ પ્રભુની ખોળ ને ભાળ મલે છે.

શ્રી પ્રભુ સદ્ગોર ઈમામશાહ બાવામાં શ્રી નર નીકળી આવી તેજ વંશે હરિની કળા રહી. તે ૩૨,માં શ્રી ગોર નરરૂપે, શ્રી ઈમામશાહ. ૩૩, શ્રીનરનાથ નરઅલી મહ-

અહશાહ. ૩૪,માં શ્રી શહાબોદીન. ૩૫, શ્રીશાહોસુર્તુજા. ૩૬, શ્રી શાહોજી અશરફશાહ બાવા. જેમનો રોજો ધોળકામાં છે. એ શ્રીઅશરફશાહ બાવાની પરિક્ષા હરિ કળાપણાની દિલ્હીનાં બાદશાહે લેઈ તેઓશ્રીને પ્રમાણ પત્ર આપ્યો. તેઓના વંશને ઘણા પ્રમાણ પત્રો બાદશાહી રાજ્ય તરફથી મળેલા છે, તે પૈકીનાં આ શાથે પ્રગટમાં મૂકયા છે.તે આધારે સત્યપંથિયો શ્રીહરિની કળા ઓળખી શ્રીહરિની શરણે આવી મોક્ષ પ્રાપ્ત કરશે.

ઔરંગઝેબ બાદશાહનું શ્રી શાહોજી છત્રીસમા ઈમામ, શ્રી અશરફશાહ બાવાજીનું આપેલું

પ્રમાણ પત્ર

આં ૧૫૨ સુ. ૧૬૮ સને ૧૯૩૧ ૯૮

આ નકલ લેવા અરજદાર સૈયદ બાવા સાહેબ અહમદઅલીએ અરજી આપી તા. ૪ થી જાન્યુઆરી સને ૧૯૦૪. નકલ આપી તૈયાર કરિ તા. ૧૨ મી જાન્યુઆરી સને ૧૯૦૪, નકલ આપી તા. ૧૩ મી માહે જાન્યુઆરી સં. ૧૯૦૪.

ઈ. સહી.

દફતદાર

આંક ૪૧૫

ઈ. સહી

ન્યાયાધીશ

નંબર ૧૩૨ સને ૧૮૭૪ સાબિત કરવું.

નકલ

આંક ૩


દા. તા. ૧૩–૨–૧૮૭૨.

વાદીએ અરજી સાથે ફારસી ખત આ તરજુમા સાથે રજુ કરેલું તે આ તરજુમો છે.
તાાં ૧૫ ઓગસ્ટ સને ૧૮૭૭.

ઈ. સહી
કલાર્ક

ખુદા સાહેબના નામથી કે તે બક્ષનાર તથા પાલનાર છે. અબુજફર મોહીયુદ્દીન મોહંમદ ઔરંગજેબ આમલગીર બાદશાહનું ફર્માન.

ચાર્ફ્ત્તાહ. ચાબાસે.



ચાદાફે. ચાનાફે.

જ્યારે મોટી પાક અરજમાં પહોંચ્યું કેઃ—

અમદાવાદ સરકાર અને સુબા મજકુરના અમલદારની સણંદ પ્રમાણે પીસ્તાલીસ વીઘાં જમીન માપે કે ગજે ઈલાહી તરીકે ચોતરીસ વીઘાં અંને સાડીસત્તર વસા થાય છે. હવેલીએ અમદાવાદના પરગણામાં મકબરાના ખરચની વજેમાં મુકરર હતી અને આજ પર્યંત જમીન મજકુરના ભોગવટાથી.

નીકળી ગયેલી અને સૈયદ ઈમામુદ્દીનના પૌત્રા સૈયદ મોહંમદ અસરફ અરજ રાખે છે કે જમીન મજકુર સૈયદ મોસુફના રોજા ખરચને વાસ્તે ઈનાયત થાય. માટે જહાનના સાહેબના માન્ય કરવા જોગ હુકમ જાહેર થયો, કે જમીન મજકુર કદીમ મહેલેથી રોજા મજકુરના ખરચને વાસ્તે ફસલે ખરીફ બીલા-નઈલીની અડધીઆન થી. સૈયદ મોહમદ અસરફ મજકુરના ગુજરાનની મદદના વજેમાં પેટામાંની ખાહીસે મુકરર થઈ કે તેની ઉપજ જે બફસલે ફસલ અને વરસો વરસ પોતાનું ગુજરાન ખર્ચ કરી હંમેશાં બાકી રહેવાની દોલતની દુવામાં મશગુલ રહેવાનું કરતા રહેવા જોઈજો કે હાલમાંના અને આવનારા હાકેમો તથા અમલદારો અને જાગીરદારો તથા કરોડીઓએ આ મહોર, આ હુકમને જારી જાણી જમીન મજકુરને તેમના વહીવટમાં છોડવી. અસલ અને તમામ રીતે તેને ફેરવવા અને બદલવાનો રસ્તો આપવો નહિ તથા વજે-માલના તથા ખરચના કારણથી જેવું કે ગોરસી તથા નજરાણુ તથા માપણીનું તથા જાબતાનું તથા મોસલીનું તથા મોહોર કર્યાનું તથા દારોગાઈનું તથા બેગારનું તથા સીક્કા કરાઈનું તથા દશે અડધો ટકો તથા પટેલાઇનું તથા સેંકડે બે ટકા કાનુન ગોઈનું અને હરસાલની વધતીનું તથા ખેડની તકરાર તથા સરવે દિવાની હરકતો તથા બાદશાહીની માંગણાની હરકત પહોંચાડવી નહિ. અને આ બાબતમાં હર વરસનો નવો હુકમ અને સનંદ માગવી નહિ અને *કોઈ બીજે ઠેકાણે કોઈ વસ્તુ રાખી હોય તેનો ભરૂસો કરવો નહિ.

તારીખ ઓગણીસમી માહે જીલહજ સને આઠ, જુલુસેએ વાલાએ લખાણુ થયું.

આંક ૫. ની. ફ. ક.

દા. તા ૨૪ જાન્યુઆરિ ૧૮૬૭

પ્રા. શામજીકાકાના વકીલે રજુ કર્યું.

નંબર ૮૯૫, ૧૮૬૬. મુ. મંછારામ

—※—

સત્પંથના સંચાલક મુખ્ય પુરૂષ સૈયદ અબ્બાસીમીયાં સૈયદ મહંમદ અશરફના પુત્રને

બાદશાહે આપેલ પ્રમાણપત્ર

—※—

સૈયદ ઇમામોદીન (તેમની કબર પવિત્ર રહો.)

રસુલિલ્લાહની
શરીઅતના સેવક
મુફતી ગુલામરસુલ
૧૧૬૧ હીજરી


* કોઇ બીજે ઠેકાણે એ પૈકીની કોઈ વસ્તુ રાખી હોય તેનો ભરૂસો કરવો નહી. એટલે આ જમીન સરકાર, અગર જેને આપવામાં આવી છે તે વિના કોઇ બીજે ઠેકાણે રાખી હોય એટલે ગીરો, બક્ષિશ, વેચાણ હોય તો તે ખોટી છે. એટલે એતો સરકારમાં, કે જેને આપી છે તેને ત્યાંજ હોવી જોઇએ બીજે નહિ,

અસલ મુજબ તરજુમો.

મહુંમ જવાં મર્દખાન બાબીની મહોરવાળો પરવાનો આ જાહેરાતથી જાગીરદારો, હવેલી સરકાર અને અમદાવાદના સુબા સાહેબના તમામ માણસોના જાણવામાં આવે કે જ્યારે ખુદાનો મેળાપ જેમણે પ્રાપ્ત કર્યો હોય એવાઓમાં શ્રેષ્ઠ પુરૂષ (હ. સૈયદ ઈમામોદ્દીન તેમની કબર પવિત્ર રહો) ના રોજાની ગાદી ઉપર બેસવાનો હક્ક અને રોજાના વહીવટ કરવાનું કામ સૈયદ અબ્બાસી વલદે સૈયદ મહંમદ અશરફને મુખ્ય અમલદારની મહોર સાથે જુના રિવાજ મુજબ સોંપવામાં આવ્યું છે. ત્યારે મજકુર ખીદમતના દસ્તુર મુજબ ઉપર કહેલા સૈયદ સાહેબને તે જગ્યા ઉપર કાયમ રાખીને તેમને સજ્જદા નશીન (ગાદી ઉપર બેસનાર) ગણીને તેને બધા લવાજમ અને હક્કો તેમના ભોગવટા માટે સોંપી દેવામાં આવે છે. અને તેમની યોગ્ય સલાહ અને શબ્દો વિરૂદ્ધ જવું ન જોઈએ. હાલમાં જ તાકીદ સમજીને લખ્યા મુજબ અમલ કરવો. તા. ૧૯ માહે જમાદિઉલ અવ્વલ સને ૧૧૬૧ હીજરી.

06-May-1748

સત્પંથના સંચાલક એટલે મુખ્ય (પુરૂષ) શ્રી પીર સૈયદ બડામીયાં સાહેબે ગૃહ (સંસ્થા) વ્યવસ્થા માટે લાગતી વળગતી આલમને જાહેર કરી મત મેળવી કરાવેલો દસ્તાવેજ એટલે (મેજર.) પીર હજરત. સૈયદ ઈમામુદ્દીન



તરજુમો :—

ઉંચા દરજ્જાવાળા વજીર અલી મોહમંદખાન બહાદુર દિવાને બાદશાહી અને શેખ ગુલામ રસુલ સુફ્તી અને શહેરના શાહી માહેલા સૈયદો અને મહાન શેખોની મહોરોવાળો તારીખ ૫ (પાંચ) રબીઉસસાની. એક હજાર બસો પાંચ હીજરીનો લખેલો સવાલ પત્ર. એ વિશેનો કે ઉત્તમ પીર (ઉપર લખેલ હ૦ સૈયદ ઈમામુદ્દીન) ના ફરજંદોમાંનો એક સૈયદ બડા મીયાં બીન સૈયદ અબ્બાસ બીન, સૈયદ અશરફ જલાલશાહી સૈયદ અમદાવાદ શહેરના મહાન સૈયદો, મહાન શેખો અને મહાન પુરૂષોને સવાલ કરે છે અને એ વિષે શાખ માગે છે કે પીર સૈયદ ઈમામુદ્દીન એમના મહાન પિતાં સૈયદ કબીરૂદ્દીન ઈરાકથી હિંદુસ્તાનમાં આવ્યા તે પીર હતા અને ચમત્કારી કામ (miracles) કરતા એ મહાન પીર સાહેબનો રોજો મજકુર શહેરની પંજ કરોડી (દશક્રોઇ)

ઉપર ગરમતા ગામમાં છે. એમના ઘણુંખરૂ ફરજંદો ત્યાં રહે છે. એમનામાંનો દરેક જે કાકો, મજકુર દરગાહનો મુતવલ્લી (Superintendent) અને મુતકફ્ફિલ (Abo-stman) હોય છે. તેની મારફતે. દરરોજે, દર મહિને, અને દર વરસે મળતી રકમ મેળવે છે. અને તેમની ખાસ ભાષામાં 'કાકા' એવા શખ્સને કહે છે કે:—જેને આવક અને ખર્ચમાં કોઈ ભાગીઓ, શરીર કે દખલ કરનાર હોય નહી. અને સઘળા ફરજંદો અને મુરીદોને તાબે હોય, અને આવનાર અને જનાર હિંદુ હોય કે મુસલમાન હોય તેને માટે ખોરાક અને પરમેશ્વરની રાહે લંગર જારી રાખે જમીન તેના

એટલે એ દુશ્મન હોય કે દોસ્ત

હોય (નોતરવામાં આવવો જોઈએ), મજકુર પીર સાહેબનો ઉરસ તા. ૨૫ માટે મુબારક રમજાનને દિવસે મુકરર છે. પણ લોકો રોજા અને ઈદના દિવસોને લીધે ત્યાં આવી શકતા નથી, તેથી માહે સવ્વાલ મહિનાની છઠ્ઠી તારીખે ઉરસ ક્રિયા કરવામાં આવે છે. લેખ જોતા સુધી લગભગ ચારસો વરસ વીતી ગયા છે. અને મજકુર સૈયદ સાહેબની દરગાહની તોલીઅત (Superintendency) તેમના ફરજંદો સિવાય જે પેઢી દર પેઢી થાય છે. આજ સુધી કોઈ બીજાને મળતી નથી. દરેક મહાન પુરૂષોને એ હકીકતનું જ્ઞાન અને ખબર હોય તેમણે આ કાગળ ઉપર પોતાની મહોર અને સાખ કરવી. લખ્યું તા. મજકુર માહે સદર અને મજકુર માર્જીનમાં મહોરો અને શાખની સહીઓ (સીકા) છે.

તરજુમો કરનાર જી, ડી. શેખ. ની ઈંગ્રેજીમાં સહી.

પર્શીયન ટીચર

ન. ક. આગાયુસુફ વા આગાનુરૂલ્લાહ

મુ. ક, અંગ્રેજીમાં સહી — ખરી નકલ

ન્યાયાધીશની અંગ્રેજીમાં સહી.

ન્યાયાધીશ
કોર્ટ સંસ્થાન
ખંભાત

ન્યાયાધીશ.

રજુ તા. ૧૫-૧૨-૧૯૩૧

તૈયાર તા. ૨૭-૧૨-૧૯૩૧

સત્પંથના સેવકે (કાકાએ) સંસ્થાની ગેરવ્યવસ્થા કરેલી, જેથી તેને વંશજનો સેવકોએ દૂર કરેલો તેની

ફારકતી.

(રાજ્યના સત્તાધારીઓની રૂબરૂ)

C ની. ૨૬૮ / ૩

અલ્લાહના
રસુલનાશરીઅતના
સેવકકાજી મુસ્તફીદ ખાન

સ્વર્ગસ્થ સૈયદ ઈમામુદ્દીન સાહેબના પવિત્ર રોજાના સેવક (કાકા) નામે અબ્દુલરહેમાન બીન શાહમહંમદ આ પ્રમાણે શરીઅતના કાયદા મુજબ કરાર કરું છું કે હું કરાર કરનાર પોતે મજકુર રોજાના રહેઠાણ ઉપર આવીને જાહેર કરું છું કે, રોજા સંબંધી સર્વ કાર્યમાં હું દખલ ન કરૂં, અને પુત્રો તેના લાગતા વળગતા અને ત્યાંના નોકરોને તકલીફ પહોંચાડું નહિ. અને દાવો કરૂં નહિ. અને તકલીફ

પહોંચાડું તો તે રદ બાતલ છે, અને હું ગુનેહાર બનુ, અને દોષપાત્ર ગણાઉં. તા. ૨૩ રબીઉલ અવ્વલ સને ૧૧૫૧ હીજરી.

ચહેરો—મજકુર કરાર કરનાર ગૌરવર્ણો પહોળા કપાળ-વાળો અને પહોળા ભવાવાળો છે. દાઢી અને મુંછ કાળી અને કેટલાક વાળ ધોળા અને માથાની જમણી બાજુએ થોડાક વાળ છે, અને કાનમાં સુરાખ છે.

સત્પંથની સંસ્થામાં પુજારિયો એટલે મુજાવરો ઘણે ભાગે પાટીદારોજ હોય છે.

સત્પંથના અધિસ્ટાતા શ્રી ગોર ને શ્રી નર પ્રત્યક્ષ કળા સહિત હોય ત્યારે તેઓજ (૧૬) કળાવાળા અગર ૧૨ કળાવાળાઓ તેજ માલીકને સર્વ સત્તાધારી હોવાથી પુજારિયો સેવકો તરિકે તેઓને આધિનજ કામ કરતા હોય છે.

શ્રી સદગોર ઈમામશાહ બાવાનાં પવિત્ર પુત્ર શ્રી નરઅલી મહંમદશાહ બાવાનું લગ્ન અમદાવાદના સુલતાન મહંમદ બેગડાની પવિત્ર પુત્રી (શ્રી આદ્યશક્તિ સાથે) થયેલ હોવાથી બાદશાહને શ્રી સદ્‌ગોરજીનું ઘર એકજ ઘર તરીકે ચાલતું, ઘણું ખરૂં ચલણ બાદશાહીજ શ્રીજીનાં ઘરમાં રહે. શ્રી સત્પંથમાં કોમીવાદની ગંધ સરખી ન હોય, ને બાદશાહનું આખું એ પુર કોમીવાદમાં તણાતું હોય, જેથી શ્રી સદ્‌ગોરજીની કાર્યવાહી બાદશાહની સાથે ભેળાયલી હોવાથી રાજ્યબળ અધિક આગળ પડતું ભાગ ભજતું હોય, જેથી ઘણો ખરો ભાગ નોકરો, ચાકરો સર્વ શાહી રિવાજ ઉપર દોરાતા રહ્યા હોય; અને સત્પંથનાં નિયમે કોમીવાદની

પરવા ન હોવાથી ગમે તેમ બાદશાહને ત્યાં કોમીવાદને લેઈ ઓચરાતા વાકયોની સત્પંથિયોને સુગે ન હોય, જેથી બાદશાહી લાગણીના પૂરે કોમીવાદ તરવરતુંજ હોય! ને તેમાંજ શાહી નોકરો આનંદ માનતા હોય! તેમાં સત્પંથીઓને હરષ કે શોક કાંઈએ ન હોય, જેથી સદ્દગોરજીના સેવકો સર્વ ભલે પાટીદારો હોય! તેઓની જ્ઞાતિને ભળતાં નામોથી સંબોધતા હોય, પણ શાહી દરબારમાં પોતાને શાહી શ્યલીએજ તેઓને સંબોધી બોલાવવામાં આવતા હતા, જેથી શાહિ દફતરેતેજ ભાષામાં નામો કોમીવાદમાં લખતાં રહ્યા. જેમ આજ કેટલાક અજ્ઞ જનો એ જુના નામો શાહિ વખતના સાંભળી એ હોશે વ્યક્તિ મુસલમાન હોવાનો અનુમાન કરે છે. તે મિથ્યા છે. તેમનો ઘણો ખરો ભાગ સર્વ પાટીદારોનો જ હતો. બાદશાહી બળ જ્યાં સુધી પૂર્ણપણે રાજ્યબળે ચાલ્યું, ત્યાં સુધી શ્રી સદ્દગોરનાં મુખ્ય પુજારિયોનાં ડબલ નામો લખાયાજ કર્યાં શાહિ દરબારમાં શાહિ પદ્ધતિએ ને સત્પંથ દરબારમાં સત્પંથની પદ્ધતિએ અસલ નામ જે ભાષામાં હોય તેમાં જ લખાતા રહ્યા. તે શાહિ દફતરે મુસલમાની ભાષામાંજ લખાતાજ રહ્યા.

જ્યારે પેશ્વાઈ રાજય જામ્યું ત્યાર પછી બાદશાહી પધતી બંધ થઈ, ને એકજ પધત્તિએ મુળ નામ તેમની મુળ ભાષામાંજ લખાએલા રહ્યા. ત્યારસુધી શ્રીજીના દરબારમાં નિત્ય સેવકો (શિષ્યો) જે હાજર રેહતા હરતા. ફરતાં, હોય, તેઓને પણ બાદશાહી રિવાજ પ્રમાણે સેવક કે શિષ્યના

બદલામાં બાદશાહી સરદારો મોમિન ના નામે સંબોધી બોલાવવાની પધતી પડી ગઈ હતી. સત્પંથીયોને કોમીવાદની સુગ ન હોવાથી તે કોમીવાદી સજ્ઞાની ચીડ ન રાખતાં ન–ભાવે ગયા, તે આજ સુધિ પીરાણા ગામમાં રેહતા શિષ્ય-મંડળ જે જ્ઞાતે પાટીદાર છે છતાં મોમિન સંજ્ઞાએ બોલા-વવાની પ્રથા પડી રહી છે. હાલ જ્યારે સમાજિસ્ટોએ કોમી-વાદની ઉહાપોહ ઉપાડી, હિન્દુ મુસલમાનની ધાંધલ ઉપાડી, જગતમાં બખેડો ઉભો કર્યો ! ત્યાર પછી જ સત્પંથી શિષ્ય-મંડળમાં સમાજિસ્ટોની ચળવળે પગપેસારો કરી શાન્તિનો નાશ કર્યો છે.

આજ સુધી શ્રી સદ્દગોરજીના મુખ્ય પુજારિઓ એટલે મુખ્ય મુજાવરો (કાર્યવાહકો) ની સંખ્યા (૨૦) વીસ જેટલી છે તેમાં ૫–૬ નામ બે ભાષામાં વપરાએલા છે. બીજા સત્પંથ દરબારમાં વપરાતી, તે ગુજરાતી મુળ ભાષામાં જેમના તેમ છે, બીજા બાદશાહી દરબારમાં કોમીવાદી પધતિએ બાદશાહી ભાષામાં લખાતા રહ્યા, તે આ પ્રમાણે છે.

Islamic Names of Kakas

પ્રથમ કાકા નાયા.

મુખ્ય કાર્યવાહક કાકાઓમાં કે જેમની નામાવળી મેવડાઈ છે. તે.

મુલનામ.	બાદશાહી દફતરે બદલેલું નામ.
અનુક્રમ નંબર	
૧ શાણા કાકા	૦
૨ સામજી કાકા	શેરમદ કાકા
૩ કૃષ્ણ કાકા	કરીમ મહંમદ કાકા.
૪ સોમજી કાકા	શાહ મહંમદ કાકા
૫ રૈયા કાકા	૦
૬ રામજી કાકા	રાજે મહંમદ કાકા
૭ નથુ કાકા	નુર મહંમદ કાકા
૮ ભુલા કાકા	૦
૯ પ્રાગજી કાકા	૦
૧૦ નથુ કાકા	૦
૧૧ દીપા કાકા	અબ્દુર્રહીમ કાકા
૧૨ મનજી કાકા	૦
૧૩ નથુ કાકા	૦
૧૪ નાગજી કાકા	૦
૧૫ સામજી કાકા	૦
૧૬ પેથા કાકા	૦
૧૭ નથુ કાકા	૦
૧૮ કરમસિંહ કાકા	૦
૧૯ લક્ષમણ કાકા	૦

૨૦ રામજી કાકાએ હાલ હયાત છે તેઓ ધર્મ દ્રષ્ટિએ નિર્બલ નીકલવાથી ધર્મમાં મહાન વિક્ષેપ પડી જઈ સેવકોમાં તફરકો પડી ગયો છે.

સત્પંથની સમજ

સત્પંથનું સ્વરૂપ,

(૧) ટેક, (૨) પ્રતિજ્ઞા, (૩) નિયમ.

(૧) ટેક એટલે–

(૧) સત્ય, (૨) પુરૂષાર્થ, (૩) પ્રેમ, (૪) સમાનભાવ, (૫) ક્ષમા.

(૨) પ્રતિજ્ઞા એટલે–

(૧) સત્પંથના સર્વ નિયમોનું સેવન, (૨) બાળકોને સત્પંથી કેળવણી અપાવવી, (૩) અંધ શ્રદ્ધાનો ત્યાગ.

(૩) નિયમ એટલે–

(૧) શરીર શુદ્ધિ, (૨) હૃદય શુદ્ધિ, (૩) વ્રત, (૪) ઉપાસના, (૫) ધ્યેય.

(૧) શરીર શુદ્ધિ અર્થે, લાઇ સુતકાદિ, તે રજસ્વાલાથી તે મરણ પર્યંતના સ્નાનાદિ પ્રયોગો શ્રી ઇમામગોરની આજ્ઞા અનુકુળ ઉતરાવવા તથા પાળવા.

(૨) હૃદય શુદ્ધિ અર્થે, માદક પદાર્થો (લશણ, ડુંગળી, હીંગ, તમાકુ, અફીણ, ગાંજો, ભાંગ, તાડી, ચરસ, માંસ, મદીરા, વ્યાજ, ગળી આદિ) નો ત્યાગ, શ્રી ઇમામગોરની આજ્ઞા અનુકુળ.

(૩) વ્રત અર્થે, શુક્રવારી બીજ અને દશાંશ, શ્રી ઇમામગોરની આજ્ઞા પ્રમાણે પાળવી ને દેવી.

(૪) ઉપાસના અર્થે, સંધ્યા (ચાર વખતની), પૂજા (ઘટ પાટાદિની ક્રિયા) શ્રી ઇમામગોરના વચનાનુકુળ કરવી.

(૫) ધ્યેય અર્થે, આજ પ્રચલિત સમયનાં ધ્યેય પુરૂષ શ્રી નિષ્કલંકી નારાયણ તેજ પરમ નિરંજના નુર (રૂપ) સમજી પુરી રીતે શ્રી ઇમામગોરની વાણી અનુકુળ માનવું.

નાદેઅલી.

(એ મહંમદ!) બોલાવ અલીને!
જે સર્વ સ્થાને નિત્ય નવિનતા
(આશ્ચર્યતા)પ્રગટાવનાર છે. મેળવીશ
તું તેને મદદગાર પોતાનાં સારૂ સંક-
ટોમાં અને સર્વ આપત્તીઓમાં, એ
દુ:ખો ઓગળાવી વહેવરાવી દેશે.

સંપુર્ણ.

શ્રીઆદ્યનારાયણ'નિષ્કલંકી

નરઅલી મહંમદશાહની

ભાંખેલી.

"સત્ય વેણી."

પેહેલા સૃજનહાર વખાણો,
ઉસ્કો જપતાં શંકે ન આણો. ॥૧॥
ઈસથી રેહશો 'તો' સર દુજા ફેરા,
સો તુમ જાણો બહોત ખોતેરા. ॥૨॥
દેખો સત્ય નબીકા સાચા,
જયસી કરણી ત્યસી વાચા. ॥૩॥

જીભું આંખો સૂજન ભાવા,
સાચા થાશો' તો કેડે ધાવા. ॥૪॥

યુગ સારા જિન્ને જૂઠા કરી જાના,
સો અપ્ને સૂજન સાથ સીધાના. ॥૫॥

ફિલહાલ મલ્લા ફિલ્હાલ કુલ્લા,
હરિ બિના અવર કહેશો ભૂલા. ॥૬॥

તુંહી સાચા સાંઇ હો.

સાચે થે સે સાચ શું,
ખેલ ગયે સ્યદાન;
કૂડા શાહ ન પામિયા,
ફોગટ ફીરા નાદાન. ॥૭॥

સત્યકી બાટ'જ વિરલે જાણી,
ગએસો અપને મારગે આણી. ॥૧॥

અવર બંદા ઈતૂ સબ દાવે લાગે,
ગફ્લત હોકર ચોંક ન જાગે, ॥૨॥

નવસો બરસ તબ ભએ રસુલા,
સાચા મારગ ગુરુ વિના ભૂલા. ॥૩॥


મોં એ દીન દિલમાં ખોટી,
રસુલ ચલે સો બાંટા છોડી. ॥૪॥

સાચા પાંખે તો બાટ ન પાઈએ,
જિસ્થી શાહ કેડે ધાઈએ. ॥૫॥

૧ અત્રે શ્રી નરમહમદશાહ, શ્રી સદ્દગુરૂની અગત્ય જણાવે છે, શ્રી સદ્દગોરથી વિમુખ થનારાઓ શ્રી શાહોજીને ભૂલી જઈ ખાલી થએલ ઘરે (શ્રી શાહની કળા વિનાના ખાલી ખોખે) માયા મોહે વળગી રહ્યા. શ્રી શાહોજી અત્રે પધારી ગયા છે, છતાં શ્રી શાહના ચરણુ કમળની સેવા ભુલી જઈ બનાવટી શાહને વળગી ધતિંગ ચલાવ્યું છે.

તુંહીં સાચા સાંઇ હો.

સાચ્ચી બાટ રસુલકી,
સાચા ચેહી સેર;
જે કો ચલિયા સત્ય વિના,
સો પડીયા મોટે ફેર. ॥૨॥



સૈયદ મહંમદ યુગમાં આયા,
તિસ્થી ચાંદરણા મારગ પાયા. ॥૧॥
બાટસો મુશ્કિલ થોડે પાઈ,
રીત રસમ મનમાંથી ઉઠાઈ. ॥૨॥
પંથી કોએ ખોટે ના હોવે,
ચાંદરણા મારગ સબ કોઈ જોવે. ॥૩॥
તિસે અજવાલા આખર કીતા,
જેજે પ્રેમે માંએ સો લીતા. ॥૪॥
સત્ય વેણી તિસ્કા ધરિયા નામા,
સગલે પાઈએ પ્રેમજ ઠામા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સત્ય કે મુર્શિદ આપણે,
કિતે કીએ સો બોલ;
બાટસો સગલી સત્યકી.
આન દિખાઈ ખોલ. ॥૩॥

દીનુ ચલણા ખાંડા ધાર,
સાચા પાખે કેમ પામીએ પાર ? ॥૧॥

બાટ સે। મુશ્કિલ થોડે પાઈ,
જે 'કો' બેઠા આપ ગમાઈ. ॥૨॥

અવર બંદા ઈત્ માંએ વગુતા,
અંધ અતરિયાલ સો વિષમાં ખૂતા ॥૩॥

જે કોઈ હરિશું રાખે ધ્યાના,
સો સબૂ દીન સાથે સીધાના. ॥૪॥

સત્યકી બાટે કુશાણી મોટી,
સાચા ચાલો સબ કૂડજ છોડી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સાચા પંથ એ દીનકા,
સાચા ચેહી સાથ;
શીષ ગમાઈએ ઈસ બાટમાં,
તો સૂજન આવે હાથ. ॥૪॥

સાચા સાચે સબ કોઈ જાણે,
પ્રગટ હોશે અપને ટાણે. ॥૧॥
રાત અંધારી કામ જો કીજે,
પ્રભાતે ઉત્તર કેમ કરી દીજે? ॥૨॥
સુધા હોકર ચલીઆ બાટું,
સો સબ પોહોંચે સાચજ માટું. ॥૩॥
સાચા આહે યેહી ઝિનાના,
છાના પ્રગટ સૂજ ન ધ્યાના. ॥૪॥
ચોરી કીજે જે'જે કામા,
પ્રગટ હોશે અપણે ટાણા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

છાના ચોરી કીજીએ,
કુડ છુપાઈ સબૂ;
આગલ જાતાં જાણુશો,
શાહ પ્રગટ હોશે તબૂ. ॥૫॥

એ મહા દયાલજી પારખું કહીએ,
કૂડ કપટ સબ પ્રગટ લહીએ. ॥૧॥
કહો એસેકું કૂડ કયું ના સૂજે ?
દિલકી બાતાં સબ્ દિલ્ બૂજે. ॥૨॥
જિસ્કુ સૂજે બાલો બાલા,
ઈસ આગલ નહોશે ટાલા. ॥૩॥
આપ સંભાલો મુર્ખ લોકા,
હસી હસી માલો શાહશું ભોગા. ॥૪॥
જો માંહે કા મેલ પાક ના કીજે,
તો ઉત્તર પ્રગટ કયુંકર દીજે ? ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

માંહે નિર્મલ કીજીએ,
તો પાપજ હોવે છેહ;
ચાંદરણા બેશી ખેલિએ,
અપનો સૂજણ સાથે નેહ. ॥૬॥

હરિશું ચાવા કીજે નેહા,
તેમ તેમ કૂડજ દેવે છેહા. ॥૧॥

નબી અપના સૂરજ ન ભાવા,
ચાંદરણાં થાશો શિર લગી પાવા. ॥૨॥

તબૂ જા બાટ સુધી પાઈ,
સુખ શું બેઠા મંદિર જાઈ. ॥૩॥

જિસ્મા અંધારા તલભી રહ્યા,
ઉતના ઉસ્કું નેહ ના દિયા. ॥૪॥

ઈલમ અજ્વાલે ન્યણે દેખો,
સદ્દગોર વચને યુગમાં પેખો. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

ચાંદરણા નિર્મળ કીજીએ,
તો ચલકર લીજે પાર;
ચાંદરણા દીશે પ્રગટા,
ચોદિશ ઘોર અંધાર. ॥૭॥

પક્ષ ચાંદરણા આન દિખલાવે,
પક્ષ અંધારા કામ ન આવે. ॥૧॥
માસ જો સારા ચાદરણા હોવે,
સો સબ રેણી સુખ શું સોવે. ॥૨॥
ચાંદા સૂરજ તિસ્ પડીયા દૂરા,
માહે ના આવે ચાંદરણા પુરા. ॥૩॥
માંહે કી કાશલ પાકજો હોવે,
સૂજન મુખડા પ્રગટ જોવે. ॥૪॥
જિસ્માં હુતા શાહકા ચાવા,
ચાદરણા પૂરા શિર લગી પાવા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ચાંદા સૂરજ દોનુ નિર્મળા,
દોસેં આહે મિંત;
માંહે અંધારા જાયે કર,
તિસ્થી બિછડા ચિંત્ત. ॥૮॥

એજીવ ! જાણો યુગ ખરા અંધારા,
બાજ ચાંદરણે કેમ પામીએ પારા ? ॥૧॥
ભાદરવા કેરી આહે રાતાં,
કછુ નાં સૂજે હાથું હાથાં. ॥૨॥
ફિર' ફિર ચોદિશ મનમાં લાવે,
અંધલા બટાઉ કેમ પંથડા પાવે ? ॥૩॥
બાઓ બંધ આ યુગ જાણો,
પરતક્ષ આહે દેખ પીછાનો. ॥૪॥
નદીયું પુર તો કયેસા ધાવે ?
તલ એકમાં ઉતરી જાવે ? ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જયસા બાઓ બંધ હે,
ત્યસા આ સંસાર;
આવતાં આવે જોરમાં
જાતાં નાં લાગે વાર. ॥૬॥

જ્યું દોપેહેર કી આહે છાયા,
થર ના રેહશે એકતલ કાહાં. ॥૧॥
ઈસકે કેડે જન્મ ગુમાવે,
જ્યું રૂખા છાંએડી ફિરતી જાવે. ॥૨॥
પેહેલી કુંપલ અતી સોહાવે,
પોતે દહાડે સબ ઝડ કર જાવે. ॥૩॥
કિશસેં ન હુઈ યે નિર્વાણ,
જ્યસે પીપલ ઝરિયા પાન. ॥૪॥
મેરી મેરી કર કર થાકે,
અંધે અત્રીઆલ સો સબ રાખે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

કુંપલ ખીલી દેખકર,
મત તું જાએ લોભાય;
પહોંતે અપને દહાડલે,
સારે ખિર ખિર જાએ. ॥૧૦॥

મેરી મેરી જિનુ જા કીની,
અપને હાથું બાજી જા દીની. ॥૧॥
પાપ સો જિતના કીજે આહે,
સો છેતરાણા ઈસ ત્રિઆ લાહે. ॥૨॥
આખર રોટી વખતું ખાણા,
ફોકટ માટે પાપ લેજાણા. ॥૩॥
સાવ સવાદમાં કછુ ના પાઈએ,
પાપું પેટ ભરતા જાઈયે. ॥૪॥
સાવ સવાદમાં પૂરા ખાવે,
સૂજન શાહા તો કદીના પાવે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

મેરી મેરી જિન્ને કરી,
ઉનકી કરણીમાં ખોટ;
દિન દોચાર કે કારણે,
પાપું ભરના પોટ. ॥૧॥

જબ લગી હરિયા ખેત જો આચ્એ,
તબ લગી વેહેલા ચેતોન કાંચ્એ ? ॥૧॥

લોક કુટમ્બ સબ ઝાર જો કહિયે,
હક્કી નિપજ ટોતા રહિયે. ॥૨॥

શાહકી રસાયણ આય જો લાગી,
ખોટી કરણી સબ નિકલ જો ભાગી. ॥૩॥

ઝાર સબ કોઈ ખડી ન રહેવે,
દુઃખ દોહેલા ઈતના સહેવે. ॥૪॥

સબ્ કો આહે રસકે કાજે,
સૂકી ખેતી સબ ઉઠકર ભાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જબ્ લગી હરિયા ખેતહે,
તબ્ લગી આપ સંભાળ;
સબ્ કોઈ જાણો ઝાર હે,
લોક' કુટુમ પરવાર. ॥૧૨॥

જો તમે દેખો યેહ સંસારા,
કાલી કુત્તી શું ન ધરો પ્યારા. ॥૧॥
જે કોઈ આયા રહ્યા ન કોઈ,
પાણી થી જ્યું પરપોટા હોઈ. ॥૨॥
યેહલે નબી દોસ્ત ઉપાયા,
આતે દેખા પણ જાતે ન જાણ્યા. ॥૩॥
દો આલમકા શેહ જાદા કીતા,
ઉસે ભી આખર રેહેણે નાંદીતા. ॥૪॥
જો કોઈ આયા રહ્યા ન કોઈ,
ઈસમાં રેહતા ન દેખ્યા કોઈ. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસ ઘર રેહણ નાં પાઈએ,
હેચે ન બાંધીએ થંથ;
જ્યું પરદેશી પરૂંણલા,
રેહેણ ઉઠાવે અંત. ॥૧૩॥

૨

જે' એ 'દુનિયા શું જિવડા લાયા,
સાવ સ્વાદ તેમ' તેમ પાયા. ॥૧॥

જે કોઈ ઈસી માયાશું લોભાણા,
ઉનકું જાણો ખરા હેવાના. ॥૨॥

એ માયા અપની ન કીશીકી હોઈ,
લોભ કારણ મુલગી ખોઈ. ॥૩॥

યુગ ધૂતારી એહી નારી,
જિન્ને છોડા સો પડિયા પારી. ॥૪॥

પરી પુરણ જિનકુ શુદ્ધ બુદ્ધ ઉપની,
તેણે એ માયા જૂઠી જાણી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

એ માયા જૂઠી યુગમાં,
તે જૂઠી સદાએ કાલરે;
યુગકું ધંધે બાએ કર,
આપ રહીસો ટાલરે. ॥૧૪॥

ઈસૂ ખોટીકું મત્ત કોઈ પત લાવે,
જાતાં બાટે બટાઉ ભૂલાવે. ॥૧॥
ઈસ માયાને સબ્ મોહી લીના,
ગલે લગાકર અપના કીના. ॥૨॥
કામણ ગારી ચેહી નારી,
બુઢિયા આહે પણ રૂપ અપારી ॥૩॥
જિન્ને છોડી સો પૂરા માટી,
ઉતરી ગયા સો વસમી ઘાંટી. ॥૪॥
ઈસ માયાકો મત્ત ધીરો કોઈ,
એ ધન અપના કીસી કા ન હોઈ. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

જયસા રંગ પતંગકા,
એયેસી જૂઠી સદા કાલ,
યુગ કું ધંધે બાએકર,
આપ રહીસો ટાલ. ॥૧૫॥

એણે વશ કીના અતી અહ્‌કારી.
તીસથી ધૂતા મૂર્ખ અભાગી. ॥૧॥
જિન કીન્ને જોયા દર્શન ખોલી,
સો' સબ ચાલે શીષજ ડોલી. ॥૨॥
પૂરે પારખે ચુ''કર જાણી,
કાચે ભાંડે ન રહેવે પાણી. ॥૩॥
એક મના હોકર બાટું સીધાણે,
મૂર્ખ આપો આપ બંધાણે. ॥૪॥
માંહે પર્ખિએ વાચક ખોટા,
પ્રતક્ષ ઈસકા ચરિત્ર મોટા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

એતો ચુંદ્દી દેવકી,
બૂજે વિર્લા કોએ;
ચાવા કીયા જિન્ને બાપડે,
ગએ સો સુદ્ધ બુદ્ધ ખોએ. ॥૧૬॥

ચરિત્રે સારા એ યુગ લીના,
અહોત ચકાએ પાખંડ કીના. ॥૧॥

લોભે લાગ્યા ડાહ્યા ઘેલા,
સંસાર ચાલે' સો સબ્ સહેલા. ॥૨॥

ગુડ માં ઝેહેર હાથું ખાવે,
સાંજ હુઈ યુગ ફિર ફિર જાવે. ॥૩॥

યેહ દુરિજન શું મિતજો લાવે,
છંદ કરે કોઈ મર્મ નાં પાવે. ॥૪॥

જે જાકર ઈસ પાલવ લાગે,
ગએ છેતરાણે મર્ખ અભાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

તરિયા ચરિત્ર આગલી,
ઈને ધૂતા સબ સંસાર;
ચોરજ આએ પ્રગટી,
સૂજન કેરી વાટ. ॥૧૭॥

જિને ઈસ ત્રીઆ કું સુધી જાણી,
આવા કીયા'પણઆંખેતલનાઆણી. ॥૧॥
અપણે સાચે જે કોઈ ચાલે,
જે ન પડિયા ઈસ્કે પાલે. ॥૨॥
રાવત હુવા સો પૂરા માટી,
ઉતરી ગયા સો વસંમી ઘાંટી. ॥૩॥
એક મના હોકર બાટે સીધાણા,
તોજા સુખશું પારજો લીના. ॥૪॥
દોહી નાવા દોહી પાવા,
ઈસ પંથી કા કયેસા આવા ! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

એ ત્રિયા તો થર નહિ,
અને થર નહિ સદાએ કાલરે;
મૂર્ખ ધૂતા દો મના,
લે સૃજન કીતી હાણરે. ॥૧૮॥

નબી ઈતના સજન કો રાતા,
ઉનુંને આંખી સો બીતી બાતાં. ॥૧॥
વોહી યુગમે આએ રસુલા,
પ્રેમુ સાચા કબુનાં ભૂલા. ॥૨॥
ફિરાઉને યુગમાં જૂઠા જાણ્યા,
દેખત રૂપ જાએ ઝપૂ લાણા. ॥૩॥
જિત્ના હુતા ફિરાઉન કો દીના,
તેણે અહીં ભોગજો કીના. ॥૪॥
જેકો હુતા સૂજન જોગા,
ઈસ કન્યા શું ન કરતા ભોગા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

એ કન્યા નાસણુ ભંગંડી;
તેને રોલે રંકને રાએરે;
આંખાં ખોલ કર દેખીએ,
તો નરગ ભરાણે પાએરે. ॥૧૯॥

દુનિયા આહે સરાબ શચેતાના,
હૈડેથી જાએ સર્વ જ્ઞાના. ॥૧॥
સરાબ શચેતાના ભરી ભરી પીજે,
દાવા લેકર દીનશું કીજે. ॥૨॥
જાહેર સરાબ થી તોબા આંખે,
શચેતાની સરાબ લે હૈડે રાખે. ॥૩॥
ઢુંઢે રૂપ' ને માંહે કીના,
ખોટ લગાઈ અપણે દીના. ॥૪॥
જેકો હોવે સૂજન જોગા,
સરાબ શચેતાની ન કરશે ભોગા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

સરાબ શચેતાની પીજીએ,
અને યુગમાં દિખાઈએ પાક;
પણ આગલ જાતાં જાણશો,
ત્યાં દેહડી દેશે શાખ. ॥૨૦॥

સર્વે ફાની દુનિયાને' દુરિજને જાણી,
મિતજ હોકર વિગતું પીછાણી. ॥૧॥
સાચે સગલે દીના છેહા,
જિસમાં હુતા શાહકા નેહા. ॥૨॥
અવર અભાગી ભેદ ન પાવા,
દુરિજનકા' જે કીના ચાવા. ॥૩॥
દોઈ બાટાં યુગમાં ચલાઈ,
જિન્ને જયેશી ઢુંઢી તેને ત્યેસી પાઈ. ॥૪॥
એકતો યુગમાં કસણી આણી,
મિંતું દુરિજને વિગતું પીછાણી. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

દુનિયા યુગમાં આન કર,
પણ પઋર્યા અપના મિંત;
દેખો કીસીકું કીસીકા લાગા,
યું કર બિછોડા ચિંત. ॥૨૧॥

ફિરાઉન કું દુરિજન કીના,
બહોત મુલક તિસૂ હાથું દીના. ॥૧॥
લોભે સૂજન ન પાયા' ભૂલા,
તિસથી રાખ્યા દુરિજન ટોલા. ॥૨॥
સરન શરિરે જૂઠી જાણી,
નહિ મુજ ધરમે ચપની ભાની. ॥૩॥
દુ:ખ દોહેલા તીસે તલના દીતા,
ચાવા નહિ તિસૂ હૈડે મીતા. ॥૪॥
દુરિજન ઉપર નહિ તલૂ ભાવા,
મિત્ મારણુ કુ કીના ચાવા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

દુરિજન રાખું સુખ શું,
કબુ ન દેઉં આલ રે;
મિંતજ મારૂં ભંગડી,
લેલે માંહેં થી ટાલરે. ॥૨૨॥

વલી મશાયખ જે કેહૂલાવે,
દમૂડે દોકડે જિવડા લાવે. ॥૧॥
સાધ ફકીરી ઉનકી ના જાણો,
શયતાન રૂપ તમે દેખ પીછાણો. ॥૨॥
ફિરાઉન કેરા કીજે કામાં,
વલી મશાયખ ધરાયે નામા.. ॥૩॥
ખુદા રસુલ જીભૂં આંખે,
સો લેકર હૈડે નાં રાખે. ॥૪॥
અયેસે કામે જો શાહ મિલ્તા,
નબિયું ફક્કર શાહા નાં દેતા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

વળી મશાયખ કહાવે યુગમાં,
અને દુનિયા શું લાવે ચિંત;
સૂધા જાણો ચોર હે,
તીસે નાં આંખો મિંતર. ॥૨૩॥

દુનિયા આહે દુરિજન ખાટાં,
નબી હુએ સો ફક્કરજ માટાં. ॥૧॥
જો જાકર મુજ ફક્કરે જલાણા,
તો જા યુગમે નબી કહેલાણા. ॥૨॥
દેહિયા કેરા હદિયા કહીયે,
બિન ભાએગે તે કેમ કરી લહીયે. ॥૩॥
જે કો લોઢે શાહા અપના,
તિનકુ ચાહિયે ફક્કરે તપણા. ॥૪॥
એ મુરશિદ દૈયાકા કહીયે,
બિન ભાએગે કયું શાહ લૈયે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ફક્કર મુલક તો આગલા,
નહિ કો ઈસ્કે તોલ;
ખાસા મુર્શીદ શાહકા,
આન મિલાયા ઢોલ. ॥૨૪॥

ફક્કર માંહે જન્મ ગમાઈયે,
નેહે સૂજન તોજા પાઈએ. ॥૧॥
મિંતજ કેરા યેહી કાજા,
રેહેના' ફક્કર માંહે રાજા. ॥૨॥
યેહતો દોલત નબિયું કેરી,
ઈસ્થી બાદશાહી નાંહિ ભલેરી ॥૩॥
કરમ લિલાડે હોવે જિસ્કે,
એ હદિયા હાથ આવે તિસ્કે. ॥૪॥
નબી સો સારે ચ્યાહ્ઉં માંગે,
સાચા મુર્શદ તિન્સ હાથું લાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

બડી બાદશાહી ઈસ યુગમહાં,
ભેજી તે મિંતું કાજ;
કિન્ને ન માની નિશ્ચે,
નબી મુર્સલ બાજ. ॥૨૫॥

ગફલત માંહેથી જેણે છોડી આજ,
તિન્કે સઘલે પૂરે કાજ. ॥૧॥
મહંમદ ખુદાકે ચુગમે કહિયે,
મુસ્તકીમ હોકર શાહ ઉપર રહિયે. ॥૨॥
ઈસ્થી રૂડા ક્યા હે કામાં ?
જિસ્થી પાઈએ દ્વારેજ ઠામા. ॥૩॥
કુચ્છ નાં માંગે તુ હાથ પસારી,
હવા હીરશ સબ માંહેથી બીસારી. ॥૪॥
એસી કશાણી માંહે રહીયે,
ફકરે પાદશાહી ઉનકી કહીયે. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

સાચા ફક્કર તો સત્ય કા,
જે માંગે હરિકે પાસ;
દ્વારે રહે શબુરી શું,
છોડે બિરાની આશ. ॥૨૬॥

હરિકે પાસે માંગ'નાં કહિયે,
ઉસ્માં ભી સત્ય સબુરી લઈએ. ॥૧॥
સેજ ગફલતમાં કછુનાં પાઈએ,
ઈસ્કું જાકર યાદજ લાઈયે. ॥૨॥
શાહ ફક્કર તો મોટા જાણો,
ફક્કર માં સીજે શાહ પ્રમાણો. ॥૩॥
તમે કરોને ભક્તિ કાજા,
સો સબ કરશે પૂરે રાજા. ॥૪॥
હરિકી ભક્તિ હરિશું કીજે,
ઝ્યર હક્ક કછુ નાં લીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જો તૂં લોઢે શાહકું,
તો કછુ ન માંગીએ દાસ;
જો પાયા શાહ આપણા,
તો સબ્ કુચ્છ તેરે પાસરે. ॥૨૭॥

રસુલ શ્યાણુકી ચેહીજ કેહણી,
ફક્કરૂં પાદશાહી અદકી લેણી. ॥૧॥
સઘલા ફક્કર હરિકા માને,
એકે એકે કશાણી અવર વખાણો. ॥૨॥
નબિયું કેરી દેખો ચીઠી,
ફક્કર ઝાલતો સઘલે દીઠી. ॥૩॥
ઈસ્ક કી આંચું દીન પકવો,
નેહે સૃજન અદકા પાવો. ॥૪॥
જેકો લોઢે આપ સંજોગા,
તીશે કરાવે ફક્કર ભોગા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

મિંતુ માંહે મિંત હો,
અને સારૂં માંહે સાર;
ફક્કરે શાહજો મિલચે,
તો તર કર લાગીએ પારરે. ॥૨૮॥

પેહલે આદમ દોસ્ત ઉપાયા,
ઉસ્કું કુલે કોટ નમાયા. ॥૧॥
સ્વર્ગું માંહે તીસે દીના વાસા,
વોથા અપને સૃજન પાસા. ॥૨॥
સ્વર્ગું માંહે તિલ્ સુખ ના દીના,
ફક્કર ઝાલે પ્રેમું ભીના. ॥૩॥
કિત્તેક બરશું જંગલે ડાલા,
જંગલું રોતા નૈયણે નીરજો ચાલા. ॥૪॥
અયેસા ફક્કર શિર ઉપર બીતા,
નબી પણા તો જાકર લીતા. ॥૫॥
તુંહીં સાચા સાંઇ હો.
પેહેલા આદમ દોસ્ત થા,
ઉન્સર કયેશી બીતી હેલ;
જગલું રોયા શુદ્ધ બીના,
લે સૃજન કોનાં મેલા. ॥૨૯॥

૭૩૩

તુહ્ નબી તમે દેખો લોકા,
વોહ થા અપને સૃજન જોગા ॥૧॥
ટાટી ઓલવે જન્મ ગુમાવા,
નવસો બરસ યુગ આપ જલાવા. ॥૨॥
મુજ દુનિયામાં અયેસા શાહો લેતા,
તો આપ આપસે કું કાએકું દેતા? ॥૩॥
એક તલ અયસા કોઈ ન સેહતા,
તોએ વરસાસો ટાંટી ઓલવે રેહતા.॥૪॥
પ્રેમે કીના માંહે ખેલા,
તીસ કશણીથી સૃજન મેલા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસ્માં પ્રેમથા આગલા,
ઉનકી કયેસી બાત;
દુ:ખ દોહેલા બાએકર,
કર્યો દેહા સાથ રે. ॥૩૦॥

દેખો મૂશે શાહ પ્યારા,
ઉનુંબી લાઠી કામ લીયા સારા. ॥૧॥
ગુરબતે શાહો પૂરા પાવા,
આપસકું મિજ ફક્કરૂ સાવા. ॥૨॥
બહોત દુનિયામાં ન કીના ચાવા,
તોજા અપના સૂજન પાવા. ॥૩॥
પરમ કા શાહો તોહી પાઈયે,
જેમ જેમ ફક્કરૂં આપ જલાઈયે. ॥૪॥
દુનિયા માંહે જો સાંઈ પાએ;
નબી ફક્કરૂં કાંએ જલા એ? ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

પુરી સોહાગન તીસે કહું,
જે જાલે અપને ચાવ;
દુનિયા આણુ દિખાઈયે!
તિસે તિલાના હોવે ભાવ. ॥૭૧॥

ઈશા નબીકી વેદના શુણના,
યે મુરદારી શું કાએ ન લડના ? ॥૧॥
એક સુઈકા કરજ આંખા,
ચોથે આસમાનું જાતા રાખા. ॥૨॥
સૂઈ ભારજો એયેસા ન હોવે,
સારા જોબન ઈસમાં ખોવે. ॥૩॥
ઈશે સરખા નહિ કોઈ ચંદા,
એ સૂઈ કે કારન કયા કુચ્છ રૂંદા ? ॥૪॥
કિત્તાક ધન ઓર કિત્તાક માલા,
એક સૂઈ કા દેખે ચાલા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

માયા ચરિત્ર દેખિયા,
જાકર લાવો ચિંત;
એક સૂઈ કે કારણે,
કાં લે રાખા મિંત. ॥૩૨॥

સુલેમાને મિત પૂરી જાણી,
આપે રયા માંહે દર્વેશી છાની. ॥૧॥
કિત્તેક પાદશાહી પ્રગટ જાણી,
દુર્વેશી માંહે રાખી છાની. ॥૨॥
જબજા કીજે ઉસ્કી જખણા,
તબજા મિલિયા સૂજન ટાણા. ॥૩॥
દુનિયા જિવડા જોકર લાતા,
નબી પણા તો કયુંકર પાતા. ॥૪॥
સુખ શું કીના સાચા ભોગા,
વોહથા અપને સૂજન જોગા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

ગુર્બત અપણે શાહોકી,
ખેલા સુખશું જાએ રે;
તોસે દુનિયા તલબ લગાએ કર,
રાખા ફક્કરે જલાએરે. ॥૩૩॥

ઐયુબ સોહાગે ભરિયા હૂતા,
ખેદના દીના જિતના જોથા. ॥૧॥
વરસો દિવસ બાહેર જાતા,
લોકુ કા ફક્કર શિર ઉપર લાતા. ॥૨॥
ખોઆર કીયા ઓર ધુલે મિલાયા,
ઈસ્કુ આએ પ્રેમ જ ખેલા. ॥૩॥
સબ સુખ છોડા શાહકે પ્યારા,
સોજા પોહોંચા અપને દ્વારા. ॥૪॥
દુનિયા લોડે ફિરાઉન જયસી,
નબિઉં કશાણી એ શિર સેહસી. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

દુનિયા આહે દુરિજના,
નહિ મિતું કે કાજ;
બાજી હોવે તલમાં,
સૂજન રાખે બાજ. ॥૩૪॥

જિકિરિયા કે શિર કરવત ઘાલે,
સો સબ આહે ફક્કરૂં ચાલે. ॥૧॥
શિર ઉપર લે કરવત છોડા,
પ્રેમું સાચા મુખૂનાં મોડા. ॥૨॥
ચલતા કરવત ચેંચું કરતા,
જેસર બીતી સો સબ સેહતા. ॥૩॥
મિતુ કે શિર અચશી કીજે,
સુખ શું બેઠા કર્યું શાહ લીજે. ॥૪॥
તન મન અપના શાહ પર લાવે,
સૂજન અપના તોજા પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

અયેસી કશાણી બાએ કર,
પણ પરખ્યા અપને નેહ;
શિર ઉપર કરવત છોડિઆ,
તોએ ન દીના છેહ. ॥૩૫॥

સુલ્તાન ઈબ્રાહીમે દેખ્યા ખેલા,
ફકરે ઈસ્કું ધૂલજ મેલા. ॥૧॥
કિત્તે બરસ બાદશાહી કીતી,
ઉનકે શિર કિત્તની બેદનાં બીતી. ॥૨॥
ખાને પીને કી સુધિયા ટાલે,
ઈયું કર આપે પ્રેમુ ઝાલે, ॥૩॥
સબ સૂખ છોડા દુઃખે લોભાણા,
સાચા મિંત તિસે યું કર જાણા. ॥૪॥
મિંતુ કે શિર અયેસી કીજે,
એક તિલ સુખ તીસે ન દીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસમાં સારા સાચ થા,
સો સબ ચાલે આજ;
યુગમાં જલાણે પ્રગટે,
યું કર કીના કાજ. ॥૭૬॥

માંહે રવા ના ઈનુ પાયા ઠામાં,
સાચા કહમાં સાંઈકા નામાં. ।।૧।।
સાચી કશણીએ મિંતેજ કરણી,
દુનિયા લેકર અલૂગી ધરણી. ।।૨।।
ત્રીયા કેરા દેખો ચાલા,
ફિર જા ઈન દુનિયા શું માલા. ।।૩।।
મિંજ ફકીરીયે નહોતા ચાવા,
તો નબીયું ઉપર ન કરતા ભાવા. ।।૪।।
ફિર લે આંખી ચેહી બાતા,
વોબી લાગે નબિયું કે સાથાં. ।।૫।।

તુંહી સાચા સાંઇ હો.

ફક્કર સારૂંમાં અદક હ્યે,
તમે જોઈ લેજો જાણ;
નબી સારે ઈસૂ માહાં,
સારૂં પાયા માન. ।।૩૭।।

પરભાતે ઘર અપને આવે,
ઈતના નહિ જો મુખમાં આવે. ॥૧॥
મણ એક જવકે કારણે,
આપ સિધારે યહુદીકે બારણે. ॥૨॥
દેખ ફકીરી ઉત્તર કીજ,
ન ખેતી વાડી કયું કર લીજ. ॥૩॥
નહિ તો રાજા ! દો યુગ કેરા,
જવકે કારણ યહુદે કીઆ ફેરા. ॥૪॥
મિંત કરણે કી હોતી સાધ,
તો મંજ ફકિરે કીના આધ. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

મિંત ખોજિયે સાચશું,
બિના ફકીરી ડાલ રે;
સબથી અલગા ડાલકર,
તમે લો સૃજન માલરે. ॥૭૮॥

અયેસા મુર્શદ તમે દેખો લોકા,
કીડું માંહે રચાજ જ કી ના. ॥૧॥
ચારણી તોલા કીની દેહા,
તોએ ન છોડા શાહકા નેહા. ॥૨॥
કીડા માંહેથી નીકલી જાવે,
અપણે હાથું લે માંહે બાવે. ॥૩॥
શુકર ખુદાકા તિસમાંહે કહિયે,
સત્ સબુરી તિસમાંહે લહિયે. ॥૪॥
ઈતની બાતાં શિર ઉપર બીતી,
તોએ પ્રિત શાહા શું કીતી. ॥૫॥
તુંહીં સાચા સાંઈ હો.

અયેસા મિંત જો શાહ કા,
માંહે સાચા શાહકા નેહ;
મુખ નાં ફિરાવ્યા આપણા,
તનમાં પડાવ્યા વેહ. ॥૩૯॥

ઈબ્રાહીમ પ્યગમબરકી સુણિયે ગાલી,
માંહેકી મહીં અગન માંહે ટાલી. ॥૧॥
જબ લે પૂતા કુર્બાની કીતા,
અયેસી પ્રિત હરિશું કીતા. ॥૨॥
પૂત લે કુર્બાની બાવા,
તબ જા સૃજન મેલા પાવા. ॥૩॥
ઈબ્રાહીમ મનમાં સાચા હુતા,
તો કુર્બાની કીના અપના પૂતા. ॥૪॥
ખ્વાબજ કેરા સંશય જો આવે,
તો અવરે મોહોબતે કયું શાહ પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મિંતજ અપનાં હોહેલા,
કોએ ન કરશે ખેલ,
સબથી અદકી કશણી,
સહી તો સજન કીતા મેલ. ॥૪૦॥

બીબી કહિયે ફાતિમાહ્ જયેશી,
સું ચાલ્યા' 'જયું પરદેશી. ॥૧॥
અલીકે ઘરકા કીના ચાવા,
ચરખે ઉપર દિલ હી લાવા. ॥૨॥
ફિર રસુલે આંખી બાતાં,
ચરખા કોએ ના લેશે સાથાં. ॥૩॥
રિજક તો હાથું ધણીકે હોવે,
ચરખે જિવડા કાએકું લાવે? ॥૪॥
મહંમદ મનમાં સાચા હુતા,
અયેસી બુદ્ધિયા દીની પૂતા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ફક્કર સારા ખૂબ હે,
પ્રત્યક્ષ દીશે ખ્વાર;
મલામત દુનિયા જાહેરી,
નયનું માંહે મુર્દાર. ॥૪૧॥

દુજે દિવસે ઘર ફાતિમાહ્ ચાલી,
દેખજ અપના દીન જો હાલી. ॥૧॥
જયમ દુનિયામાં માણસ કર લેખા,
જૂની ચાદર પરદે દેખા. ॥૨॥
ઈત્ના દિવસ લાગી ખોટી,
ઈસ્થી મિંતુ દુનિયા છોડી, ॥૩॥
યું સૂજન શું હોતા મેલા!
તો સબકો ધાતા પ્રેમજ ખેલા. ॥૪॥
નબીપણા તો ઉનકું દીતા,
જિવડા ન લાએ ભોગન કીતા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

પ્રેમ્ પ્યાસ અદક હે,
જો ખેલે પ્રેમજ ખેલ;
નબિયે ફક્કરજ દેખિયા,
ઉનસર વહી કયેસી હેલ. ॥૪૨॥

સાચી બીબી સોહી કહિયે,
સુખ શું તોજા નવશાહ લઈએ. ॥૧॥
આભરણ માંહે જે મુડકર રેહવે,
શાહા બિના અમની દોહા દેવે. ॥૨॥
પેહેરી આભરણ લોક દિખાવે,
શાહો તો અપના કયુંકર પાવે? ॥૩॥
પેહેરો હાર શાહ કે કામાં,
આપસ રાખો માંહી ઠામાં. ॥૪॥
અપના સોહાગ જો તન લેખે,
તહાં લગી શાહ નેણે ના દેખે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

આપ સમારો સાચ શું,
અપને સત્યકા કરો શણગાર;
નયણે કાજલ નેહકા,
અને પિયુ ગલેકા હાર. ॥૪૩॥

સઘલા સોહગ તિન શિર કહિયે,
હરિકા નેહા જિસમાં લહિયે. ॥૧॥
કાજલ પુલ તિસ મુખ તંબોલા,
હસી હસી મુખ તીસે લાવે ઢોલા. ॥૨॥
કંગઈ શિર તે કાએ ન લેવે,
જો ઢોલા કે ગલે બાંહેડી દેવે. ॥૩॥
શાહ બીના જે કરશે સણગાર,
તીસ આભ્રણ માંહે ઉઠે અંગાર. ॥૪॥
પેહેરી હાર લોક દીખાવે,
યે સણગારે કયું શાહ પાવે! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

તિન શિર બાઓ કંગઈયાં,
જિન શીર બોહોત સણગાર;
શાહ બીના જે સણગારશે,
તીસ આભ્રણ લાગો અંગારરે.॥૪૪॥

વણ ભરથારે તો કામ નાં આવે,
સોહાગણ યુગમાં બોહોત કહેલાવે. ॥૧॥
પિયુ બાજ જેને આભ્રણ સારા,
જન્મ દોહાગણ હોઈસો નારા. ॥૨॥
માંહે સણગારો જે હોએ કબુલા,
જ્યું સણગારે આપ રસુલા. ॥૩॥
જિન્ને એ આભ્રણ મનશું કીના,
તિનું જા અપના નવશાહ લીના. ॥૪॥
શાહકે પ્રેમે જિન્ને આપ જલાયા,
સોહાગે સવાદ તોજા પાયા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

માંઝે રહો સોહાગના,
અપને નવશાહ કાજ;
શાહ બિન ન સણગારિયે,
બીજા શું મરિયે લાજ. ॥૪૫॥

રાખિયા સોહાગણ યુગમાં કીતા,
સબ કોઈ જાણે દેસ વિદિતા. ॥૧॥
આપસકું લે મુજ પ્રેમે જાલા,
સુખનાં દીના ઈશ્કું ટાલા. ॥૨॥
ખાને પીને કા કચશા ચાવા?
સર્વ બિશારા શાહ કે હાવા. ॥૩॥
પ્રેમ પિયાસી ઘર ઘર જાઈ,
સુધિયા સારી ખોહ ગમાઈ. ॥૪॥
યું કર આપસકું કીના ખેહા,
તો રંગ લાગા શાહકે નેહા. ॥૫॥

તું હીં સાચા સાંઈ હો.

પ્રેમ પિયાસી જે જલે,
જલતાં તલેના ફિરાવે અંગ;
વોહી સોહાગણ પ્રગટી,
શાહ શું માંડા રંગ. ॥૪૬॥

૫૦

મેંહદી રંગ તાજા પાવે,
પથ્થર તલે જો આપ પીસાવે. ॥૧॥
જ્યું દુઃખ દેખે અતી શુભાગી,
તો જા નવશાહ પાઉં લાગી. ॥૨॥
નહિ તો હરિયા પાંનડા કહિયે,
પીશે રંગ તો પ્રગટ લહિયે. ॥૩॥
વણ પીશે તો જન્મ ગમાઈયેં,
તલભી રંગ તો કયુંકર પાઇયે? ॥૪॥
અપની દેહા કા યેહી ઢંગા.
આપ પીશાવો તો લાગે રંગા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મેંહેંદી માંહે રંગ હે,
જે જાણે સારા જગ;
આપ પીશાવે પથ્થર તલે,
તો લાગે નવશાહ પગ. ॥૪૭॥

દીન લેજાણા સોહેલા હોતા,
આપે આપસ કું કોએ ન દેતા! ॥૧॥

દુઃખ માંહેજો જન્મ ગુમાઈએ,
દીન માંહે સાબિત હોઈ રહિયે. ॥૨॥

મુજ ફકીરીએ જે આપ જલાણે,
દીન દાર તો સોહી કહેલાણે. ॥૩॥

સાવ સવાદ જિન્ને જા છોડા,
મન ચિંત લાકર ઈનુ ને લૉઢા. ॥૪॥

સો સબ પોતે શાહકે દ્વારા,
જિન્ને આપસકું દુઃખમાં સારા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

જિસમાં અગ્નિ પ્રગટી,
તમે જોઈ વિચારો વાત;
ખરી જલાણી યુગમાં,
કરણી આપણી સાથ. ॥૪૮॥

જીન્કે હૈડે સૂજન સાલે,
પ્રેમ ઝાલ તિસ હૈડે ચાલે. ॥૧॥

નત્ય નિત્ય જાલે અપની દેહા,
અદકા ઉઠે માંહે શાહકા નેહા. ॥૨॥

તપી સોહાગણ જાલે છાતી,
અદકી હોવે રંગમાં રાતી. ॥૩॥

અપની દેહા શું દીન પકાવે,
હાંડી સો કાઠી ઠામે જલાવે. ॥૪॥

શાહ કે નેહમા જલતા રાખે.
કાચી દેહા તોજા પાકે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

યુગમાં ભેજે તમકું,
દેહા પકાવન કાજ;
કયુંકર પાકે બાવલે ?
અગ્નિ કીતે બાજરે. ॥૪૯॥

દેહા આહે હાંડી તોલા,
જેમ જેમ પાકે તેમ આવે મૂલા. ॥૧॥
કિશકી હાંડી કિત્ની ઝાલી?
કીશકી ઝાલ શિર ઉપર ચાલી. ॥૨॥
કોઈ સો આધી જલકર થાકી,
પૂરી જલાણી સો સબ પાકી. ॥૩॥
હાંડી પાકી જિસકી કહાવે,
પૂરે સ્વાદે બેઠા ખાવે. ॥૪॥
આજ પકાવો નિશ્ચે લોકા,
જેમ જેમ હોવે શાહ શું ભોગા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જે પકાવે આપકું,
પૂરી જલાવે દેહ;
ભોગ કરાવે શાહકું,
ને આપજ હોવે એહ. ॥૫૦॥

રસુલે પકાઈ સો સારૂં જાણી,
પ્રત્યક્ષ આહે નાંહી છાની. ॥૧॥
કિતેક બરસ જા અગન જલાવે,
નેહકા શાહો તોજા પાવે. ॥૨॥
ફિર ફિર ચ્યોદિશ અગન જલાઈ,
ચું કર અપની દેહા પકાઈ. ॥૩॥
જે કોઈ જલતા તલ નાં રાખે,
સો સબ્ જાએ સરાડે પાકે. ॥૪॥
બિન અગન પાક નાં હોતા,
જેકો મિંત શું અપણી દેહા દેતા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાચી પકાણી રસુલકી,
જેણે જલાઈમનચિંત્તલાએ;
જન્મ ગમાયા અગ્નિમાં,
બાહેર ન કાઢા પાએ. ॥૫૧॥

પીર પેગામ્બર જે કેહલાણે,
સો સબ જાએ પ્રેમુ જલાણે. ॥૧॥
મરદ ઓરત કી બાત ન રાખી,
જિન્ને જાણી સો સબ પાકી. ॥૨॥
દેખો રાબિય કેરા કાજા,
હૈયડે સેથી મારી લાજા. ॥૩॥
રાબિયા ઓરત ધરાઈ નામાં,
મરદ લજાણે ઈશ્કે કામાં. ॥૪॥
પ્રેમે સાચી હોવે માંહી,
તો કાએ ન જાવે આપ પકાઈ! ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

મરદ ઓરત ન સારીએ,
એ પ્રેમજ કેરા કામ;
ઓરત પકાવે સાચ શું,
તો કાંએ ન પાવે ઠામ. ॥૫૨॥

પતંગ આંચ જો માંહે લાગી,
ચોદિશ સારા ફિર ફિર જાલી. ॥૧॥
તલનાં છોડે એકજ રતી,
જયું જલાવે દિવડા બતી. ॥૨॥
લકડી બીચ અગન જો દીજે,
સારા શાહો ચુંકર લીજે. ॥૩॥
પતંગ ઝાલ સો તોહી ભાવા,
કછુ નાં છોડે શિર લગી પાવા. ॥૪॥
જયોં હરિ લાવે હૈડે માંહા,
ફિર ફિર ઝાલે અપને ઠાંહાં ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

એ તો ઝાલ સ્નેહ કી,
રહિયે કુડે ઢાલ;
કછુ ન છોડે તન્ન માહાં,
જયાં લગી બાલો બાલ. ॥૫૩॥

સતિયે નેહૂડા સૂધા કીના,
પિયુ કારણ અગન બિચ્ દીના. ॥૧॥
અપના સૃજન તોજા પાવા,
જીવતા આપો આપ ઝલાવા. ॥૨॥
જીનકું ભાવે સૃજન અપના,
સો'જા કરશે અગન જો તપના. ॥૩॥
જેમજેમ જલતી શિર લગી આવે,
તેમ તેમ પ્રેમકા મેલા પાવે. ॥૪॥
પ્રેમ ઝાલ જિસ હેડે પેઠી,
સો તન ઝાલ ભસમ કર બેઠી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ઉઠી ઝાલ સન્હેકી,
સબ્ તન્ કરે' અંગાર;
સહી સો જાલે આપકું,
સો પિયુ કે પ્રેમે ધાર. ॥૫૪॥

તીસે સોહાગણ સત્ય કરી જાણી,
પિયુ કે સાથ આપ જલાણી. ॥૧॥
જટ મૂલે જાઈ અગ્નિ જો દીના,
યું કર નેહડા સૂધા કીના. ॥૨॥
કાટી પેટ જડ મૂલ ઉપાડા,
ઠાહું ઠાહાં મિત જો લાવા. ॥૩॥
સૃજન અગ્નિ ચોદિસ ધરશે,
પીયુ રંગ લાગે આપ જો જલશે. ॥૪॥
અવર કિશીકું પ્રિત ના લાણા,
સ્વર્ગ હોકર જાએ ઝંપાણા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સતી સોહાગણ તીશે કહું,
જે જાલે શાહ કે નેહ;
ભશ્મ કરાવે રસુલ શું,
તે આખર નાં પડિયા છેહ. ॥૫૫॥

પ્રેમ ખેલ તમે દેખો લોકા,
અગ્ન ઝાલે શિર લગી ભોગા. ॥૧॥
ફિર ફિર જલાવે ચોદિશ છાતી,
જ્યું જલાવે દિવડા બાતી. ॥૨॥
ઘડીનાં રેહવે એક સવાલા,
દમે દમ લાવે બાલો બાલા. ॥૩॥
સાતું સ્વર્ગ જો બરશે આહે,
પ્રેમ ઝાલ નાં જાએ બૂજાએ. ॥૪॥
સાચા દમ યે નેહકા કહિયે,
નેહડા જાતે તલનાં રહિયે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

એ તો પ્રેમ રસ હો,
જો લાગે શાહકે નેહ;
અદકા ઉઠે જોરમાં,
જયસા સોરંગી મેહ. ॥૫૬॥

સ્વર્ગ બૂજે સો સારી સેહવે,
શાહબિન અપની દેહા ન દેવે. ॥૧॥
એતો ઝાલ સ્નેહ કી લાગી,
સ્વર્ગ દેખી કેમ જાએ બુઝાઈ! ॥૨॥
નેહડા કીના શાંહ કે સાથું,
ક્યું ભૂલાવે સ્વર્ગ માટું. ॥૩॥
સ્વર્ગે સુખ કયેસા પાવે?
બંદી કું લે જ્યું બંદમેં બાવે. ॥૪॥
જેકો હોવે સૂજન જોગા,
તિસે કરાવે સ્વર્ગું ભોગા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

સ્વર્ગ દીજે લાખ એક,
અને હુરાં લાખ પચાસ;
અધીક જો માંગે બાપડે,
તો શાહો તેરે પાસ. ॥૫૭॥

હરિ મિલ્રને કા નેહડા લાઈ,
ક્યું સુખ પાવે સૃજન ટાલી ? ॥૧॥
શાહ બિના જિસ્કું સર્વ અભાવા,
સો ક્યું દેવે સ્વર્ગું પાવા. ॥૨॥
મોજ દોજખ કીજો સુધિયા પાવે,
અદકે ચાઉં સો જાએ ઝંપલાવે. ॥૩॥
દોજક આંચે સબ કું અભાવા,
જયેસી અગન શું કાઠી જલાવા. ॥૪॥
દોજક ઉપર ચલિયા જાવે,
સારૂં માંહે ફિર ફિર આવે. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

એ તો ઝાલ સ્નેહ કી,
લાયા અપના ઢાલ !
દોજક અગ્નિ જો લકડી,
હઈડે લાઈ મૂલ. ॥૫૮॥

પ્રેમ ખેલ તમે દેખો લોકા,
કિન કિન પેરે હોવે ભોગા. ॥૧॥
જિન્ને મિંતુકા કીના ચાવા,
તિન તિન પેમકા મેલા પાવા. ॥૨॥
શિરથી ટાલી અલગા બેઠા,
સોસબ જાણો ઈસ મંદિર પેઠા. ॥૩॥
રાવણ દેખો માણુસ કારણુ,
કયું નાં રહ્યા અપને ધારણ? ॥૪॥
સીતા કેરા લાગા નેહા,
દશ શિર રાવણ તલમાં દેહા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સીતા કારણ દુઃખ સહ્યા,
દશ શીસ દીનાં જાએ!
પણ સાચા સૃજન કારણે,
એક શિર દિયોના જાએ. ॥૫૯॥

દેખો નિશ્ચય સૂજન કાજા,
શિર ઉગારે ન આવે લાજા? ॥૧॥
માણસ કારણ કયા કયા કીના,
સૂજન કારણ જીવ ન દીના. ॥૨॥
એ સબ આહે મકર જો કામાં,
પ્રેમ ખેલ તો ન આવે ઠામાં. ॥૩॥
ત્રિયા દેખો હિન્દુ કેરી,
મૂએ ઉપર એ વારી ફેરી. ॥૪॥
તમકું ના આવે મનમે લાજા,
જે જલાણે સૂજન બાજા! ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ત્રિયા હિન્દુ કી સતી કહું,
જો જાલે મૂએ કાજ;
તિલ નાં રાખે જીવડા,
અપણે પુરષજ પ્રાજ. ॥૬૦॥

સત્ય કે કારણ સતિ જીવ ગુમાવે,
અવર પુરૂષ શું જીવ ન લાવે. ॥૧॥
તેમ તમ આપસકું સતિ આંખો,
હરિ પુરૂષ કું હૃદયમાં રાખો. ॥૨॥
યહાં લગણ તુજે લાજ ન આવે,
સતી પુરૂષ યુગ માંહે કહાવે. ॥૩॥
પુરૂષ મારી યુગમાં રહે ગમારા,
પુરૂષ પાંખે સુધા અંધારા. ॥૪॥
દેહા સર્વ લાગે કાજ નકારા,
જિન્કુ ધર્મે દોયુગ તારા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

સતિઆ યુગમાં તીશે કહુ,
જે જાવે પખજ ઢોલ,
આપ જલાવે સાચ શું,
રહે' નાં કિશિકે બોલ. ॥૬૧॥

૫

સત્ય શું નેહા પતંગે જો કીના,
લે આપશ બિચ અગન જો દીના ॥૧॥

અપના સૂજન તોજા પાવા,
અગન આંચ શું કીના ચાવા. ॥૨॥

જ્યું ઝાલ હૈયડે શિર લગી પાવા,
યું પ્રીત પતંગ કી સુધી આવા. ॥૩॥

જિસ્મા હુતા શાહ કા નેહા,
તો કાંએ ના જાલે અપની દેહા. ॥૪॥

પ્રત્યક્ષ આહે યેહી ગાલી,
કોઈ નાં જાલે સૂજન ટાલી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

કોઈ ના જાલે આપકું,
જ્યાં લગી ન લાગે નેહ;
બ્રિહે હોવે જિસ્કું,
સો જાલે હૈયડા ખેહ. ॥૬૨॥

જેકો હોતા પ્રેમજ જોગા,
અયસી અગન શું કીના ભોગ. ॥૧॥
અંવરે બાકી શાહ નાં પાવે,
ઠાલે ઘરમે આવે જાવે. ॥૨॥
પ્રેમ ઝાલે ન જલિયા કોઈ,
નેહડા પાયા સો અગ્નુ જોઈ. ॥૩॥
યેહ અગન કી ગાલી મોટી,
કોઈનાં ઝાલે એ નિશ્ચે ખોટી. ॥૪॥
નેહ બિન શાહો તો કયસા પાઈએ?
ઠાલી ઘરમે આઈયે જાઈયે! ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જયેણે પરમરસ'નાં ચાખીયા,
અને નેહ' હરિ શું ન લાએ;
ઠાલે ઘરકા પરૂણલા,
જયમ આવે તેમ જાવે. ॥૬૩॥

બંધનાં બાંધ્યા ફરે નહિ કોઈ,
પ્રેમે ખેલો તમે સાચા હોઈ, ॥૧॥
નેહ બિન શાહો' નેહ બિન સાવા,
નેહ બિન હેત' નેહ બિન હાવા. ॥૨॥
નેહ બિન શાહો તે કચેશા પાવા ?
સૂજન પાખે કયશા જાવા ? ॥૩॥
નેહ બિન શાહો તો કયશા જાણી ?
જયમ ગાજર ખાઈને પીજે પાણી. ॥૪॥
છાલ ફૂટે ચોખા ના પાઈયે,
નેહ બિન જોબન અયેશા ખોઈયે. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

જે હરિશુ નેહ ન લાઈયા,
આયા અતી સંસાર !
જન્મ દુ:ખી તિસે જાણીયે,
જેણે ખોયા હે' કિર્તારિરે. ॥૬૪॥

નેહ બિન સજન હાથ ન આવે,
નેહ બિન સેજે પ્રેમરસ' ન ભાવે. ॥૧॥
નેહકી આહે ગાલી મોટી,
શાહ કો ન જાણે તો નિશ્ચે ખોટી. ॥૨॥
જિન્ કીને કીના રસશું ચાવા,
શિર કે સાટે' ઉન્ને પાવા. ॥૩॥
સાચ કી બાટું જો જીવડા ધરસી,
રસકી ઘડી બિન રસ કયસી ? ॥૪॥
રસથી હોવે સર્વ સંજોગા,
બિન રસ પ્રિત ન બિન રસ ભોગા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

પ્રેમ રસ અતી મીઠડા,
તમે જોઈ લેજો જાણુરે;
જહાં ન દીશે રસ વિના,
દુજા ન મિલતી' પાન રે. ॥૬૫॥

જો શાહા મન્ બેશે સેજા,
બાત ન કરશે બિન રસ હેજા. ॥૧॥
ચકવા ચકવી કી પૂંછો બાતાં,
રસ બિના ગઈસો કયસી રાતાં? ॥૨॥
રસમાં શાહો' તો હોતા ભાઈ,
મિંતજ મિલતા તત્ક્ષણ જાઈ. ॥૩॥
રસશું લીના અપના સાથી,
હુંસજ' પોહોંતી ચોદ્દીશ રાતી. ॥૪॥
ચોલી ચીરે ઉઠિયા ભાવા,
બિન રસ હોવે સર્વ અભાવા! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મેલ મિલાવો હે સખી!
સોહી સબ રસ જાણ,
બિન રસ શાંહો નાં જાણીયે,
તિસ હેડે સુખ ના આણ. ॥૬॥

રસ શું ખાણા રસ શું પીણા,
રસ શું શિષ રણમાં દીના. ॥૧॥
રસ બિના બોલા ચાલી ન હોઈ,
રસ બિના મિલ્તા ન દેખા કોઈ! ॥૨॥
પાન ફૂલ બિન રસ ન હોવે;
જો બોહુતેરા ફિર ફિર જોવે. ॥૩॥
રસ બિના પ્રિત હરિશું નલાગે!
સબ્ સોહાગણ' દુઃખમાં જાગે. ॥૪॥
જો તમે દેખો યેહ કિર્તારા,
રસ શું બાંધ્યા સબ્ સંસારા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યુગમાં મીઠા પ્રેમ રસ,
જે કોઈ દેખે આંખ;
શાહ જો પાવે શિર લગી,
તો હેડા દેવે શાખ. ॥૬૭॥

રસશું રાજા કયસા હોવે ?
તાપી માં જયું ચકવા સોવે. ॥૧॥
રસથી આહે યુગ અમુલા,
રસથી પાયા' સૂજન ઢાલા. ॥૨॥
બિન રસકી તો બાત નાં જાણી,
જે રસ જાઈ શાહો શું માની. ॥૩॥
અપને ચાઓ મરસે કોઈ,
સાચા રસિયા જાણો સોહી. ॥૪॥
શાહ બિના મરણાનાં આવે કાજા,
જયસી કાચી ઠીકરી ભાજા ! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મીઠા મરણા ઈસ્ યુગમાં,
જે પેહેલાં મરી કરી જાએ;
શાહ જો પાવે સોહાગ કા,
હોવે'ન મરણા દૂજીવાર. ॥૬૮॥

મરણા સો તમે ઈસ્કું જાણા,
જે કોઈ જલાવે પાંચે બાના. ॥૧॥
સાચા મરણા મરીયે માંહી,
મરના જાશો' ફિર ફીર આંઈ. ॥૨॥
મૂએ કું મારના કયેશા આહે ?
આપ મૂએ બિના કોઈ ન પાહે. ॥૩॥
મરણા સાચા અદિક વસેખો,
જયાંલગી આપસકું મુવા ન લેખો. ॥૪॥
દુજા મરણ મરણા આંહે,
ફોગટ મરણા કારણ લા'હે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

શાહ કી પ્રીત દોહેલી,
જો શિર સોહ'તી જાએ;
પ્રેમ ખેલ હે તુજ મહાં,
મૂએ કીરત વણાએ. ॥૬૯॥

સાચી સતી સોહી જાણી,
જીવ દેતાં જેણે સંખનાં આણી. ॥૧॥
સોહાગણ બાટ તમે ચેહી જાણો,
શિરકા સાટા તમે પેહેલા આણો. ॥૨॥
શિર આગલ કરી પગલા ધરણા,
સતકી બાટું સુધા મરણા. ॥૩॥
જીવડા લાઈએ અવર જો સાથે!
તો કયું આવે સૃજન હાથે? ॥૪॥
સુખ શું બેઠા જાવે સોહી,
અપના સૃજન ખોવે સોહી! ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાજન કે ઘર જાઈયે,
સાથે ન લીજે કોય;
પીછા ફીર નાં દેખીયે.
જો હોણી હોય સો હોય! ॥૭૦॥

હરિશું નેહ કીજે ચાહૂવા,
ફિર નાં દીજે પીછે પાવા. ॥૧॥
યહાં તો આપો આપહી લડણા,
કદી ન હોવે એ પીછે ટલણા. ॥૨॥
શિર ઉગારી પીઉ જો લેવે,
સો યું જોબન એલે ખોવે! ॥૩॥
જો તમે સર ઉગારા ચાઓ,
પ્રેમ ખેલ' તો તમે કદી ન પાઓ. ॥૪॥
નેહકા શાહો તોજા પાઈયે!
અપણા શિષ જો આપ ગમઈયે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

નેહ કે મંદિર પેશીએ,
મત્ કો પીછે ધાએ;
જન્મની કાસલ બાપડે,
એશિર સેતી જાએ. ॥૭૧॥

લયલા' મજનું' નેહડા કીના,
જીવ આગલ કરી પ્રેમુ ભીના. ॥૧॥
જો એ હોતા. પ્રેમકા સાધા,
તો ઈસે કીના દુ:ખમાં આધા. ॥૨॥
જે કોઈ શુણિયા કોઈ કાંહાં,
જીવ ગુમાવ્યા તલ એક માંહાં. ॥૩॥
શિર કા સાટા પેહલા કરણા,
જીવ આગલ કરી પગલા ધરણા. ॥૪॥
નેહ કે મંદિર પેસે કોઈ,
પેહેલાં બેશે જીવડા ખોઈ. ॥૫॥

તુંહીં સાચ્ચા સાંઈ હો.

શેજ શાહ કી જે ચડે !
સો શિર ધરે ઉતાર !
દુ:ખ સેહેવે શિર લગી.
રેહણા ખાંડા ધાર. ॥૭૨॥

સાચા સોના વાં નીકલ શે,
લે કર બીચ અગન જો ધરશે. ॥૧॥
અગ્નિ એ જલતાં સંખ ન આણે,
ચુન્દા સોના સબ્ કોઈ જાણે. ॥૨॥
સારી અગન ન શિર ઉપર સેહવે,
ત્યાં લગી ચુંદા કોઈ ન કેહૂવે. ॥૩॥
જો બોહોતેરા ઘડિયા ઘાટા,
તો મેલ ન છોડે જાલે માટા. ॥૪॥
પીતલ રંગ તો સોને તોલા,
બોહોત કસીએ પણ ન આવે મોલા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સોના કસીએ સાચ શું,
અને દીજે અગનજ માંએ;
ધમણ ધમી'ધમી જાલીએ,
સત્ય નાં છોડે ત્યાંએ. ॥૭૩॥

જૂઠા અગ્નિ કયેશી સેહવે ?
જો આપસ કે ધારણે નાં રેહેવે ! ॥૧॥
ગલી ગલી જાવે એ'કસ ટાલા,
જૂઠા કયું કર રેહેણે ડાલા. ॥૨॥
પ્રેમ અગ્ને જયેમ કાઠી જલતી,
સહી ન જાવે અવર કીસીથી. ॥૩॥
સહી અગ્નિમાં જલિયા હોવે,
તો પીતલ રંગ ઉસે કોઈ ન કહેવે. ॥૪॥
યુગમાં આપસ કું અયેસા દેવે ?
સત્ય સોના તો કયુંકર લેવે ? ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

હું બલિહારી ગુરૂ આપણા,
અને જપો હરિકા નામ;
કાયા આપણી જે કરે,
સો પાવે અમર ઠામ. ॥૭૪॥

સત્ય તમે દેખો મચ્છલી કેરા,
જાએ ઝપાણી નિરમલ નીરા. ॥૧॥
સત્ય નાં છોડે અપના કાંઈ,
મિજ પાણીમાં ઝબકી બાઈ. ॥૨॥
અપને ચાઉં ફિર ફિર આના,
કદીનાં કીના બાહેર જાના. ॥૩॥
દો યુગ પ્રિત'એ સૂધી જાણી,
નેહ બંધાણા મચ્છલી પાણી. ॥૪॥
મચ્છલી પ્રિત જો જૂઠી જાણી!
કરધરીને જબ્ બાહેર આણી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

મચ્છલી પાણી નેહ હે,
જાકર દેખો લોક;
જયશી સતિકું પ્રગટી,
અયેસા હોવે ભોગ. ॥૭૫॥

મચ્છલી પાણી નેહ બંધાણા,
જીવ એ જીવ માંહે સંધાણા, ।।૧।।
+અબ્લે અલગી કરે જો કોઈ !
મરણા પાંખે દુજી બાત નાં હોઈ. ।।૨।।
નેહ બંધન જો એયેસા કીજે,
તલ બિછડે જીવડા દીજે. ।।૩।।
નહિતો નેહડા જૂઠા જાણી,
સાચા નેહડા મચ્છલી પાણી. ।।૪।।
નેહ પઠંતરા અયેસા શિખો,
ઢાંકા નહિ પણ પ્રગટ લેખો. ।।૫।।

તુંહીં સાચા સાંઈ હો.

સાચ છુપે ન +બાવલે,
જો એ છુપાવે કોએ !
ચાંદ કું ડાલે ઢાંકીએ,
તો ક્ષણ ક્ષણ પ્રગટ હોએ. ।।૭૬।।

×અબ્લે=મૂર્ખપણે
+બાવલે=મૂર્ખતાએ

મચ્છલી પ્રિત સો સાચી જાણી,
અપને ચાવે સો જાય ઝપલાણી. ॥૧॥
તબ્ પીછે ફીર' બાહર ના દેખે,
પાણી સાથે એ મરણા લેખે. ॥૨॥
નેહ કી ગાલી મિતુ જાણી,
પ્રગટ આહે નહિ કાંઈ છાની. ॥૩॥
અવરે સો દેખા દેખી હોઈ,
ઈસમાં મિલતા ના દેખા કોઈ. ॥૪॥
એ ઘર નિર્મલ સાચા હોઈ,
પ્રિત બાજ નાં સીધા કોઈ. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

જે જડ જડી સજના,
રેહણુ મેલી અપાર;
સો' જડ કબુ નાં ઉખડે,
જો લક્ષ મિલે લવાર. ॥૭૭॥

૬

જન્મ નાં છૂટે પ્રેમકા બાંધા,
ન્હે ભલેરા મચ્છલી સર સાધા. ॥૧॥
જિન્ને એ ચોટ' લગતી જાણી,
મારી કલેજે ગિણ કેર તાણી. ॥૨॥
કોઈ નાં જાણે દુઃખ બ્રિહે કેરા,
સોહી જાણે જિસ પડિયા વેરા. ॥૩॥
પ્રેમ આંચ જિસ હૈડે લાગી,
શાન્ત સૂવે નહિ સત્પંથે જાગી. ॥૪॥
જન્મ દુઃખી હૂઈ સોહી દેહા,
જિસ્માં ન પડિયા હરિકા નેહા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સાચી સતિ તીસે કહું,
જો બાંધે હરિકી આસ;
નિશ દીન જપે સાચશું,
તો હરિ હે તિસપાસ. ॥૭૮॥

જિને પ્રેમ રસે બ્રિહે સતાવે,
નિશ'દિન સુખે તીસે નીંદ ન આવે.।।૧।।
પ્રેમ પીડા તીસે પૂછો જાઈ,
જિન્ને એ ભલકા' ખાધા કોઇ. ।।૨।।
તેમ' તેમ બ્રિહે અદકી જો ચાલે,
ચોટ બ્રિહેકી માંહે સાલે. ।।૩।।
પ્રેમ ઘાઓકા ઔષધ ન પાણી,
જિન્ને એ ભલકા લગતી જાણી. ।।૪।।
છાની ચોટ બ્રિહે કા મારા,
જન્મ પાલવે પ્રેમકા જાલા. ।।૫।।

તુંહીં સાચા સાંઈ હો.

તલએકસહીનાજાવેબાવલે,
એસી પ્રેમ કેરી ઝાલ;
ભસ્મ કરાવે તલમાં,
ધરણી સ્વર્ગ પાતાલ. ।।૭૯।।

નેહ કે મંદિર જે જા પડીયા,
રૂંએ રૂંએ તીસે દુ:ખેજ જડીયા. ॥૧॥
માણસ ધ્યાનસેં સો સબ ટાલા,
અયસા શાહકે પ્રેમું જાલા. ॥૨॥
શાહકા પ્રેમ જિસ્મા આણા,
સો સબ જાએ અગ્ને જલાણા. ॥૩॥
અન રસી' સુખશું સોવે સારી,
પ્રભુ માતે રોવે જારી. ॥૪॥
અવરં સો અયે'સાહ બાજી બૂજે,
સત્ય કી બાટે સદ્દગોર સૂજે. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

શિષ સાટા જે કરે,
સો પ્રેમે ખેલા જાએ;
જીવ ગમાવે આપણા,
સત્ય કા બાંધા આયે. ॥૮૦॥

શિષ કે સાટે સૂરા કહાવે,
દુઃખ દોહેલા ચાહવું ખાવે. ॥૧॥
કાહેર પણાતો કયુંકર કીજે ?
પ્રેમે પાઓ' તો યુંકર દીજે? ॥૨॥
ગર ચોગાન જે કોઈ ખેલા,
શાહા પ્રેમસું અયેસા મેલા. ॥૩॥
શિષખોતા જેણે દિલમાં નાં આણા,
સો સબ ખેલી ઈસ મંદિર જાણા. ॥૪॥
શાહ પ્રેમરસ તો ખેલા જાવે,
તત્ક્ષણ શિષ જેકો ગમાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

છાના સત્ય જો શાહકા,
અને પ્રેમસું ખેલા જાએ;
જયાં લગી શિષ ન ઢલી પડે,
અને લોક નાં દેખે ત્યાંએ. ॥૮૧॥

સતિયે સત્ય જો સાચા જાણી,
જીવ દેતાં જેણે સંખ નાં આણી. ॥૧॥
આપ સમજે ઈસ' બાટું ખોયા,
તો એ નેહડા ચાખી જોયા. ॥૨॥
શુદ્ધ બુદ્ધે ખોઈ અપની દેહા,
યુગકે ગુરૂ શું કીના' સ્નેહા. ॥૩॥
ગાંઠે મુઠ્ઠી કછુ ન રાખી,
સદ્દગોરે લે અયેસી આંખી. ॥૪॥
જ્યાંલગીઆપસકું મૂઆ નાલેખે,
ત્યાં લગી સદ્દગોર માર્ગ ન દેખે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાચા સદ્દગોર કીજીએ,
જૂઠા નાં આવે કાજ;
કદી'નાં પાઇયે શાહકું,
આપસ ખોયા બાજ. ॥૮૨॥

સુધી સોહાગણ ચુંકર જાણી,
જીવ દેતાં જેણે સંખ નાં આણી, ॥૧॥
સાવ સવાદ દોજખ કેરા,
શાહ બિન જાણો ફોગટ ફેરા. ॥૨॥
શાહ નાં પાઈએ જો અપના,
સ્વર્ગું માંહે હોવે તપના. ॥૩॥
ઈસ્થી અવરૂં કોઈ નાં લેવે,
સાધા પ્રેમકા સબ યુગ દેવે. ॥૪॥
જિન કીને નેહા મિતું કીના,
સો સબ અપને સાથું લીના. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જો કછુ આહે શાહ બિના,
સારી પૂરી દેહ;
દર્શન જો દેખા શાહકા.
સોજા કછુ નાં લેહ, ॥૮૩॥

દર્શન સાચા સોહી પાવા,
જિને આપસકું ખોહ ગમાવા. ॥૧॥
સુની દુનિયા ધાત ન જાણે,
ગાંઠે સુઠ્ઠી કોઈના આણે. ॥૨॥
અયેસા જો કોઈ સત્યશું રહેવે,
ખોવે આપસકું તે બેઠા જોવે. ॥૩॥
ખોયા બાજ ન જોવે કોઈ,
જોવે સો જિન્ને ખોયા હોઈ. ॥૪॥
એતો આહે પ્રતક્ષ ગાલી,
કિન્ને નાં પાયા ખોયા ટાલી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

આપ ખોએ શાહ મીલે,
શાહ ખોએ સબ હાણ;
યેહ સબ કેહણી દેવ કી,
તમે દેખો લોકા જાણ. ॥૮૪॥

છાશે મસ્કા પ્રગટ જોવે,
જોવે તે જે છાશી ખોવે. ॥૧॥
જ્યું જ્યું પાણી માંહે બાવે,
ત્યું ત્યું મસ્કા તરતા આવે. ॥૨॥
જો મહિયારી સાચી હોવે,
મસ્કા કારણ છાશી ખોવે. ॥૩॥
જે કોઈ છાશ ઉગારી ચાહવે,
સો કયું મસ્કા પ્રગટ પાવે? ॥૪॥
જો દીન અમુલા મુલ ન પાઈએ,
સો કયું ફોગટ ખોહ ગમાઈએ? ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

કોઈ નાં લેવે તુજકું,
યુગ સારાંમાં પોકાર;
મસ્કા ખોયા કાલ મુખી,
અને છાશી રહી ઉગાર. ॥૮૫॥

દેહા જો આહે છાશી તોલા,
શાહો મસ્કા માંહે અમુલા. ॥૧॥
છાશ મસ્કા માંહે જો રેહવે,
તેમ' તેમ મૂલ અદકા લેવે. ॥૨॥
મુજ છાશે શું તલ નહિ ભાવા,
સોહાગણ સો જિન્ને મસ્કા પાવા. ॥૩॥
સાચી મહિયારી મસ્કે લાગી,
મસ્કા ખોયા મૂર્ખ અભાગી. ॥૪॥
સૂજન માંહે એયેસા જાણો,
મસ્કા છાશી દેખ પિછાણો. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જો વલોવે આપકું,
નેહ કા રવૈયા બાયે;
જૂઠી છાશી બાહેર કરે,
તો મસ્કા તરકર આએ. ॥૮૬॥

માણુક છીપે રહે સો છાના,
આપે રહ્યા માંહે લોભાના. ॥૧॥
પ્રત્યક્ષ માણુક જો તમ્ માં પાવા,
દેહી છીપ જો જાએ ભનાવા. ॥૨॥
છીપ ઉગારા જેકો કરશે,
માણુક યું કયું ×મેટું પડશે ? ॥૩॥
રહે કોશલ સઘલી માંહી,
તિસ્થી રહ્યા માંહી છુપાઈ. ॥૪॥
જેણે [1]સમંદર માં આપે ખોયા,
તેણે એ માણુક પ્રગટ જોયા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

ખોયા જેણે સમંદર માંહા,
જોયા રૂડે આજ;
કિન્ને ન પાયા પ્રગટા,
આપસ ખોયા બાજ. ॥૮૭॥

× મેટું પડશે=હાથે ચડશે.

[1] સમંદર=શ્રીહરિ.

યોગણ હોવે યોગે રાતી,
ભભૂત ચડાવે દર્શન માતી. ॥૧॥
મુંદ્રા કારણ ભિક્ષા માંગી,
સુધી રાવલે ભૂરખી નાખી. ॥૨॥
હાથે ખપ્પર ઘર ઘર' જાવે,
સુધી યોગણ અવર નાં પાવે. ॥૩॥
યોગણ યોગ તોહી લેવે,
સર્વ કંથા શું આદેશ રેહેવે. ॥૪॥
કાને કુંડલ સત્ય કા બાવે,
સુધી યોગણ અવર નાં ભાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યોગી કારણ ઢુંઢિયા,
આદેશ દેઈ સબ;
શાહ પાવે સોહાગકા,
દર્શન હોવે તબ. ॥૮॥

ભસમ કરો તમે યોગી લાગે,
યોગી શો જે દર્શન માંગે. ॥૧॥
સત્ય લેઈ અંધારા મેલે,
આશણ મારી યોગશું ખેલે. ॥૨॥
યેહ તન જહાં લગી માટી નીં' કરશે,
યોગી કારણ તપ તપી મરશે. ॥૩॥
રાવલ પાઈએ તો સુખ હોવે,
યોગણ હોવે તો યોગી મોહ્‌વે. ॥૪॥
જેણેયોગી'કીજટાબંધાતે ન જાણી,
સુધા રાવલ કી ધાતં નાં જાણી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

રાવલ કારણ ઢુંઢિયા,
જંગલે કઠોટા વાલ;
ચિત્ત જો કીજે નિર્મલા,
માંહે કી કાશલ ટાલ. ॥૮૯॥

કાશલ ખોણા ચેહી વશેકો,
જો' એ પ્રેમું આપે દેખો. ॥૧॥
ઈત્ની કાસલ આવે માંહી,
શાહ મુખ દિખલાવે નાંહી. ॥૨॥
જો બોહૂતેરી ભક્તિ હોવે,
માંહે કાશલ ફોગટ ધોવે. ॥૩॥
માંહે નિર્મલ નીરજ હોવે,
બાહેર બેઠા ફોગટ ધોવે. ॥૪॥
બાહેર ધોએથી મેલનાં જાવે,
જો પાણીમાં જન્મ ગુમાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ઘર ઉપર જયું દીવડા !
અને માંહે કાલી રાત !
ફોગટ ધોણા બારકા,
કાશલ ન જાવે સાથ. ॥૬૦॥

મચ્છલી ભેદ તમે દેખો લોકો,
નિશ'દિન કરે નીરશું ભોગા. ॥૧॥
જો એ અગ્નિ માંહે રંધાણી,
વશે નિરે પણ ગંધે ગંધાણી. ॥૨॥
કાટી ફૂટી નીરમાં બાઈએ,
તેમ તેમ ગંધ અદકિ પાઈએ. ॥૩॥
માંહેકી કાજલ એચેસી જાણી,
ગંધ નાં છોડે ધોવે પાણી. ॥૪॥
એ અચંબા પ્રગટ દેખો,
માંહે કી કાશલ એચેસી લેખો. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

મછલી સંમદર જાએકર,
બોહોત વશે જો નીર;
ગંધે ગંધાણી અગનથી,
અવ્ગુણ માંહે શરિર. ॥૯૧॥

×તરૂવા દેખો યેહી ભાવા,
માંહિ કાશલ તો મૂલ્યના પાવા. ॥૧॥
રૂપા કેરે મૂલ્યે નહિ ચાલે,
માંહે કી કાશલ બાહેર ન ડાલે. ॥૨॥
રંગે રૂપા પુરા આવે,
માંહે કી કાશલ તો મૂલ્ય ન પાવે. ॥૩॥
મન સમજાઈ ઈત્ના જાલી,
પાક ન હોવે નિર્મળ ટાલી. ॥૪॥
માંહે કાશલ જરા ન રેહવે,
તિસ્કું તરૂવા કોઈ નાં કહેવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

કાશલ માંહેકી કાઢીયે,
તો પાવે રૂપા મલ;
પરખો કેશણા માંહેકી,
આપણું સાંઈ કે બોલ. ॥૯૨॥

×તરૂવા=કથીર

પરખો કેશણી માંહે કી સાચી,
ખરી અભાગણ તરૂવે રાચી. ॥૧॥
પ્રત્યક્ષ રૂપા જાહેર દીઠા,
તિસ્સુથી તરવા લાગે મીઠા. ॥૨॥
તરૂવા દેહી દો સરીખા જાણો,
રૂપા તિસ્મા તમે દેખ પિછાણો. ॥૩॥
જબ લાગી તરૂવા નીકલી ન જાવે,
તબ લગ રૂપા કોઈ નાં પાવે. ॥૪॥
મન સજાઈ ઈન્ના જોણા,
તરૂવા કારણ રૂપા ખોણા. ॥૫॥

લુંઠીં સાચા સાંઈ હો.

તરૂવા દેહી દોએ સરીખા,
અને પાઈએ સરખા મોલ;
નહિતો રૂપા પ્રગટા,
નહિતો ઈસ્મા ×ઢોલ. ॥૯૩॥

×ઢોલ=સ્લેટ.

એહી ઘાત તમે પ્રત્યક્ષ બુજો,
ઠાકુ ઠાંહા તમે કાંએ ન સૂજો. ॥૧॥
બાહર ઢુંઢણ કાયકું જાઈએ?
સગલી બાતાં તમમાં પઈયેં, ॥૨॥
ઓહોત બ્રાહ્મણ સતિ કહાવે,
ઘડી ઉગે યુગ ફિર કર આવે. ॥૩॥
ઘટમાં આહે સૂજન તેરા,
કાયકું દીજે બાહેર ફેરા? ॥૪॥
જે કોઈ નાખે આપસ ટાલી,
શાહ બિન નાહી દુજી ગાલી. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

ઘટમાં તિર્થ સન્મુખા,
ઘટમાં ધર્મ દ્વાર;
સાચા ધોણા માંહેકા,
ફોગટ ધોણા બાર. ॥૯૪॥

હેહડી સરીખા માંહે હોઈયે.
બાહેર બેઠા ફોગટ ધોઈયે. ॥૧॥
બાહેર ચાંદ્રણા રૂડા ભાવે,
માંહે અંધારા કામ ન આવે. ॥૨॥
હિન્દુ મુસલમાન જિત્તે કહેતે,
સો સબ્ દેખો યે મનમે લેતે. ॥૩॥
મક્કા મદીના જે કોઈ રેહેતે,
સો સબ દેખો યેહ નામજ લેતે. ॥૪॥
મક્કા મદીના બોહોતેજ જાવે,
માંહે ધોવે તો શાહ પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

માંહે ધોઈએ બાપડે,
જો હોયે સુધા જ્ઞાન;
ચું કયું પાકજ હોઈયે?
જોશી કેરે સ્નાન. ॥૯૫॥

ભીતર મેલે કાંઈ ન સૂજે,
જો બાહેર ગંદી પખાલી બૂજે; ॥૧॥
મુખે નામ સૂજન કા લેવે,
પથ્થરે શીષ જાજા દેવે. ॥૨॥
સાચ જો ચાહિયે હેડે માંહા,
ધોયા ચાહિયે સોહી ઠાંહાં. ॥૩॥
પ્રત્યક્ષ ધોણા જોશી એલા,
મુજ પ્રેમું ભી અયેસા મેલા. ॥૪॥
સૂધા હોવે યેહી ભાવા,
માંહે ધોવે તો શાહ પાવા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

બાહેર ચાંદ્રણા નિર્મલા,
માંહે કાલી રાત;
જ્યારે ચોર પ્રગટે,
અપની ચોરી સાથ. ॥૯૬॥

યેહ સબ ચોરી પ્રગટ લીના,
જયાં એ મગતી મકર જો કીના. ॥૧॥
બાહેર સ્નાન કાયકું કીજે ?
માંહેકે ખતરે ઝાડ કર દીજે. ॥૨॥
પંડયા વોહી જો સાચા ભડિયા,
જયસા ગાડા કીચડ ગડિયા. ॥૩॥
પંડયા લોભ દુનિયા કા કીના,
કોલ રસુલ શું મન નહિ દીના. ॥૪॥
દુનિયા' દીનકી જો મિલતી ઘાતા ?
એ' દીન હોકર કોઈનાં જાતા ! ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

દુનિયા મુરદાર પ્રગટી,
મકરે નાં આવે છેહ;
દીનજો પાક કીજીયે,
તો હોવે દુનિયા ખેહ. ॥૯૭॥

*મગતી કેરા દેખો કામા,
વોહભી દોડે કારણ દામા. ॥૧॥
ઈત્ની ખ્વારી તિસ્થી સ્હેવે,
દુનિયા પાખે જીવ' ન રહેવે. ॥૨॥
નહિંતો બાંદી ઈસે ભી કહિયે,
જૂઠે કામે કયું શાહ લઈયે ! ॥૩॥
ફિર ફિર કીજે ચોરી કામા,
જીભું લીજે સૂજન નામાં. ॥૪॥
રાબિયા દેખો દુનિયા છોડી,
તત્તક્ષણ અપના સૂજન લોઢી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મગતી ભી જો સાચશું,
જો લોઢે અપની બાટ;
મીંત અપને કું પાઇએ,
જો કછુ નાં હોવે ઘાત. ॥૯૮॥

*મગતી=વેપારણ.

વાણીયા બેઠા ઉસકે કારણે,
આપે બેઠા હાટકે બારણે. ॥૧॥
બોહોત ઘરાકાં ચલ કર આવે,
તોજા ઉલટ અંગનાં માવે. ॥૨॥
જૂઠે હોવે સગલે પાના,
જૂઠી દુનિયા કા કીયા બાના. ॥૩॥
સૂધા ચાલો અપને ભાવા,
તોજા અપના સૂજન પાવા. ॥૪॥
શાહકી જીકરે શાહ જો પાવે,
લે ઘર અપના સૂજન આવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

દુનિયા કારણ વાણીયા,
દોડે લોક ડંડન કાજ;
ઈસ ભાવે કેમ મિલશે?
સાચા સૂજન આજ. ॥૯૯॥

મુલ્લા મશાયક જાહાં લગી કહિયે,
દુનિયા કારણ આપસ દહિયે. ॥૧॥
અયેસે અંધે જે એ કસ ટાલા,
મુજ માંહે દુનિયા એ' કસ હાલા. ॥૨॥
સૂજનથી સબ્દ જો દેખા,
માએના પાખે નલાગે લેખા. ॥૩॥
સાચ જો' છોડે જો દુનિયા લોઢે,
મિજલિસ નબીકી જાકર છોડે. ॥૪॥
સુખશું બાહર જો જાકર રેહવે,
આપના સૂજન વોબી લેવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સબ બંદે રેહમાન કે,
સબ સહી એકજ તોલ;
દુનિયા લોઢે દુરિજના,
તિસથી ખોયા મૂલ. ॥૧૦૦॥

શેખ અશાયખ જે કેહલાણે,
સો સબ મકરૂં જાએ જપાણે. ॥૧॥
હાથે મિકરાઝ લેવે હ્વા ધારી,
તિસ્થી કતરી પૃથ્વી સારી. ॥૨॥
ચુંતો મુર્શિદ નાં હોવે પૂરા,
શાહ પાખે જન્મ અધુરા. ॥૩॥
સત્ય કી મિકરાઝ રસુલે લીની,
જિને પૃથ્વિ કતરી પાકજ કીની. ॥૪॥
અવર સો પાખંડ બાજી કહિયે,
ઈ હિલલ્લા મિકરાજ હાથું લહિયે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સાચી મિકરાઝ સત્યકી,
જે ચાલે યુગે રસુલ;
કતરે જોજો શાહ બિના,
સો કતરે વોહ જડ મુલ. ॥૧૦૧॥

સાચી મિકરાઝ ચેહી ભાવા,
જો'જા કતરે શિર લગી પાવા. ॥૧॥
સાચા કતરના મન કા કહિયે,
બાહેર કતરેથી મૂલ્ય નાં લહિયે. ॥૨॥
પ્રેમું હોવે સરસા સરસી,
માંહે કે પરદે સબ કતરસી. ॥૩॥
બાહેર કતરનાં' હજામત કામાં,
પીયુ અપના ચું ન આવે ઠામાં. ॥૪॥
કાસલ આહે'રે હૈડા માંહીં,
કતરા ચાહિયે સોહી ઠામા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

હૈયે કતરની જે કરે!
સબ કાશલ નાંખે કાટ,
પીરપણા કચું પામિયે?
બાહેર કતરે માટ. ॥૧૦૨॥

શિઝરા કુલાહ્ હાથું હેવે,
શાહ બિના શિરકી પઘડી લેવે. ॥૧॥
છાની ચોરી જાહેર બૂલાવે,
શાહ બિન શેખ પાઉંજો હેવે. ॥૨॥
જયસી બાટ બટાઉ લેવે સાજી,
અયેસા હોરહ્યે હૈયા મનકા રાજી. ॥૩॥
જપની તપની લોક દિખાવે,
જહાં લગી અપના હૈયાનાં પાવે. ॥૪॥
જપતાં સારી રેહણી જાવે,
તોજા અપના સૂજન પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

કુલાહ્ હેવે શિરમાં,
સુજરા હેવ હાથ;
શાહ ન પાઈયે અપના,
જો' એ કાસલ હોએ સાથ. ॥૧૦૩

ચાર તરિકે જાકર લેવે,
સો સબ શુજરા કુલાહ્ હેવે. ।।૧।।
પેહલી તરીક જો આપજો રહિયે,
સેવા કારણ જીવડા હેયે. ।।૨।।
દુજી તરીક સો દુનિયા નાંખો,
ચિત્ત સઘલા શાહ ઉપર રાખો. ।।૩।।
ત્રીજી તરીક સો +ટાલા કરના,
જો શિર પડે સો સબ સેહણા. ।।૪।।
ચોથી તરિકે નિમેડા કરણા,
નેકી બદીસે દેખી ડરણા. ।।૫।।

તુંહીં સાચા સાંઇ હો.

તરક કરો સબ શાહ બિના,
મકર કરો સબ બાર;
એતો સાચા ખેલહે,
રેહણા ખાંડા ધાર. ।।૧૦૪।।

+ટાલા કરના=ક્ષમા વર્તિ રાખવી. ૧૦૮

શ્યેખ સબૂ હોવે ખુદાજી પીછે,
સેવા મકરે જાવેં પીછે. ॥૧॥
દુનિયા કારણ લોક ઉડાવે,
સો કયું શાહકા મુખડા પાવે? ॥૨॥
આપ ટંગાવે છાના અયસા,
મકર કરે સબ શ્યતાન જયસા. ॥૩॥
ફિરાઉન યુગમાં બોહોત ટિંગાવા,
શાહ પાખે સબૂ ખોહ ગમાવા. ॥૪॥
અપાણી બાટે સુખશું રેહતા,
મિંત પાવ વોહબી લેતા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

શ્યેતાની મકર જો કીજીયે,
છાના લીજે જાએ;
દુનિયા સર્વ શંકેલીયે,
ગલે કફની બાએ. ॥૧૦૫॥

બ્રાહ્મણ સન્યાસી હોવે યુગમાં,
ભિક્ષ્યા કરે સબ ઠામો ઠામાં. ॥૧॥
યોગી જાકર ગુફા રેવે,
વોહ બી કંથા પાસે લેવે. ॥૨॥
કડી કાપડી જિત્તે કીને,
કિન કિન તીર્થે દોડજ દીને. ॥૩॥
બ્રાહ્મણ જ્ઞાની અપને ભાવા,
ઢુંઢા કરે પણ માર્ગ ન પાવા. ॥૪॥
હૈયા મંનદિર મનકા લાગે,
રસુલ [illegible] સારે જો સેવા માંગે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

ભેસ સારા યુંગ કરે,
અતી દિખાવણ આપ;
સાચા પાખે જો ઢુંઢણા,
તો અદકા લાગે પાપ. ॥૧૦૬॥

મિમ્બર ચડિયા લોક દિખાણા,
સાચા પાખે શાહના જાણા. ॥૧॥

દુનિયા કું જો ફજીલત દીજે,
અપને સુખશું લાહા લીજે. ॥૨॥

દુનિયા શું રતી નહિ કાજા,
કાહે ઢૂંઢો બાહેર રાજા! ॥૩॥

દર્શન કારણ દુનિયા ધાવે,
લોક બિચારા કયું શાહ પાવે? ॥૪॥

એજો આહે સાચી બાટાં,
કિન્ને ન પાયા ભેસજ માટાં. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

ભેસ કરે સબમકર શું,
યુગમાં દિખાવે આપ;
મિંત જો પાવે અપના,
તો કાસલ જાવે સાથ. ॥૧૦૭॥

મૂંડ મુંડાઅણે કરે જો બાવા,
તિસ્થી દુનિયાં સબ્' કતરી બાવા. ॥૧॥
જિસ્થી હોવે જો મન ચંગા,
શાહ પીછાણે તા લાગે રંગા. ॥૨॥
શ્યેખ કેહલાણા' સોહ કયા હે ?
મુંડ મુડાઅણ સો કારણ લા' હે! ॥૩॥
ટોપી કફની શિર ગલે લેવે,
શાહબીનાશ્યેખ મશાયખ બાજી હેવે. ॥૪॥
સાચા મુંડણા મનકા કહિયે,
જિસ્થી પાલવ શાહ કા લઈયે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

માંહે મુંડો મન આપણા,
બાહેર મુંડે કયા હોયે ?
ઘણા મેંઢા મુંડીયે !
પણ સ્વર્ગ નાં પાતા કોયે. ॥૧૦૮॥

દર્શન કરતે યોગ નાં પાઈએ,
જ્યાં લગી યોગી કેડે ન જાઈયે. ॥૧॥
યેહ દર્શન જો ચંગા આવે,
શાહ રશાંયણુ માંહે લાવે. ॥૨॥
તરવા દેખો ભેદજો પુરા,
રતી એક બાજ સર્વે અધુરા. ॥૩॥
બીજી રસાયણુ જિત્ની લેશે,
તરૂવા દેહી કદીનાં ટલશે. ॥૪॥
તલ રશાયણુ દેહી પાવે,
તો સોને સરિખા હોકર જાવે. ॥૫॥

તુંહી' સાચા સાંઈ હો.

સર્વે રશાયણુ ચાખીયા,
પણુ સ્વર્ગે નાં પોતા કોંઈ;
જિસ્માં તલભી સાચ હે,
તો સબ તન સોના હોય. ॥૧૦૯॥

૮

શાહ રશાયણે જે કોય માતે,
ફૂંહે ફૂંહે સૂજન પાતે. ॥૧॥
તલ એક રતી કહીં નાં મોહ વે,
સારે તનમાં શાહ શાહ હોવે. ॥૨॥
સાચે મને જો બાટું ચલિયા,
સાંશે ઉસાશે શાહ શાહ જડિયા. ॥૩॥
માટી માંહે જેમ નીરજો દીજે,
માંહે પડતાં સઘલી ભીજે. ॥૪॥
સૂજન તમમાં અયેસા જાણી!
જયું ભેદાણા એ માટી પાણી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ઈસમાં સારા સાચ હો,
અવરે નાં લાગે મોહ;
જો જા માંહીં ભેદાઈ ચે,
તોસબૂતનશાહ'શાહહોએ. ॥૧૦॥

તમ માં ભેદ અયેસા જાણી,
જ્યું ભેદાણા માટી પાણી. ॥૧॥
બુંદ પાણી જો નહિ પડશે,
તો લોકું માટી ક્યું જા ચડશે ? ॥૨॥
શાહ કે નેહમાં યું જા રહી,
જ્યું બિસ્મિલ્લાહ્ અલ્લાહ્ છુપાઈ. ॥૩॥
સાંસ ઉસાસે જડતાં દેખો,
જ્યું દુધમાં મસ્કા પેખો. ॥૪॥
અયેસા આપસ માં ખોહ ગમાવે,
સોહાગણ સોજો મસ્કા પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

શાહો તો તુજ પાસ હે,
અને મનમાં કીજે નેહ;
બુંદ પડી સમુદ્રમાં,
કેમ કરી દેવે છેહ. ॥૧૧॥

ઓહોત કાહેર સરે ન કામા,
પાસે સૂજન લેવે' ન નામા. ॥૧॥
નેહડા છાના જ્યું જ્યું લાઈએ,
ત્યું' ત્યું સૂજન નેડા પાઈએ. ॥૨॥
પાસે સૂજન દૂરનાં દેખો,
જેમ ન્યણા' માં પૂતલી પેખો. ॥૩॥
ઓહોત પૂકારણ દુનિયા લાગી,
પાસે સૂજન ચોંક નાં જાગી. ॥૪॥
જેમ ફૂલમાં આહે બાસા,
અયેસા સૂજન અપને પાસા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

તમ્ મત્ જાણો દૂર હો,
જેમ ચંદા વશે આકાશ.
તમમા સૂજન યું રહે,
જેમ ફૂલ માંહે બાસ. ॥૧૧૨॥

તપિયા તપ કરી યુગ માં આવે,
પ્રગટ જોતા સતિ કહેલાવે. ॥૧॥
પંડિત પડીયા ઓહોત જ્ઞાની,
તપ ખોયા પણ ધાત ના જાણી. ॥૨॥
યોગી યોગે યુગ લપટાણા,
પંડિત પડીયા કેણે મરમ ના જાણ્યા ! ॥૩॥
કાચે ભાંડે કચ્છુ ના બાઈયે,
તત્ક્ષણ સારા ખોહ ગમાઈ યે. ॥૪॥
બૂજે પંડિત એહીજ કહેણી,
કાચે ભાંડે રહે નાં પાણી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સત્ય કરો તમે સતિયા,
શાહ શું કરો વ્યવહાર;
કોઈ ના લાગા સત્ય વિના,
તર કર પરલે પાર. ॥૧૧૩॥

સતિયા સાહેર માંહે નહાવે,
બિન સતે બૂડે તરને નાં પાવે. ॥૧॥
સદ્દગોર કી નાવ બિના નર બૂડા,
સદ્દગોર વિના સઘલા કૂડા; ॥૨॥
સદ્દગોર નીરમાં તર તર લાવે,
સત્ય છોડે ઘણા પૂરે બહાવે. ॥૩॥
સત્ય કું લાગે આગ ન પાણી,
સત્યકી બાટ સત્ય ગોર શું જાણી. ॥૪॥
સત્ય સોના લે માટીમાં બાઈએ,
ઢૂંઢે પીછે ચોહા પાઈયે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સાચી નાવ સો સત્યકી,
સાચા ભરિયે ભાર;
જૂઠે બૂડે સો સત્ય વિના,
સાચે લાગે પાર. ॥૧૧૪॥

જાએ તમે દેખો સમુદ્ર પાસા,
જો એ તમે સમજો સાચી દાસા. ॥૧॥
ફૂટી નાવ જો નીરમાં બાઈયે,
તો કયું કર પાર ઉતરી જાઈયે ? ॥૨॥
જો જાણો એ તર કર લીજે,
તો પેહેલી નાવ સાજી કીજે. ॥૩॥
જે કોઈ આપસ કું બૂડા લોઢે,
સો ફૂટી નાવ લે નીરમાં છોડે. ॥૪॥
સાહેર તરિયા તીસ પૂંછો તેડી,
કયું કર ઉતરિયા ફૂટી બેડી ? ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

સાચી નાવજો સત્યકી,
જે તર કર લાગે પાર;
કયું ન બૂડે નિશ્ચે,
જો દાગુના ભરિયે ભાર. ॥૧૫

તમાખૂ તમકું દો દિખલાવે,
એક મન પાંખે શાહ ના આવે. ।।૧।।
બુઝો સોહાગના ગાલી સાચી,
સત્ય બિના સોહાગન દેખો કાચી. ।।૨।।
એક મન ચંસે ધાઓ પંથા,
દો મુખી સુઈ ન ફૂટે કંથા. ।।૩।।
એક એક કરતાં જીવડા દેહું,
યુગ દુશરે કા નામનાં લેહું. ।।૪।।
ખોટે મને સબ જૂઠા જાણો,
એક શિર જાતાં દુજા ન આણો. ।।૫।।

તુંહીં સાચા સાંઈ હો.

એક શાહે ચંત લાએકર,
દુજે દ્વારે મત જાએ,
દો સુખ બોલે માદલા!
શો કયું ન થપેડા ખાએ ? ।।૧૧૬।।

જિત્ની કિત્ની પોથી હોઈ,
સોહી પણ્ડિતે ઢુંડયા જોઈ. ॥૧॥
માંહે નિર્મલ નીર જો બાતા,
એક મન પાંખે ન લાધે ધાતાં. ॥૨॥
જો તમે પૂજો દેવલ ડેરી,
એક મન પાંખે સઘલી ફેરી. ॥૩॥
જપણી તપણી આપ દિખાવે,
એક મન પાંખે સુધના પાવે. ॥૪॥
બ્રહ્મ રૂપ તમે જાહેર કીના,
એક મન પાંખે ઠામ ન લીના. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

હેડા ભીતર ચોરિયો,
જીભું મીઠી વાત;
બાહેર દીશે નિર્મલા,
માંહે કાલી રાત. ॥૧૧૭॥

પંણ્ડિત એક મના હોઈ ન ધાવે,
તો એ પોથી કછુ કામ ન આવે! ॥૧॥
પોથી શેહસ્ર પચવીસા હોઈ,
ગદ્ધા પીઠે જેમ લાદે કોઈ! ॥૨॥
જયાસા ગદ્ધા બૂઝે શાહા,
એક મના પાંખે અયેસા ભાવા. ॥૩॥
જન્મ ગમાઈએ ઈસ પોથી માંહા,
એક મના પાંખે ન મલિયે ઠાંહાં. ॥૪॥
સાચી પોથી જાણો ઈમાના,
એક મન પાંખે કેમ લેશો ઠામ? ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

પણ્ડિત પડિયા બહોત કર,
અને સાચા ન લિયા શેર;
જો બોતેરા દોડિયા,
સો પડિયા મોટે ફેર. ॥૧૧૮॥

પંણ્ડિત એક મના નાં હોઈ ધાવે,
એક મન પાંખે શુદ્ધનાં પાવે. ॥૧॥
જ્ઞાની યુગમાં બહોત કહેલાણે,
એક મના પાંએ શુદ્ધનાં જાણે. ॥૨॥
પોથી ભાર જો બહોતેરા દેખા,
પણ એક મના પાંખે નલાગે લેખા. ॥૩॥
ધર્મ માર્ગ સદ્ગોરથી પાવા,
સાચા પણ્ડિત સોહી ભાવા. ॥૪॥
જિન્ને એ પોથી સારી ધોયા,
જેના એક પોથીશું જીવડા મોહ્યા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

પણ્ડિત પડિયા બહોત કર,
પોથી પાના લાએ;
આશન મારી બેશિયા,
એક ગુંશાઈ કું ધાએ ॥૧૧૯

પ્રેમકી પોથી બાંચો મિત્તા,
પ્રત્યક્ષ પોથી નાંઆવે ચિત્તા. ।।૧।।
પ્રેમકી પોથી જે કોઇ લેવે,
દુજી પોથી એ ચંતનાં દેવે. ।।૨।।
કિતિક પોથી ચંત્ત શું લાવે,
કિતિક પોથી ખોહ્ ગમાવે. ।।૩।।
આથી પોથી શું કયેશે કાજા ?
પ્રેમકી પોથી બાંચો આજા. ।।૪।।
પ્રેમકી પોથી જે કોઈ લેતા,
દુજી પોથી શું ચિન્ત નહિ દેતા. ।।૫।।

તુંહીં સાચા સાંઇ હો.

પોથી પાના કિન પડે,
કાયશા શું લાવે ચિત્ત,
સાચી પોથી પ્રેમકી,
કાએ ન વંચો મિત ? ।।૧૨૦।।

સાચી પોથી યેહી પોથી જાણો,
નબી ચલે શો દેખ પિછાણો. ॥૧॥
સાથી પોથી ભરી ઈમાના,
ખોયા બાજ ન મલશે ટાણા. ॥૨॥
દુજી બાટે ના પોંતા કોઇ,
બોહોત જ્ઞાનીએ ઢુંઢા જોઈ. ॥૩॥
નબીયું કેરી યેહીજ ગાલી,
આપ ખોયા પ્રેમજ ભેલી. ॥૪॥
નબીયે આંખી યેહીજ ગાલી,
ઠામ ન આવે મુર્શીદ ટાલી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યેહ તો પ્રેમજ ખેલ હયે,
અને પાઈયે શિશજ માટ;
નબીયે ખોયા ઈસમહાં,
સાચી યેહી બાટ. ॥૧૨૧॥

ભક્તિ ભાવ પેહેલા કરણા,
જપની તપની બાટું ચલણા. ॥૧॥
ઈસૂ બાટું સબ્ કોઈ આવે,
પોંહતા સોહ્ જો આપ ગમાવે. ॥૨॥
અયેસી કરામત એહજ કેરી,
જયસો ચિંડા મન્તર ફેરી. ॥૩॥
નૂર દેખ્યા વિના કયાં કરશે ચાવાહ્?
એહ સબ આહે યું દર્શન ભાવા. ॥૪॥
લોક ઉડાવન કરશે કાજા,
જન્મ હોડે રહેશે શાહ બાજા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

દેવલ' ડેરા સબ્ છાંડિયે,
જો જાઈ લીજે બાટ;
ચોદિશ ચાવા શાહકા,
ઘડાશે બોહ્તેરા ઘાટ. ॥૧૨॥

જો ચિડા અંતર બાજી લાવ્યા,
યું કર સારા લોક ઉડાવ્યા. ॥૧॥
કિસીકે અંતરે જે કોઈ લાગ્યા,
જા પસ્તાશે મુર્ખ અભાગા. ॥૨॥
લોક ઉડાવન કરશે કાજા,
જન્મ હોડા રહે શાહ બાજા. ॥૩॥
યેહ ચોંદી દૈવ્ય કી જાણો,
શાહ બિન મિલશે કેશો ટાણો? ॥૪॥
અવરશું કાંઈ ન કીજે ભાવા,
જહાં નં હોશે શાહકા પાવા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

શાહ બિન જે દિખલાઈ યે,
સો સબ [1]બાજી જાણ;
અવર કહીં લોભાઈ યે!
તો મિંતજ હોવે હાણ. ॥૧૨૩॥

---

૧ બાજી=રમત.

બાવા કીસીકા વો કહ્યાન્ જાવે,
પ્રગટ ભી જો કેડે ધાવે. ॥૧॥
દમડા દોકડા હાથમાં દેવે,
બાવા ચાહે તો કછુ ન લેવે. ॥૨॥
ફિર ફિર આંખો તેરા ચાવા,
લોભ નકુરશે કછુ નહિ ભાવા. ॥૩॥
બાવા પ્યારા અદ્દકા જો હોવે,
અપને સ્નેહે લે લે દેવે. ॥૪॥
શાહ બિન અવર કહીંન રાતા,
સર્વ કરામત ચેહી' જો ધાતા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાચા પૂતા તિસે કહું,
જો જાવે બાવા સાથ;
મનમાં કછુ ન ભાવ હો,
અવર ન લેવે હાથ. ॥૧૨૪॥

લાંબા ફેરા કાયકું કરના?
અપની બાટું જા પગલા ધરના. ॥૧॥
ઈધર ઉધર જે કોઈ લાગા,
જા પસ્તાશે મૂર્ખ અભાગા. ॥૨॥
અપની દેહા અયેસી આહે,
જન્મ ગમાઈયે ઈસ માટી માંહે. ॥૩॥
દેહડી જયસી કીજે એહા,
અયેસી જાણો તેરી દેહા. ॥૪॥
હુકમ શાંઈ કા તાં લગ દેહા,
હુકમ આવે તો ભાંગે દેહા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

એહ તન કાચા પિન્ડ હે,
માંહે શાહકા બંન્ધ;
કાલે થાશે બાવલે,
અળગા સંધો સંધ. ॥૧૨૫॥

સાચી માટી એ માટી નિપાવા,
માટી કહેવે માટી શાહવા. ॥૧॥
સોના શરિખી કે જે દેહા,
સો જા હોશે સાચી ખેહા. ॥૨॥
માટી મરણા અચેશા જાણી,
સોતન ખાવે માટી પાણી. ॥૩॥
પ્રત્યક્ષ સમજો રૂડી બાતાં,
સાચી આહે ચેહી ધાતાં. ॥૪॥
મીટી ભેદ જિને પૂરા પાવા,
સબ કોઈ જાણી લેજો લાવા. ॥૫॥

તું'હીં સાચા સાંઇ હો.

ઈસ્મે સારી બુજ હ્યે,
ઘડાસે બોહોતજ ઘાટ;
જે કોઈ લાગ્યા અવરશું,
ખોયા તે માટી માટ. ॥૧૨૬॥

સોવણ પૂતલી માટી પૂતા,
માટી દેખંત માટી ભૂલા. ॥૧॥
માટી ભોગવે માટી ખાવે,
માટી ઉપર રંગ સોહાવે. ॥૨॥
માટી બાજ ન ઉપના કોઈ,
જાતે દહાડે સબ માટી હોઈ. ॥૩॥
અયસા યુગમાં તમે દેખો લોકા,
મિલ'મિલ કીજે શાહ શું ભોગા. ॥૪॥
મિંત કોઈ એસે શું જીવડા લાવે,
ટાલે માર્ગે ફિર ફિર જાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો,
દુનિયા સારી ખૂબ હે,
એ પતંગ કેરા રંગ;
જન્મ ગમાઇએ ઈસ રંગમે,
પડી પોતાને ઢંગ. ॥૧૨૭॥

જોલે રાજા ધારાઈયે નામા,
આગળ જાતાં માટી ઠામાં ॥૧॥
ભાંગે' ઘડે, કરે સબ કજા,
લેકરં કીશે બીઠાવે રાજા. ॥૨॥
રાજ્ય દેકર કીતી બડાઈ,
ભીખ મંગાતા તો ઘટી ન જાઈ ! ॥૩॥
ઘડીયા ઘાટ માણુક જયસાહ,
અયેસી જાણો તેરી દેહા. ॥૪॥
મન ચિંત્ત લાકર ઢુંઢી જોયા,
સો યેહ યુગમાં કંહીં ન મોહ્યા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

માટી થી સબ ઉપન્યા,
આખર માટી છેહ;
રાજ્ય સોહસા જે કરે,
આખર માટી તેહ. ॥૧૨૮॥

યુગ સારેમેં ચેહી રંગા,
ચલિયા જાવે અપને ઢંગા. ॥૧॥

સ્વપને જયસા યેહ યુગ જાણો,
થર યાંહ્ રેહેતા તમે કીશે ન માનો. ॥૨॥

ઘડીએ નરેહસે નરહે કાંહાં,
બહોત નેહે ઈસ યુગમાં ઠાંહાં. ॥૩॥

જયસી સોડ અયસા સોણા,
પ્રગટ આહે નહિંહો છાના. ॥૪॥

મન ચિત્ત લાકર ઢુંઢી જોયા,
સો ઈસ યુગમાં કહીં ન મોહોયા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યેહ યુગ સારા ખાક હો,
[1]બાઓ હોકર જાએ;
પતંગ જયસા રંગ હો,
તલમાં ઉડ્કર જાએ. ॥૧૨૯॥

---

૧ બાઓ=પવન.

યુગ સારામાં જો જો સાવા,
ઢુંઢા સારા શિર લગી પાવા. ॥૧॥
માંહે કછુ બાત ન પાવે,
જો ખોહેંતેરા ઠોક બજાવે. ॥૨॥
ખોટે ધંધે લોક લાગા,
માણેક ખોયા પણ હાથ ન લાગા, ॥૩॥
સબકો [1]રોલે રાતા માતા,
વોહભી હાથ ઝટક કર જાતા. ॥૪॥
હૈયડા લાવે સૂજન સાથે,
તોજા સૂજન આવે હાથે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સબ યુગ દેખો હરે ફરે,
ખાંધે [2]માદલ બાએ;
યેહ યુગ કિશીકા હ્યે નુહિ,
દેખા ઠોક બજાએ. ॥૧૩૦

[1] રોલે=કમાણી. [2] માદલ=ઢોલ.

ઉતારે જયસી આહે બાટાં,
જયસા બાસા રહિયે રાતાં. ॥૧॥
પીછે ચલણા હોવે લોકા,
જો બોહ્ તેરા કીજે ભોગા. ॥૨॥
પંથી જયાસા બાટું ચલણા,
અપના ચિત્તકહીં નાં ધરના. ॥૩॥
બાટું ચલતાં કહાં કહાં લાગે?
ખોટી હોવે દહાડે ભાગે. ॥૪॥
જો દિન અમૂલા મૂલનાં પાઈએ,
સો કયું ફોગટ ખોહ ગમાઈયે? ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

પીઠ ભલી ઈસ યુગમે;
સબ કુચ્છ સોદા બીકાએ;
જિસ ઘર સૃજન પ્રીત નહિ,
તીસે દીજો આગું જલાએ. ॥૧૩૧॥

સૃજન પાંખે ન આવે સાવા,
જો જા દીજે સ્વર્ગું પાવા. ॥૧॥
રાજા સેહસ્ર ધરા યા નામા,
પણ શાહ પાખે ન આવે ઠામા. ॥૨॥
આપે રાવત આપે રાજા,
આપ કરેશો સઘલે કાજા. ॥૩॥
આપે પણ્ડિત ગોર કહેલાવે,
મૂર્ખ લોક મર્મ નાં પાવે. ॥૪॥
આપે જાણે સઘલી ખાતાં,
વિગતુ નિકશે અવરજો ઘાતાં. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ચેહ તો શાહકા મર્મ હે,
કોઈ ન જાણે ઘાત;
કેડે કીસીકે કો રહ્યા,
ચુંહ કર ખોયા સાથ. ॥૧૩૨॥

બહોત ધંનધે દુનિયા લાગી,
આપણી ચિંત્તાએ કછુ ન લાગી! ॥૧॥
આપણી ચિંત્તા બિન મીલશે ટાણા,
જો ખોતેરા કીજે યુગ મા ના. ॥૨॥
જિસ્કુ આપણી પીઠ ન સૂજે,
સૂજન કામા સો કયું કર બૂજે? ॥૩॥
અવર મંડાણા જે કોકી ધાતાં,
કોઈનાં બૂજે ઉસ્કી બાતાં. ॥૪॥
જૂઠ પૂંઠે આપસ ન દહિયે,
સોલે કાલે હોકર રહિયે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

આપ કરે શો વોહી વોહી,
દુજે કર્યા મત જાણુ;
કહીં ના મોહવે અવરથી,
જેણે ઈત્તા માંડયા મંડાણ. ॥૧૩॥

જૂઠા હોકર બોહોતેરી કરે,
એકું કામ આપ્‌સથી નાં સરે. ॥૧॥
કરે આપ–બોર બાના દેવે,
ખરા ખોટા યું કર લેવે. ॥૨॥
મૂર્ખ લોક મર્મનાં પાવે,
માંહો માંહે ઝઘડા લાવે. ॥૩॥
જે કોઈ આંખે' મેંજો કીના,
કરે સો આપ'અવરશિરબાનાદીના. ॥૪॥
સદ્‌ગોર ભેદ ખાલી નાહોવે,
તિસ્થી મૂર્ખ ફર્માની ન રહેવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મેરા ચિંત્યા સો મેં કરૂં,
તેરા ચિંત્યા નાં હોય;
તેરા ભાવે સો તું કરે,
મુજે ભાવે સો હોય. ॥૧૩૪॥

અપને ભાવે વિચાર જોકીના,
પાંતી સઘલી વિગતું દીના. ॥૧॥
આધી જિસ્કું સારી નાં હોવે,
જો ઓહોતેરા ધંન્ધા કરી જોવે. ॥૨॥
પ્રત્યક્ષ સમ્જો રૂડી ગાલી,
પણ અટકી નાં હોવે લખિયા ટાલી. ॥૩॥
[1]રોલા સઘલા દિનજો કીજે,
આખર લખિયા સોહી લીજે. ॥૪॥
એક પહોર બેઠા સુખશું રહેવે,
આપણી કિસ્મતું વોહ્ણી લેવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસ્કુ જિત્ના સૂજિયા,
તિસ્કુ તિતના હોય;
રતિ ઘટે ન તિલ વધે,
જો શિર મારે કોય. ॥૧૩॥

૧ રોલા=કમાણી.

બહોત ધંધા આન મિલાવે,
શિર ઉપર તમે કાંએ ન ખિલાવે. ॥૧॥
દુઃખડા શિર ઉપર જોરૂં લેણા,
આપસ કું બિચ્ ધંધે દેણા. ॥૨॥
રોલા કરે ઓર સુખશું લેટે,
સૃજન લખિયા કોઈનાં મેટે. ॥૩॥
રિજક્ રોટી' જે ધનજ કહિયે,
સો સબ્ સજન દિનમાં લહીયે. ॥૪॥
અવરૂં દિલ જિન્ કિને બાંધા,
લખિયા પાસે સોભી અંધા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

યુગ્ સારામાં હિંડ ફરે,
અને ઘર ઘર લાવે ચિંત્ત;
આખર દુનિયા જૂઠ હ્યે,
સાચા અપના મિત. ॥૧૩૬॥

તમા કરે ઓર ભિક્ષા માંગે,
બિન કિસ્મતે કછુ હાથ નાં લાગે. ॥૧॥
મરણા ભલા યુગે ફિર બોલા,
મુત્લક બાજી જાએ અમોલા. ॥૨॥
કીત્તે માર્ગ શિર ઉપર લીજે,
જો કહીંજા માગણા કીજે. ॥૩॥
અયેસી યુગમાં આહે [1]ખ્વારી,
જો કહાં માંગો હાથ પસારી. ॥૪॥
આપસ જિસ્કી કીજે આશા,
મરણા ભલા' પણ માગણા દાસા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

નિશ્ચિંત યુગમાં સંત ચલે,
અપને સંત કે પાસ;
મરણા ભલા નહિ માગણા,
અપને જયેસે પાસ. ॥૧૩૭॥

---

૧ ખ્વારી=તુચ્છપણું.

ભિક્ષા કરે ઓર યુગમાં ધાવે,
લાજ શરમ તીસે તિલ નાવે. ॥૧॥
જિન્ને ઘડીયા ઈતના ઘાટા!
સો કયું રાખે ખાણા માટા! ॥૨॥
જામીન હુવા વોહ યુગમાં અપના,
રિજક રોટી કો કયું તપના! ॥૩॥
પૂગે ટાણે આન મિલાવે,
વોહ તમૂકું હાથું હાથ ખિલાવે. ॥૪॥
ભાંડા ઘડિયા મુખ કીયા સાંઈ,
કુચ્છ ભી જાણો બાણે લાઈ. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ભૂખ્યા ભૂખ્યા કયા કરે?
કાએ સુણાવે લોક?
ભાંડા ઘડિયા મુખ દિયા,
કછુ એક બાને જોગ. ॥૧૩૮॥

બોલે ન રિઝ્‌ઝક ટાણે પાઈયે,
જો અગ્રેબે થી મગ્રે બે જાઇયે ! ॥૧॥
વાએરે ચડ઼ઁકર કેડે ધાવે,
આખર લિખિયા સોહિ પાવે. ॥૨॥
સબુરી કરો તમે દુ:ખ નાં આણો,
રાજિક અપના દેખ પિછાણો. ॥૩॥
તમ્ કું ભેજે સેવા કારણ,
ઉસ્ ઉપર જીવ રાખો ધારણ. ॥૪॥
સાચી કીજે ભક્તિ શાહો કેરી,
જિસ્ કું ચિન્તા હોજુગ કેરી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સેવા કારણ ભેજીયા,
તેં કયા લોઢા અપ્નામિત ?
તિસથી મુખ ફેરીયા,
રોટી લાયા ચિંત. ॥૧૩૯॥

જિસ્કુ શાહકા વછોવા હોવે,
સો કયું જાએ રોટીએ મોહ્ વે ? ॥૧॥
તપતા રેહેણી સારી જાવે,
ઉસ્કુ કયેશી નીંદજ આવે ? ॥૨॥
ઉસ દોહાગણ ફૂટે છાતી,
શાહ બીશારી નીંદમાં રાતી. ॥૩॥
જૂઠ બિસારે તો નીંદ નાં આવે,
સાચી બાટે જૂઠ ખોહ ગમાવે. ॥૪॥
જિસ્કુ શાહકા વછોવા હોવે,
સો કયું રેહણી સારી સોવે ! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસ્કું વછોવા શાહકા,
તિસે નિંદ ના આવે રાત;
જીવ તપાવે આપણા,
હૈયા કેરે સાથ. ॥૧૪૦॥

રેહણી આહેં યુગ અંમુલા,
મલ્ મલ્ પાઈયે ઈસ્માં ઢોલા. ॥૧॥
દિંસે ફિરાકે જે જે જાવા,
પણ રેહણી સબકા મેલા પાવા. ॥૨॥
પશુ પંખી યુગમાં કીતે,
રેહણી સબ્ કું મેલા દીતે. ॥૩॥
સાચા મિંત જે શાહ શું ચાવા,
મેએરાજે રસુલ' તમે યુગમાં પાવા. ॥૪॥
કલમાં કહેતાં રેહણી જાવે,
હૃદય અજુવાલા ભીતર આવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

રેહણી ભેજી ઈસ યુગમાં,
મીંત મિલાવા કાજ;
રસુલ ભી ઈસ રેહણીમાં,
જાએ પકાએ મેઅરાજ. ॥૧૪૧॥

૧૦

મેઅેરાજ મુમન તમ હાથું લાગી,
કાઅેકું ખોચા મૂર્ખ અભાગી ? ॥૧॥
કબુલી જિત્ની યુગમાં કહિયે,
સો સબ શાહો રેહણી લઈઅે. ॥૨॥
પણ્ડિત પડીયા રેહણી જિત્ના,
જન્મ લખાણા નબી શિર તિતના. ॥૩॥
પશુ પંખી જહાં લગી આઅે,
સોભી જાકર રેહેણી જગાવે. ॥૪॥
ભોગ ભાવ જે યુગમાં કીતા,
સો સબ શાહો રેહણીઅે દીતા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

રંગ ભોગ જે કહિયે,
સો સબ રેહણી ઠામ;
જિસ્કું જિત્ના સાચહે,
સો યું કર ગઅે કામ. ॥૧૪૨॥

કામ સો સુધા તીનુજા કીના,
રેહણી જાગા પ્રેમુ ભીના. ॥૧॥
પીર પયગાંબર જહાં લગી કીતે,
રેહણી થી સબ શાહજો લીતે. ॥૨॥
પેહલા બિચાર મુજ ઉપર રાખા,
ગુંજ ખોલકર મિતુંજો આંખા. ॥૩॥
દિવસે ચુગકું જાએ જગાવે,
રેહણી થોડી હાથ લગાવે. ॥૪॥
જોથા પૂરા કરામત જોગા,
ઉસે કરાવે રેહણી ભોગા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

કરમ લેલાડી જિસ્કે,
ઉસે કિયા રેહણી જોગ;
પ્રેમે ભેલાણા શાહ કે,
ફિર ફિર માંગે ભોગ. ॥૧૪૩॥

માણસ રૂપે તમને યુગમે આણે,
કાએ ન ચેતો અપણે ટાણે? ॥૧॥
મિંત કરણે કા થા'શાહ કું ચાહવા,
કશાણી કારણે તમે યુગમા લાવા. ॥૨॥
આપ પીછાણો તમે મૂર્ખ લોકા,
તુમકું કીનાં પ્રેમું જોગા. ॥૩॥
ખાકજ કેરી દેહડી કહિયે,
[1]ગવંહર માણક ઈસમાં લઈયે. ॥૪॥
જેણે જાણ્યા તે ફીર ફીર જાગે,
પ્રેમુ ભેદાણા તે–તે કેડે લાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જિન્ને આપ પીછાણિયા,
ફિરૂ ફિરૂ જાગ્યા તેહ;
ઢુંઢા મન ચિંત લાયકર,
ઉન્ને પાઈ અપની દેહ. ॥૧૪॥

૧ ગ્વંહર=મોતી.

શાહ કી પ્રીતે તમે યુગમાં આણે;
પારખુ થે તિન્ને દેખ પીછાણે. ॥૧॥
એતો માર્ગ હૈયા કા કહિયે,
સોંસબ્ શાહો દેહામાં લઈયે. ॥૨॥
નબી સો યુગમાં જિત્ને કીતે,
ઈનુંભી નીશાન યેહીજ દીતે. ॥૩॥
સાચે થે ઉને હુંઢ જો દેખા,
ઈનૂભી પીઠે યેહી વશેખા. ॥૪॥
રસુલ સો આંખી યેહિજ ગાલી,
કિન્ને ન પાયા નવશાહ ટાલી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

શાહ પીછાણી લોઢીયે,
તું એ દેહામાં પીછાણ;
રસુલ ભી ઈસ દેહમાં,
પ્રગટ આંખો જાણ. ॥૧૪૫॥

પારા માંહે ગંધક યુંહી વસેખો,
રંગે રૂપે ભેદ જો દેખો. ॥૧॥
પારા માંહે ગંધક જો દીજે,
અયેસા આપે ભેદ જો લીજે. ॥૨॥
જહાં લગી પારા ગંધક હોવે,
તહાં લગી દેહા કયેશી જોવે. ॥૩॥
જબ્ વોહ્ પારા નીકલી જાવે,
તબ્ વોહ ગંધક હાથના આવે. ॥૪॥
અયેસા તમમાં આહે સૂજન,
દેખી ના શકે માંહીં દુરિજન. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

રંગ રૂપ માંહે ભેદ હો,
ઢુંડી દેખો જાએ;
શાહા જો પારા પ્રગટયા.
ગંધક લે છીપાએ. ॥૧૪૬॥

અયસા દેહમાં પર્દે રેહેવે,
માંહે કા ભેદ કોઈ નાં લેવે. ॥૧॥
દેહા ગંધક ચુંકર જાણો,
શાહ જો પારા દેખ પિછાણો. ॥૨॥
ગંધક જાકર અલગા હોવે,
પારા માંહે પ્રગટ જોવે. ॥૩॥
અયેસા તમૂમાં શાહા લેખો,
પારા ગંધક જહાં કર દેખો. ॥૪॥
દેહીમાં' છે પણ આહે દુરિંજન,
તો કેમ હાથું આવે સજન ? ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

તુજ માં સજન પ્રગટા,
ઢુંઢી લેજો જાણુ;
મૂર્ખ મર્મ જાણે નહિ,
સો કયેશે મલશે ઠામ ! ॥૧૪૭॥

નવશાહ કેરે જિત્ને કામા,
મિંત જો જાણે શાહકા ઠામા. ॥૧॥
કહાજો માનો ઈશ્કા જાઈ,
આપસ રાખો શાહ પર લાઈ. ॥૨॥
જબ કછુ પાવે તેરી દેહા,
તેમ તેમ વાધે શાહકા નેહા. ॥૩॥
શાહ બિન અવરૂં કહીં ન મોહવે.
નહિતો દેહા ફોગટ ખોહવે. ॥૪॥
ચોરૂં હાથે લેકર દીના,
જૂઠા લેકર અપના કીના. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ચોરૂં હાથે જે ચડે,
છોડે એકજ બાણુ;
શાહા મેલાવે આપણા,
ચે દેહા, દેખ પિછાણુ. ॥૧૪૮॥

દેહા પિછાણુણ અદિક જ કામા,
સઘલે જો આહે ઈશ્ક જ ઠામા. ॥૧॥
દેવલ ડેરા તમે દેહા જાણો,
બાદશાહી તમે ઈસ્મા માનો. ॥૨॥
જિસ મંદિરમેં રાજા આવે,
ઉસ્કું છોડ અવર કહાં ધાવે. ॥૩॥
યેહ સબ્ આહે કરામત બાતાં,
મંદિરમાં ન મલશે અવરે જો ધાતાં. ॥૪॥
દેહા યો દિશ માંહે ઝાડો,
આપસ લેકર શાહ પર વારો. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

જો જાણો શાહ પિછાણીયે,
તો પહેલા આપ પીછાણ;
જે કછુ આહે પીછાણુણા,
સો સબ તુજમાં જાણ. ॥૧૪૯॥

દેહા [1]મર્કબ મોટા જાણો,
દો આલમ તમમાં કાંએ નમાનો ? ॥૧॥
બાહેર દીશે [2]હફ્ત જમીના,
હફ્ંત આસમાના માંહે દીના. ॥૨॥
કતરે સારે ઠાંહું ઠાહાં કીના,
ચાંદ સૂરજે અજવાલા દીના. ॥૩॥
પ્રત્યક્ષ દેખો તારા જડિયા,
મિંજ વસેખો એયેસા ઘડિયા. ॥૪॥
કતરે જડકર એક જ હોવે,
સારે ભેદ તો પ્રત્યક્ષ જોવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

હફ્ત અસમાન તમૂમહાં,
કતરે જડિયા સબ;
ચાંદ સૂરજ દોનું દેખિયા,
એકજ આવે તબ. ॥૧૫૦॥

૧ મર્કબ=અસ્વ. ૨ હફ્ત=સાત

હફત અસ્માના તમૂમાં લઈયે,
સાત જમીના બાહર કહિયે. ।।૧।।
હફત જમી તમે દિલમાં જાણો,
હફત આસ્માના તમે દિલમા આણો. ।।૨।।
કતરેથી જો લાગે ઝાંખા,
પ્રત્યક્ષ દેખો માંહે પૂરા પખ્યાં. ।।૩।।
ચાંદ સૂરજ કા ભેદજ પાવે,
સારે કતરે નીકસી જાવે. ।।૪।।
દેખનાં લોઢે સૂજન કોઈ,
માંહેકે કતરે સબ સીધે હોઈ. ।।૫।।

તુંહીં સાચા સાંઈ હો.

માંહે અસ્માના સમારિયે,
કતરે ઝાડીયે છેહ;
સૂજન આહે પ્રગટા,
દેખો આપણી દેહ. ।।૧૫૧।।

શાહ નમુના સૂરજ જાણો,
પ્રત્યક્ષ આહે દેખ પીછાણો. ॥૧॥
જિત્ના ઉપર ચડતા જાવે,
સારૂં કે શિર તિત્ના આવે. ॥૨॥
મંદિર યુગમાં જિત્ના કહિયે,
સારૂં કે શિર તિત્ના લહિયે. ॥૩॥
સૂજન સબ્ શિર ઐસા આવે,
કાસલથી તે દેખ્યાનાં જાવે. ॥૪॥
જિન્ને એ કાસલ મનથી ખોઇ,
તેઓ દર્શન પ્રત્યક્ષ જોઈ. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

કાસલ માંહેથી કાઢીયે,
ચાંદરણા કીજે દેહ;
દર્શન દેખો શાહકા,
તો અદ્કા વાધે નેહ્. ॥૧૫૨॥

મુરશદ ચાહિયે ઈસ્રા ફિલ ઠામાં,
સૂર મોહોબ્બત કા ફૂંકે માંહાં. ાા૧ાા
માંહે અસ્માના સબ્ ઝેણ ઉડાવે,
કતરે સારે સબ ખિર્ ખિર્ જાવે. ાા૨ાા
માંહેં અસ્માના પાકજો હોવે,
સૂજન મુખડા પ્રત્યક્ષ જોવે. ાા૩ાા
ગોર સબ્લા જો હાથું આવે,
તો એ અસ્માના જાએ [1]બુજાવે. ાા૪ાા
અયેસા ગોર જો કીજે લોકા,
જાતે દહાડે હાવે શાહ શું ભોગા. ાા૫ાા

તુંહીં સાચા સાંઇ હો.

ઈસ્રાફિલ તો રંગ હે,
વેતો ભેદ બુજાએ;
પાસે રહી જો ફૂંકીયે,
રૂંહ રૂંહ ઝેણ ઉડાએ. ાા૧૫૩ાા

---

૧ બુજાવે=ઓળખાવે.

ઝેણુ ઉડાવે દેહા સારી,
કાસલ માંહેથી કાઢે બારી. ॥૧॥
પાક કરો સબ ચંદની દેહા,
અદ્દકા ઉઠે માંહે શાહકા નેહા. ॥૨॥
ગોર સો સબૂલા કહી બુજાવે,
તેમ તેમ મારગ પાતા જાવે. ॥૩॥
ગોર સો ભેદ સબ્ ખોલી કહેવે,
મારગ સઘલા પ્રત્યક્ષ હેવે. ॥૪॥
ગુરૂ બિના બાટ ન જાણે કોઈ,
ચોદા [1]ઈલ્મ જો પડિયા હોઈ. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ગુરૂ પાસે જો રહીયે,
ખેલિયે સુધા ખેલ;
રંગ લગાવે શાહશું,
જો પ્રેમે આવે મેલ. ॥૧૫૪॥

૧ ઇલ્મ=વિદ્યા.

ગુરૂ કે પાસે જિત્ના રહીયે,
સજન સુધિયા અદકિ લૈયે. ાા૧ાા
પુંડરીક× કેરા દેખો ખેલા,
ગુરૂભી ખેલે અયેશા ખેલા. ાા૨ાા
નિશદિન ખેલે સુધા જાઈ,
ચેલા ચિંત સબ્ શાહપર લાઈ. ાા૩ાા
કિત્તે દિવસ સબલી ચોટાં ખાઇ !
ચિન્ત સઘલા શાહ ઉપર લાઈ. ાા૪ાા
સાચા પાસે જાકર રેહણા,
સબ્ કુછ પાવે અપના લેણા. ાા૫ાા

તુંહીં સાચા સાંઇ હો.

સાચી સંગત કીજીયે,
પુંડરીક કેરી જોગ;
આપ બરાબર કાડીયે,
જેમ જેમ હોવે ભોગ ! ાા૧૫૫ાા

×પુંડરીક=રેશમનો કીડો, ઇયેળ.

ગુરૂ બિન ભાવ ગુરૂ બિન ભાવા,
ગુરૂ બિન કોઈ માર્ગ ન પાવા. ॥૧॥
ગુરૂ બિન કોઈ પણ્ડિત ના હોઈ,
ગુરૂ બિન જોષ ન જોવે કોઈ. ॥૨॥
ગુરૂ બિન યોગી યોગ ન પાવે;
ગુરૂ બિન ધાત હાથ ન આવે. ॥૩॥
ગુરૂ બિન કોઈ કહીંન લાગે,
ગુરૂ બિન તપિયા તપેન જાગે. ॥૪॥
ગુરૂ બિન હુન્નર હાથ નાં લાગે,
ગુરૂ બિન કોઈ પ્રેમે ના જાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સબં બાટે ગુરૂ કીજીયે,
ગુરૂ બિન ન આવે ઠામ;
જો યુગમાં ગુરૂ ન ભેજતા,
તો એકે નાં સરતા કામ. ॥૧૫૬॥

મારગ સૂધા તોજા પાવે,
પહેલા આપો આપ દિખાવે. ॥૧॥
તબ્ પીછે રસુલ જો આણે,
ઈનેભી બાટ દિખાઈ ટાણે. ॥૨॥
મુર્શદ ભેદ તબ પીછે કીના,
ઈનું ભી બાટ લગાકર દીના. ॥૩॥
ગુરૂથી બાટ જો સુખશું પાઈયે,
જૂઠે નેહડા ઠાલે જાઈયે. ॥૪॥
જેણે યેહ મૂર્શદ સુધા સેવા,
તેણે ચાખ્યા પ્રેમકા મેવા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ગુરૂ ચાહિયે ઈસ યુગમાં,
જો ભેજા અપને ચાવ;
સૂજન ફલતો ચાખીયા,
જો બેશે સત્યકી નાવ, ॥૧૫૭॥

પણ્ડિત જ્ઞાની અતીજ ભારી,
તેણે યેહ યુગમાં જોયા વિચારી. ॥૧॥
તોએ જાકર ભેદજો ખોલા,
સોહી મુનિવર મીઠા બોલા. ॥૨॥
સૃજન ફલ ચુંકર રાખા,
સત્ય શું લોઢા તિનુ જા ચાખા. ॥૩॥
જિન્ને યેહ ફલ ચાખ્યા હોવે,
દોજખ ધરમ કોઈનાં લેવે. ॥૪॥
દૈયા ફલ જો મોંઘા પાઈયે,
અવરૂં ફલ કે કેડે નાં ધાઈયે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યેફલ સધા શાહ દ્યે,
દુજા ફલ મુખ ના ખાઓ;
જે ફલ સદા કાલ દ્યે,
સો ફલ ચાહૂઉં ખાઓ. ॥૧૫૮॥

સાચ વિના યે યુગ સૂના,
સૂજન ફલતો ચાહ્‌વું લેના. ॥૧॥
સોહાગન સોજો પ્રેમું લાગા,
તિન્ને યે ફલ શુ કીના માંગા. ॥૨॥
અવરે ચાખ્યા કિન્ને ન દેખ્યા,
જિન્ને યહાં શિર ઉગારી લેખ્યા. ॥૩॥
અયેશે ફલમાં આહે શાહ્‌વા,
જો ઈશ્કથી કીજે પ્રેમુ ભાવા. ॥૪॥
ગુરૂ વિના યેહ ફલ હાથ નાં આવે,
જો સુખશું બેઠા ચાહ્‌વું ખાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જો ગુરૂ જાણ્યા સો જાણજો,
જિન્ને દિખાયા ચાખ;
શાહ જો પાવે શિર લગી,
યુગમાંહે પૂરી સાખ. ॥૧૫૯॥

ગુરૂ ભી કીજે અયેસા જોઈ,
જિન્ને યેહ ફલ ચાખ્યા હોઈ. ॥૧॥
અયેસે યુગમાં ગુરૂ થોડે હોઈ,
તિસ્કું મુર્ખ ન બૂજે કોઇ. ॥૨॥
યુગમાં ગુરૂ બહોત કહેલાવે,
આપ આપસકી પ્રતિત ના પાવે, ॥૩॥
સદ્દગોર યુગમાં થોડે હોવે,
પ્રેમું માતે ચાહવું મોહ્વે. ॥૪॥
જો મરણા આગે મરી કરી જાવે!
તો યેહ ફલ ઉન્ન હાથું આવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

યેહ ફલ સુધા શાહ કા,
પાઇયેં પૂરે ભાગ્ય;
જિન્ને યેહ માયા છેતરી,
તિનું શિર લિખિયા ભાગ્ય. ॥૧૬૦॥

કર્મ હયલાડી જિસ્કે હોવે,
સો યેહ ફલ કું ચાખી જોવે. ॥૧॥
સોહાગ્યે ભાગ્યે જે નર પૂરા હોવે,
તિસ્કુ યેહ ફલ હાથું આવે. ॥૨॥
જાએ પકાવો ગુરૂકે *પાજા,
પૂરે સ્વાદે ચાખો આજા. ॥૩॥
જિન્ને કેડે જાકર સુધા કીના,
તિન્ને યેહ ફલ પકાકર લીના. ॥૪॥
જિન્ને મરણા આગે મરણા વસેખા,
તિન્ને યેહ ફલ નૈયણે દેખા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ચાહઉં મરિયે તબ્ લગી,
જબ લગી મિત નાં હોય;
મરણા પેહેલા જે મરે,
દર્શન પાવે સોયે. ॥૧૬૧॥

* પાજા (પાજ)=વખાર.

કાચે પાકે ઈત્ના વેહ્રા;
નારિયલ સમજો સઘલા [1]ચેહ્રા. ॥૧॥
જહાં લગી કાચી કાંચલી નેહા,
જયમ જયમ પાકે ત્યમ ત્યમ દેહ વેછેહા. ॥૨॥
જોએ જાણો પૂરા પાકે,
કાચલી શુ તો તલનાં લાગે. ॥૩॥
ભાંજે ટુકડે ટુકડા હોઈ,
ગોટા હાલે તો કદીનાં હોઈ. ॥૪॥
ઈસ્કે ચાહવું જહાં લગ રેહવે;
ઈસ્મા શાહો જાકર લેવે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

જયસી ખોટી કાંચલી?
ત્યસી દેહા જાણ;
પાકા ગોટા કેયમ રહે?
તેમ નેહડા પીયુશું આણ. ॥૧૬૨॥

૧ ચેહેરા=સ્વરૂપ.

પાકા ભોગવીને પાકા ખાઈયે,
પાકયા લગણુ પાકવા હૈયે. ॥૧॥
પાકે યુગકા દેખો સાવા,
આપસ રાખો ગોટે ભાવા. ॥૨॥
ગોટે કાંચલી કયશા ભિલ્ના !
ઈસ યુગમાં અયેશા ભિલ્ના. ॥૩॥
કાચા લેકર પાજમે બાઈયે,
પૂરા સવાદે અયેઠા ખાઈયે. ॥૪॥
પાકા પાજમાં દીજે લોકા,
તત્ક્ષણ હોવે નાખણે જોગા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

પાકા ફલ અયેસા હોએ,
રાજા કરે તિશે યાદ;
કાચા પાજ મા બાઈયે,
તત્ક્ષણ ફિરે સવાદ. ॥૧૬૩॥

કાચ પાકે દેખો મેલા,
પ્રત્યક્ષ હોશે કશતી વેલા. ॥૧॥
કાચા કેડે બહોતજ ધાવે,
પાકા પાંખે શાહો ન પાવે. ॥૨॥
જોતમ દેખો સુધા ખેલા,
પકાવન કેરી ચેહી વેલા. ॥૩॥
પીછે ટાણા કહાં પાઈયે ?
કાચા ફલજો પાજમેં બાઈયે. ॥૪॥
પાકા ફલસું નેહડા લાગી,
નેહડા ખોયા મૂર્ખ અભાગી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ઘરમાં તિર્થ સન્મુખા,
ઘરમાં ધર્મ દ્વાર;
સાચા ધોણા માંહેકા,
ફોગટ ધોણા બહાર. ॥૧૬૪॥

માંહે ધોણા ચેહી સારા,
આપશ લેકર શાહ પર' વારા. ॥૧॥
સાચી દાસી ચેહીજ કાજા,
સોહેણી કરીયે આપશ રાજા. ॥૨॥
આપસ ખેહા કીજે લોકા,
તો રાજા દાસી હોવે ભોગા. ॥૩॥
દોઈ રાજા હોવે એક નગરી,
નિત્ય ઉઠી માંહે લાગે ઝગડી. ॥૪॥
અપના શીશ રાજા જો પાવે,
તો રાજા દાશી ચેહી ભાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાચી દાશી તીશે કહું,
જિસે રાજા કરે ભાવ;
લે'વારે જીવ આપણા,
ઈસ ઘર લાગો પાઓ. ॥૧૬૫॥

કુરબાની કીજે જીવ અપના,
ફોગટ હોવે જીભું જપના. ॥૧॥
દૈયા જીવ કુરબાની માંગે,
જીભું જપતા ધાતનાં લાગે. ॥૨॥
જીવડા લાઇએ અવર' જો સાથે,
તો કયું આવે સૃજન હાથે? ॥૩॥
જિત્ના શબ્દ યુગમાં કહિયે,
શાહા ઈસમાં પ્રત્યક્ષ લઈયે. ॥૪॥
જો તમે જીકરે જીવડા લાવો,
તો કયું ના પાએ અપના શાહો? ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જહાં નલાઈયે જીવ અપના,
જીભું જપિયે નિત્ય;
તો કદી નાં લાગે જાએકર,
તો શાહો થી તે ચિત્ત. ॥૧૬॥

પશુ પંખી સબ શાહ શાહ કહેવે,
સૃજન પાખે એક જીવ ના રહેવે. ॥૧॥
જે કછુ આહે જીવ માંહ્યાં,
નહીતો શાહા કયેશે ઠામાં. ॥૨॥
રબાબ માંહે તુંહીં તુંહીં કહેવે,
સૃજન શાહા તો તલ ન લહેવે. ॥૩॥
માણુસ મુખમાં એહી વાણી,
શાહ શાહ કહેવે પણ ધાતનાં જાણી. ॥૪॥
આલ સમજે [1]માએના લાવે,
તોંજા અપના સૃજન પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

[2]ગાલી સો સબ છાંડીએ,
માંએને લાવીએ જીવ;
એમ વરસા સો દ્રોડીએ,
તો એ ન પામીએ પીવ. ॥૧૬૭॥

૧ માએના=અર્થ.
૨ ગાલી=વાત.

સૂજન વિના કોઈ ન રેહતા,
માંહે નેહ'થી શબ્દ કોઈ લેતા. ॥૧॥
જીભું જપતાં જો શાહ પાતા,
તો સ્વર્ગું ખાલી હાથે કોઈ ન જાતા.॥૨॥
કિત્તે બરસું શાહ શાહ આંખા,
સૂજન બોલ ચિત્ત ના રાખા. ॥૩॥
જીભું શાહાકું જોજા લેતા,
મુનાફિક હોઈ કોઈ ન જાતા. ॥૪॥
આપે જાણે નાહી દુરજન,
તો ચુંકર ખોયા અપના સૂજન. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જીભું જપિયે બોહોતેરા,
માંએને લાઈયે નેહ;
અયેશા મિત જો આંખિયે,
તો દુરિજન હોવે છેહ. ॥૧૬૮॥

જો જા યુગમાં મિંત કેહ્લાવે,
જીવડા અપનાં કહીંનાં લાવે. ॥૧॥
માંહે જપતાં મિંતૂ આંવે અપના,
જીવડા લાવે શાહશું તપના. ॥૨॥
તેમ તેમ કાશલ બાહેર આવે,
માંહે કે પરદે કતરે જાવે. ॥૩॥
તબૂ પીછે ચાંદરણા હોવે,
માર્ગ સઘલા પ્રગટ જોવે. ॥૪॥
અપને ચાહવું જપતાં જાવે,
ચિન્ત સઘલા શાહશું લાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જયેમ જપિયે મન મહાં,
ચાહવા કીજે નિત્ય;
મન ચિંત લાગે અપૂના,
ઠામ જો આવે ચિત્ત. ॥૧૬૯॥

રસુલે ઉમ્મત ફજીલત કીતી,
સૂજન નામે સુખ ભર લીતી. ॥૧॥
ઉમ્મત માંહેજો શાહ શાહ કહેતા,
આપસ કું માંહે દુઃખમાંહ દેતા. ॥૨॥
સાગે રોટી જો કરતા ખાણા,
તો લોકું કું બાહર નહોતા જાણા. ॥૩॥
ઈત્તા દુઃખ શિર ઉપર શેહ તા,
બાહેર નામ સુખ ભર લેતા. ॥૪॥
બાંહેર ઈમામ જાકર લેવે,
માંહે ઈમાન પ્રગટ હોવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ઉમ્મત મહંમદી ભાયગે થઈયે ?
આવે કર્મ સંજોગ;
નિશદિન જપેજો શાહ કું,
તમૂતમૂ વાધે ભોગ. ॥૧૭૦॥

જીસે ન હોવે હક્ક રેહમાના,
તજકર રોટી આજ કુર્બાના. ॥૧॥
કીશીકું કોઈ મુકામ જોદીના,
જો ઈસ યોગીકા ઈશ્ક જોકીના. ॥૨॥
કિત્તેક ફક્કરૂં જલાકર દીતે,
કોઈ નિશદિન જાએ બીતે. ॥૩॥
કિજકું કહાં લે જાકર રાખે,
કો'મુજ પ્રેમું જાએ આંખે. ॥૪॥
રસુલ હુવે શો જિકરૂં માંહાં,
નિશ'દિન લેવે શાહકા નામાં. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

જિ૯ને નબી યુગમાં કીયે,
રાખે કંઇ કંઈ મુકામ;
રસુલે ચેહિજ આંખીયાં,
જીકરે આવે ઠામ. ॥૧૭૧॥

ફક્કર માંહે જો તિશકું કહિયે,
શાહ કું જપતાં તલનાં રહિયે. ॥૧॥
અલ્લાહથી ટલકર અળગા નાજઈયે,
અલ્લાહ રસુલે જો મન લાઈયે. ॥૨॥
દુજે ભક્ત ભક્તિ જો કહિયે,
માંહે બંધાતાં કછુ ના લહિયે. ॥૩॥
જયમ જયમ જોવે અલ્લાહકા છેહા,
ત્યેમ ત્યેમ વાધે શાહકા નેહા. ॥૪॥
નેહડા કીજે હૈયાકે સાથ,
ઈમાન લિખીયા મનકે હાથ. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ભક્ત માંહે ભક્તિ હે,
રહ્યા કોઈ કોઈ મુકામ;
જિસ્મા જીકરજો આંખીયા,
રસુલ બુજાવે રેહમાન. ॥૧૭૨॥

પોથી શેહેસ્ર પચ્ વીશાં ઢૂંઢે,
કિન કિન્ તિર્થ જાકર મૂંડે. ॥૧॥
કિત્ને વેદ મોંહ ઉપર કીજે,
દેવલ ડેરારે જાકર લી જે. ॥૨॥
વિશ્વાસ જો મન બોહોતજ લાવે,
સૂજન તોજા જિકેર પાવે. ॥૩॥
જે કોઈ હોવે દર્શણુ જોગા,
સો સબ કરગયે જિકરે ભોગા ॥૪॥
જે કોઈ સુધા હોકર ધાવે,
જિકરે શાહકા નેહડા પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

દેવલ ડેરા છાંડીયે,
કંર તિર્થ સાચી લેહે;
સૂજન પાયા આપણા,
મનમાં [1]સોહાણી દેહ. ॥૧૭૩॥

---

૧ સોહાણી=સુંવારી, (ઝાડુ).

સોહાણી દિલકી ચેહી જાણો,
શાહકી જિકરૂં દેખ પીછાણો. ॥૧॥
સૃજન મેલા જિત્ના કીજે.
તિત્ના લાભ સરાડે લીજે. ॥૨॥
જિસ્કે સાંસુ સાંસ બંધાણા;
સો સબ યુગમાં ખાકસરજાણા. ॥૩॥
તિલ તિલ નામા દૈયાકા લીજે,
ઉસ્કું કયુંકર અલગા કીજે? ॥૪॥
મિતજ કેરી ચેહી [1]ભાવા,
તોજા અપના સૃજન પાવા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

નિશદિન રહિયે સાચશું,
પડે રહિયે દ્વાર;
કબિ'એક અપને ભાવશું,
સૃજન કરશે સાર. ॥૧૭૪॥

૧ ભાવા=ભાવના, પ્રેમ.

સૂજન [1]સાર તોજા કરશે,
જિકર લેકર દિલમાં ધરશે. ॥૧॥
નિશદિન જપના શાહકાનામાં,
તેમ તેમ દિલૂજો આવે ઠામા. ॥૨॥
[2]હયાત દિલ તોજા પાવે,
જિકરે નેહડા અદકા લાવે. ॥૩॥
જપણી કામા કરશે કોઈ,
તોજા દિલ જિંદા હોઈ. ॥૪॥
રસુલે આંખી ચેહજ ગાલી,
દિલ ઠામ નો આવે જિકરૂં ટાલી. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

જિકર જીરકું શાહકી,
દિલકા [3]દારૂ ચેહ;
જિંદા હોવે દિલ તિલમાં,
અદકા વાધે નેહ. ॥૧૭૫

૧ સ ર=મદત. ૨ હયાત=અમરપણું. ૩ દારૂ=ઔષધ.

જિન્દા દિલતો જિકરૂં હોવે,
જિકરે દિલતો અપના ધોવે. ॥૧॥
તોજા કરશે નવશાહ ચોટાં,
તિસ્થી ભાંગે માહેંકી ખોટાં. ॥૨॥
જીત્ની ચોટાં સબૂ નવશાહી આહે,
નેહકી બાટે સબૂ નીકસી જાવે. ॥૩॥
તબૂ પીછે દિલ જિન્દા હોવે,
તબૂ પીછે સબ દુનિયા ખોવે. ॥૪॥
ફિર દિલજો જિકરૂં લાવે,
તોજા શાહકા દર્શન પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જિકર જો લાગી શાહકી,
તિશે અવર'ન આવે ચિંત;
કડવા હોવે સબૂ યુગ,
જો પરખે અપના મિંત. ॥૧૭૬॥

ઈલમ ઈમાન જિકરે કહીયે,
નિશદિન શાહકું જપતાં રહિયે. ॥૧॥
જેમ જેમ જપતાં છાના આવે,
તેમ તેમ કલમા ઉગતા આવે. ॥૨॥
ચાંદ્રણા શરીખા ઈમાન હોવે,
અંધારા માંહેથી સારા ખોવે. ॥૩॥
પાઈ' તેરા તેલ જો કહીયે,
તિસ્મા અજુવાલા પ્રગટ લહીયે. ॥૪॥
તોજા ઈમાન ચંદ્ર શરીખા હોવે,
દુનિયા [1]ગફલત માંહે કયસી સોહવે? ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિસ્મા ઈમાન પ્રગટયા,
તીશે ગફલત હોવે દૂર,
તહાં અંધારા કયા કરે ?
જયાં સૂજન કેરા નુર. ॥૧૭૭॥

૧ ગફલત=ભૂલવણી.

અલ્લાહ્ કી નાવમા પાવ જો દીજે,
[1]ઈલ્લિલ્લાહ્ રસુલ શું પારજ લીજે. ॥૧॥
નબીકા દરિયા તરિયા જાવે,
તો મંજિલ ઈલ્લિલ્લાહ નેહેડા પાવે. ॥૨॥
બાટું દુરિજન ચોર જો આવે,
નેહકી ઈસ્ બાટું નીકલી જાવે. ॥૩॥
એ કલમા જિસ્કે મનમેં હોતા,
સોજા લેકર મંદિર પોતા. ॥૪॥
શાહકા પ્રેમ જિસ્કે મનમાં ભાએ,
સો સબ્ જાએ અગન જલાએ. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

અલ્લાહ્ સુભાન જિન્ને કહા,
ઈલ્લિલ્લાહ્ દીયા કરાર;
શાહ મંદિર જા દેખીયા,
સોહ તરકર લાગ્યા પાર. ॥૧૭૮॥

---

૧ ઇલ્લિલ્લાહ=ખચિત એકજ પ્રભુ ૧૮૨

નબી મુર્શીદ જિન્ને કીતે,
સોસબ પોંતે ઈસ નામજ લીતે. ॥૧॥
જેમ જેમ છાના જપતા જાવે,
તેમ તેમ માંહે કશ પડતા આવે. ॥૨॥
સાચા દફતર હયાતજ કેરા,
છાપા ઉઠે માંહે [૧]કલમા કેરા. ॥૩॥
જીભું જપના દુરિજન ઠામા,
[૨]નકશ ઉઠે નહિ હૈયડા માંહાં. ॥૪॥
દિલજો જિકરે નેહ બંધાણા,
સોસબ કલમે સાથ સીધાણા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

દિલકી જિકર જો સાધીએ,
અને ચિંત્ત સઘલા લાએ;
અયશી ગુંજજ જે કરે,
સો સબ કલમે સીધાએ. ॥૧૭૯॥

૧, કલ્મા=મહાવાક્ય, જાપ.

૨, નકશ=ચિત્ર

દૈવ્ય કેરી બાટ'જો કહિયે,
સાચા પાખે તલનાં રહિયે. ॥૧॥

સેવા મકર જિનમે જો જિતના?
જન્મ વોહ દોડા ફિરે' ફિર તિતના. ॥૨॥

[1]હક્ત હાજરી જિકર જો હોવે,
એકી [2]મકરૂં સારી ખોવે. ॥૩॥

સાચે અને બાટું ચાલે,
સો સબ પોહોંતે નેહડા ડાલે. ॥૪॥

મકરે ભાવ જો જિત્ના કીના,
શયેતાની દરવાજા જોરૂં લીના. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

ચેહતો સાચી બાટ હૈ,
મકર નાં આવે કામ;
દિલ ફિરાવે આપણા,
શયેતાની પાવે ઠામ. ॥૧૮૦॥

૧ હક્ત હજારી=સાત હજારને મોક્ષ મળે તેટલાં. ૨ મકર=ઠગબાજી.

તસ્બી જપણી સબજ હોવે,
એકજ મકરૂં સારી ખોવે. ॥૧॥
જિકર'જો આહે બનિ[1] આદમ કામા,
નેહા ઉઠે હૈયડા માંહીં. ॥૨॥
લોહે લી જેમ ગાંઠ પટોલા,
અયેસા ચોંટે મનમાં ઢોલા. ॥૩॥
જીભું જપતાં બહોતજ જાવે,
[2]ગ્રીહે ન પડે તો મનમાં ન આવે. ॥૪॥
જિને મીંતકા ભેદજો જાણા,
સોહી શાહકી જિકરે જો આણા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

તસ્બી બોહોતજ કીજીએ.
જો નલાઈએ ચિત્ત;
ગ્રિહે નપડે મન મહાં,
કદી ન હોવે મિન્ત. ॥૧૮૧॥

૧ બનિઆદમ=આદમનો વંશ

૨ ગ્રીહે=ગાંઠ.

શાહકે [1]ભાલે જે કોઈ લોઢે,
અપના સાંસ ખાલી ન છોડે. ॥૧॥
જીભું જપતાં ઠામ ન આવે,
ખાટું ચલતાં શાહ બન જાવે. ॥૨॥
જિત્ના સાંસ શાહબિન ખોવે,
સો સબ જાકર મુર્દાર હોવે. ॥૩॥
શાહ બિન ખોટી ગાલી જાવે,
માણુક અપના ખોહ ગમાવે. ॥૪॥
સારી ઉમર અલ્લાહ્ થી તાણે,
અલ્લાહ્ રસુલ ભીતર આણે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જોદમ જાવે શાહ બીના,
સોસબ જાણો મુર્દાર,
દરિયા કેરી શંખલી.
કેચશી કીજે બહાર ? ॥૧૮૨॥

[1] ભાલે=ખબરે, આશરે.

શાહ બીન દમજો બાહેર જાવે,
સો જા કછુ મૂલ ના પાવે. ॥૧॥
સાંસે ઉસાસે જિત્ના લેવે,
તિત્તના જા ગુરૂ અગન જો દેવે. ॥૨॥
પ્રત્યેક દમ જો શાહબિન જાવે,
પાઈ કેરા મૂલ ના પાવે. ॥૩॥
નહિતો [1]ઝવંહર બાહેર આવે,
તોજા સૂજન કેડા પાવે. ॥૪॥
મન સમજાઈ ઈત્ના જોણા,
કાચ કે કારણ ઝવંહર ખોણા ! ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ઝવંહર ખોયા હાથ શું !
જે યુગ આહે અમૂલ;
આ' ન પાલટે મનથી,
જે જાવે પંખજ ઢોલ. ॥૧૮૩॥

૧ ઝવંહર=સાચો મોતી.

જો જાણો માંહે ચોખા કીજે,
અલ્લાહ કિ' જીકરે નિશદિન લીજે. ॥૧॥
કશ કા મેલ તો કશ થી જાવે,
દિલ તો ચોખા જિકરે થાવે. ॥૨॥
નબી બાટું કી યેહી નિશાની,
સો સબ શીકલ દિલકી આની. ॥૩॥
નિર્મલ ચાંદરણા માંહે હોવે,
તોજા શાહકું નયણું જોવે. ॥૪॥
આરસી માંહે પ્રત્યક્ષ ગાલી,
મુખ ના દીશે નિર્મલ ટાલી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

અંતર નહિરે સાંઈશું,
ઘટ જો નિર્મલ હોએ;
કાટે ભરાણી આરસી,
મુખ ન દેખે કોએ. ॥૧૮૪॥

મુખડા તો જાકર દિખાવે,
આપશ કું માંએ જિકરે લાવે. ॥૧॥
સબ્ લોહા માં ×આયેના કહીયે,
કાટ ટલે તો પ્રત્યક્ષ લહિયે. ॥૨॥
કાટ ઉપરથી સઘલા ખોવે,
તોજા મુખડા પ્રત્યક્ષ જોવે. ॥૩॥
દિલમાં કાટ અયેસા જાણી,
લોહા ¹અયનેક દેખ પીછાણી. ॥૪॥
જિકરૂં દિલ જો જાકર લાવે,
તોજા દિલકા આયના પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

દિલમાં અયેનક પ્રગટા,
સાંઈ મુખ દેખન જોગ;
કાટ ટલેજો માંહેકા,
તો દીન'જ કીજે ભોગ. ॥૧૮૫॥

૧×આયેના–અયેનક=આરસી.

રાત દિવસ જો ચાવા કરશે,
જિકરૂં માંહે દિલજો ધરશે. ॥૧॥
નિશદિન સાંસે આવે જાવે,
દિલ્ભી જિકરે સુધિયા પાવે. ॥૨॥
પીછે જિકરે જીવડા લાગે,
હવા હિરશ સબ્ માહેંથી ભાગે. ॥૩॥
દમે કદમે જો જાકર રેહવે,
દિલકી શુધિયા કોઈ નાં લેવે. ॥૪॥
અયશી [1]ખશલત હાથ જો કીજે,
તો રૂંહે રૂંહે પ્રેમેજ ભીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

હૈયડા લાઈયે શાહશું,
તો શાહ તમ ઘર હોએ,
દોનું હૈયડા મિલ ચલે,
તો સાધ જાણે સબ્કો એ. ॥૧૮૯॥

૧ ખશલત=ટેવ.

જીવ શાંસ દોનું નેહ્ડા રેહેવે,
જીવકી સુધિયા શાહ શું કહેવે. ॥૧॥

કાશદ છાના માંહે જાવે,
નિશદિન સાંસ તલના ખાવે. ॥૨॥

નેહડે હોકર અરજ કહેવે,
શાહ કું જપતાં તલનાં રહેવે. ॥૩॥

ખ્વાશ દિવાનકા ખરા જો કહાવે,
ઈસ બીન મોહોલે કોઈનાં પાવે. ॥૪॥

જાપ જકર જો કીજે ખરા,
તોકર્તા કરશે માંહે ફેરા. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

દમકા કાશદ કીજીએ,
જો જા રહ્યો શાહ પાશ;
નિશદિન દોડીએ શાહશું,
તલ ના ખાઈયે સાંસ. ॥૧૮૭॥

જિકરૂં સાંપ માંહેકા મારે,
માંહેલા કાજ સઘલા સારે. ॥૧॥
નબી અયેસેથી શાહ સુ બ્હાનાં,
માંહેકે મોહેલે યુંકર જાના. ॥૨॥
બાકી નફર સબ બાહેર રહેવે,
માંહેકા મોહોલ કોઈ નાં લેવે. ॥૩॥
બાલું બાલાં ઔર ઠામું ઠામા,
દમ્ ફિરાવે સગલે માંહાં. ॥૪॥
જિન કિને મિતું એ બાટ જાણી,
સોસબ લેગએ બાજી છાની. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મનમાં અયેશા ખેલીયે,
કીશે ન હોવે જાણ;
ગુંજ જો કીજે ચુગમહાં,
શાહુ ન હોવે હાણ. ॥૧૮૮॥

માંહે પ્રીત અયેશી લાઈયે,
તલ્ભી બાહેર કછુન પાઈયે. ॥૧॥
અંધારે પ્રીત જો ન્યણે ન સૂજે,
મનકી લાગી કોએ ન બૂજે. ॥૨॥
બાહેર જાતાં લોક પીછાણે,
માંહેકી લાગી કોઈ ન જાણે. ॥૩॥
જિન્કે હૈયડે મનકે રાતા,
નિત્ય નિત્ય હોવે પ્રેમે માતા. ॥૪॥
માંહે કીજે છાના ભોગા,
તો કોઈ ન બૂઝે બાહાર લોકા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જે કો મિંત શુજાણ થે,
તેણે જોયા મખ્યા સંઘ;
નિશદિન જપિયા શાહ કું,
અયેશા કીજે બંધ. ॥૧૮૯॥

રૂંહે રૂંહે તલ માંહે ન રહેવે,
મનકી બાતાં મનમાં કહેવે. ॥૧॥
શાહકી જિકર જો જાણે આંખી,
નબીયું સારૂં [1]ફઝિલત રાખી. ॥૨॥
છાની બાત જો કરની પાઇયે,
બોહોત પૂકારન કાહે કું જાઈયે ? ॥૩॥
જે કો હોવે સો મનકા લોઢે,
કોએ ન પોતા બાહેર દોડે. ॥૪॥
ફઝિલત નબીકી પકડો જોઈ,
તો સુખશું શાહકું જાહેર પાઈ. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

બાહેર બોહોતજ દોડિએ,
માંહે ન લાઈએ મન;
સાચા મિન્ત જો આપણા,
જિન્ને શાહકું સોંપ્યા તન. ॥૧૯૦॥

૧ ફઝિલત=મહાનપણું

બ્રાહ્મણ ગલે જનોઈ બાવે,
જિકરૂં પાંખે મુલન પાવે. ॥૧॥
કાજી મુલ્લાં જાએ કેહ્લાવે,
પ્રેમકા શાહો તલનાં પાવે. ॥૨॥
નેહડા ચહાઈયે હૈયડે માંહાં,
પોથી પડતાં પાઈયે ન ક્યાંહાં ? ॥૩॥
પોથી પ્રીત છોડી ના જાવે,
છોડે, તોજા શાહ કું પાવે. ॥૪॥
જિકરૂં દિલજો જાકર લાગે,
પોથી પાના તિલ્ ના આગે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

પોથી પડિયા બોહોત કર,
અને મન માંહે ન લાવે નેહ;
કયુંકર ભીજે બાવ લે ?
જયેણે ઠાલા કીના નેહ. ॥૧૯૧॥

દિલ્ ના અવે શાહ બિન ઠામા,
જિસ્થી હોવે સાચા કામા. ।।૧।।
બાંકી લકડી જિત્ની કહિયે,
છાંયડા ભી તિસ્કા બાંકા લહિયે. ।।૨।।
તિલ એક તીર જો બાંકા હોવે,
તિત્ના હદ્દથી બાંકા જાવે. ।।૩।।
દિલ જો સઘલા સુધા ન કીજે,
સુખશું મંજલ કયશી લીજે ? ।।૪।।
શાહ બિન જીવડા કહીં ન લાવે,
સુખશું શાહાકું ઘર લે આવે. ।।૫।।

તુંહીં સાચા સાંઇ હો.

જીભું બાંકે જગ્ ચલે,
દિલ બાંકે સબૂ હાણ;
જો હોશે મન પાધરા,
તો દરગે પાવ ઠામ. ।।૧૯૨।।

આહેર પઢિયા કામ નાં આવે,
જહાં લગી મન ચિંતલાઈ ન ધાવે. ॥૧॥
દેયા આહેરે મન્કા રાજી,
રસુલ ચલે શો સારૂં આજી. ॥૨॥
નબીયે મનજો ચોખા કીના,
તોજા [1]કાદિર અપના લીના. ॥૩॥
જીભું જપતાં કામ ન આવે,
જ્યાં લગી મન ચિત્ત શાહશું ન લાવે. ॥૪॥
દિલ જિકર શું શુદ્ધ જો કીજે,
મનમાં સોહાણી ચોદિસ દીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

માંહે જો કીજે નિર્મલા,
શાહશું લાઈયે ધ્યાન;
સોહાણી દીજે સાચકી,
શાહ જિકરૂં આવે ઠામ. ॥૧૯૩॥

---

૧ કાદિર=સર્વ સત્તામાન.

પ્રત્યક્ષ દીશે દોઈજ બોલા,
કોઈ ન પોંતા ઈશકે તોલા. ॥૧॥
સાચી સોહાણી હક્કજ કેરી,
સાફ કરો સબ્ માંહે કેરી. ॥૨॥
માંહેકી સોહાણી જિંકર જો કામા,
પાક કરે સબ્ રાહજ ઠામા. ॥૩॥
નબીયું કેરા ચેહિજ ખેલા,
મહંમદ ભી પાયા ચેહિજ મેલા. ॥૪॥
માંએનાં આહે સોહાણી કેરા,
શાહ જપતાં આહે મેલા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

સોહાણી આઈ સાચકી,
ચાવા કીજે નિત્ત;
જિત્ના માંહે ફીરાઈયે,
ચોખા હોવે ચિત્ત. ॥૧૯૪॥

જે કોઈ પીરશું સુધા ચાલે,
સોસબ્ જા ઈસ્ પેડે લાગે. ॥૧॥
સાચા પંથ નબીકા લીના,
નબીકા ફર્માન કછુન કીના. ॥૨॥
બાકી બંદા ઈત દાવે ચલાવે,
સુધી બાટ સો થોડે પાવે. ॥૩॥
ઘોકટ માર્ગે ચાલ્યા જઈયે,
ચોર ન લાગે તરકર પાઈયે. ॥૪॥
બાટનાં પકડો [1]બિદાઈત કેરી,
રસુલ ચલે સો સાચી શેરી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

સાચી બાટ રસુલકી,
જો ચાલે' યુગ અસુલ;
શાહે [2]જિબ્રાઈલ ભેજકર,
આપ દિખાયા ખોલ. ॥૧૯૫

૧ બિદાઈત=મનસ્વી વર્તનારા. ૧૯૯ ૨ જિબ્રાઈલ=દેવદુતનું નામ.

ઈલમ ઈમાન જિતના કીના,
નબી ઈશકું જિકર જો દીના. ॥૧॥
ખાસા ખજાના જે કછુ કહિયે,
સોસબ અપને દિલમાં લઈયે. ॥૨॥
નબી ઈસુ બાટું કરશે ભાગા,
સોસબ હેયેકે ખજાને જોગા. ॥૩॥
જિકર શો દિલકી [1]કીલી કહિયે,
બાટ શો સઘલી માંહે કી લઈયે. ॥૪॥
જો એ કુલમે શું મન લાવે,
ખાસા ખજાના ખોલતે આવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

દિલમાં ખજાના પ્રગટયા,
અને કીલી કરો હાથ;
ખોલી લોઢો સત્ય શું,
લાગો જિકરજ સાથ. ॥૧૯૬॥

૧ કીલી=કુંચી.

[1]હવા સરીખા દુરીજન પાસે,
ઈમાન ઉડાવે એકજ સાંસે. ॥૧॥
નિશદિન શાહકું જપતાં રહિયે,
તોજા ઈસ્થી છૂટકા લઈયે. ॥૨॥
આંહે જપતાં જનમ ગમાવે,
પાઈ કેરા કોઈ મરમ ન પાવે. ॥૩॥
[2]તલબ્ કરે નિત્ય રોટી કેરી,
યુગમાં હિંડાવે શેરી શેરી. ॥૪॥
અયેસી ત્રીયા આહે ખોટી,
શાહા ખોયા ચે કારણ રોટી. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

ત્રીયા ચરિત્ર આગલી,
આહે સબલા ચોર;
ઈશ્કે પાલવ જે પડયા,
દીને લગાઈ ખોડ. ॥૧૯૭॥

હવા=ઇચ્છા, ભાવના.

૨ તલબ=માગવું.

દુજા ચોર જો માંહે રહેવે,
ઈસ્થી બાટ કોઈ ન લહેવે. ॥૧॥
કુટાણે જાતાં તલ તલ બ્હીજે,
અંધા અત્રિ આલે બાટજો લીજે. ॥૨॥
હાથું ઝાલે સો ગફલત રાખે,
ફિર ફિર હક્કી બાટું નાખે. ॥૩॥
જે કહેલાણે બડે બડેરે,
સો સબ્ જાએ મકરે ઘેરે. ॥૪॥
[1]એહ્મક કું એ ખાણા ન આવે,
જયસી બિલ્લી ચૂઆ લે જાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

દિલમાં ચોર જો પ્રગટા,
અને માર્ગ ન આવે હાથ;
ખોતર દેવે માંહે કા,
બેઠા લાવે બાટ. ॥૧૮૯॥

---

૧ એહમક=મૂર્ખ

ખાણે પીણે કી ચેહી આસે,
સત્ય સબુરી પહેલી નાશે. ॥૧॥
ચોરી કરે મુખ મીઠી ગાલી,
કિન્ને ન પકડા શાહબિન ટાલી. ॥૨॥
શાહકા જિસ્માં હોતા ચાહવા,
જન્મ ન છોડે મુર્શદ કા પાવા. ॥૩॥
[1]સુરીજન તેજે ચલીયા જાવે,
માંહે સઘલા ખોહૂ ગમાવે. ॥૪॥
ચાંદરણા મારગ સઘલા પાવે,
નહિતો તલ્ માં બાજી ખોવે. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

મુર્શિદ દિવા યુગમાં,
આણ દિખાયા સેર;
ઓર બાંટુ સબ ડુબાણે,
માર્ગ લગાએ ફેર. ॥૧૯॥

૧ સુરીજન=દેવમૂર્તિ, ભક્ત.

મુર્શિદ પાંખે બાટ ન પાવે,
ખરા ખોટા પ્રત્યક્ષ દિખાવે. ॥૧॥
બંદગી સઘલી મારગ કહિયે,
મુર્શિદ પાંખે ભેદના લહિયે. ॥૨॥
સીત્તેર બરસ કીજે ભક્તિ,
મુર્શિદ કેરી એકજ રતી. ॥૩॥
ગુરૂ પાંખે જો કામ ચલાવે,
એ સબૂ ખોવે પણ ઠામ ન આવે. ॥૪॥
એતો આંખી દિલકી ગાલી,
કોઈ ઠામ ન આવે મુર્શિદ ટાલી. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

સો દિન આયા નિર્મલા,
અને લાયા સબલા જોર;
[1]તેગ ફીરાઈ સત્ય કી,
નીકલી ભાગે ચોર. ॥૨૦૦॥

૧ તેગ=તલવાર.

શયેતાન સર્વે [1]જેર જો કીતે,
હક્કકી હકીકત રાહજો લીતે. ॥૧॥
ઈશ્કે તોલું કોઈન પૂગે,
ચૈદિશ ચાંદરણા નિર્મલ ઉગે. ॥૨॥
ચોરૂકે હાથું જોજા લાગે,
સો સબ્ ચોરી છોડ કર ભાગે. ॥૩॥
સાચા બાજા દૈયા કા દીના,
કડ કપટ સબ્ પ્રગટ કીના. ॥૪॥
કરમ ભાગ્ય સબ્ લોકું કેરા,
અયેશા મુર્શિદ યુગમાં ફેરા. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

કર્મ હથેલાડી જિસ્ લોકે,
જો પાયા મહંમદી રગ;
સાચા ચલિયા પંથસર,
જૂઠા ખેંચે પગ. ॥૨૦૧॥

૧ જેર=તાબે,કબજે

ખતમ વિલાયત તીશે સાચી કહિયે,
રૂંહે રૂંહે સબ્ મેંહદી લઇયે. ।।૧।।
સાચે મને જેણે પાલવ લીના,
તેણે જા ચોખા દીનજ કીના. ।।૨।।
અવર કછુ બિચારે દુર્જન,
સો સબૂ દૂરે પડિયા સૂજન. ।।૩।।
ખાસા વજીર તીસ્સે આદાવત કીજે,
મૂર્ખ દિવાન કે એપાવૂજ લીજે. ।।૪।।
ભાગ્યજ પૂરે જિસ્કે આને,
સો સબ્ જાએ નાખે ખજાને. ।।૫।।

તુંહીં સાચા સાંઈ હો.

સાચા વજિર જો ખાશ થા,
થોડે હૂવે સો જાણ;
જીસ્કે પૂર્વે પુન: થા,
ઈન્ને આણા ઈમાન. ।।૨૦૨।।

સુધા કામ ઓર સુધી વાચા,
શાહ કા મુર્શિદ આયા સાચા. ॥૧॥
સારે યુગમાં કીયા પકારા,
જો સમજા સો લાગ્યો પારા. ॥૨॥
રસુલ કેરી બાટજ ખોલી,
કાહેર નાઠે શિશજ ડોલી. ॥૩॥
દુ:ખ દોહેલા તલ સહાન જાવે,
સો ક્યું દયાકા મારગ પાવે ? ॥૪॥
હવા' હિરશે જો બેઠે લાગે,
ઉસ માંથી સત્ય નીકલી ભાગે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મહેંદી સાચા દીન કા,
અને જોજા કીયા પૂકાર;
હવા હિરશે સબ્ છેતરે,
ઇનૂ તન કું લગો અંગાર. ॥૨૦૩॥

ચોરૂં ચાંદ્રણા ના સોહાએ રાતાં,
જાએ લાગે અંધારે સાથાં. ॥૧॥
ફિરફિર કીયા જૂઠા ગુમાના,
યું કર ખોયા અપ્ના ઈમાના. ॥૨॥
નબીયું શિર યે બીતી બાતાં,
કયશે લાગે ઉનુંકી સાથાં? ॥૩॥
કિત્ત નબી કતલ કરાએ,
કિત્તેક કું દેશ બહાર ચઢાએ. ॥૪॥
મહેંદી બાટ જો અયેસી કીતી,
તિસ્થી [1]અલામત ઉનું શિર બીતી. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

નબી જોશે ઈત સાચ શું,
જો સુધી ચાલે બાટ;
કિત્તેક કાઢે ગામ શું,
કિત્તેક નાખે કાટ. ॥૨૦૪॥

૧ અલામત=અદ્દનામ.

બડી નિશાની તુંહીં પાવા.
સાચા મેહેંદી હમ ઘર આવા. ॥૧॥
દઈ ઈલ્લિલ્લાહ જિતને કીતે,
ઉનુંકે શિર કિત્તે પરના બીતે. ॥૨॥
નબી ખુદામાં મન જાકર દેવે,
સો શિર ઉપર બેદના લેવે. ॥૩॥
વલી મશાયક જે સાચે ચાલે,
સો સબ બેદનાથી કોએ નાં ટાલે. ॥૪॥
નબી પણાતો તિસ્કું દીજે,
પર વેદનામાં કશાણી કીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

નબીયું કશાણી ઈસ્થી,
જે દીની માંહે બુલાએ,
તિસ્થી સુખ ન દીજીએ,
જિસ્થી પ્રેમે જલાએ. ॥૨૦૫॥

આશિક કેરી ચેહી કશણી,
નિશદિન શાહો શું કરે પીશણી. ॥૧॥
જે [1]ખ્વારી દુઃખડા કહિયે,
સો સબલા પ્રેમજ લઈએ. ॥૨॥
લોકે લાગ્યા ઘેલા કાલા,
સો સબ્ આએ પ્રેમજ ચાલા. ॥૩॥
જીશે કરાવે આપ સંજોગા,
તીશે કરાવે સગલા ભોગા. ॥૪॥
લોક કુટુંબ સબૂ બાહેર કીજે,
ચું કેર મોમિન માંઝે રહીજે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

જેમ સોના કશિએ અગ્નિમાં,
ચુંકર કશીએ ભિંત;
ખરા ખોટા પખિંએ,
ચું" કર દેખો ચિંન્ત. ॥૨૦૬॥

૧ ખ્વારી=ખરાબી, ભૂંડાઈ.

જિસ્તે કિસ્તે નબીજો કીતે,
ઉનું શિર કિત્તી બેદના બીતે. ॥૧॥
યુગ સારા કેડે લગાયા,
યું કર સૃજન મેલા પાયા. ॥૨॥
ઘેલા કાલા ધરાયા નામા,
યું કર મિંતે લગાયા ઠામા. ॥૩॥
સૃજન ખેલે જે કોઈ ભૂલા,
તિસ્કે મુખમેં પડે જો ધૂલા. ॥૪॥
ભલી બુરી [1]ખટટી લાવે,
યું કર અપના મિત્ છુપાવે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

જે મિંતું માંહે સાચથા,
ઉનૂ શું લાગે લોક;
સબૂથી અલગા ટાલકર,
કીયા સલામત જોગ. ॥૨૦૩॥

૧ ખટટી=કમાઈ.

નબી મહંમદ પ્રત્યક્ષ આવા,
જિસ્થી પ્રેમકા મેલા પાવા. ॥૧॥
કિત્તી શિર ઉપર બીતી બાતાં,
ફિરફિર લાગે વોહબી સાથાં. ॥૨॥
જિત્ની બાતાં રસુલ કી લીતી,
ઉનુશિર ઈત્ની બેદના બીતી. ॥૩॥
સૈયદ મહંમદ સૂધા ચાલા,
વોબી સુધા પ્રેમે માલા. ॥૪॥
સાચા દીનજો હક્કશું રહેવે,
ઉનું શિર ઈત્ની બેદનાં લેવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જિત્ને યુગમાં રસુલ થે,
ઉનું શું લાગે લોક;
મેહેંદી ચાલે સાચશું;
કીયા મેલા મિંત જોગ. ॥૨૦૮॥

સેવા મિંત જો ચેહી પાવે,
ધોવે કાશળ ઓર જૂઠ ગુમાવે. ॥૧॥
બાટ નહોવે મેંહેંદી ટાલી,
જે કછુ નાંખે શાહા બિન ગાલી. ॥૨॥
જિન્ને શુણિયા કાનજ ખોલી,
તિન્ને એ બૂઝી સાચી બોલી. ॥૩॥
જે કોઈ દુરિજન દુનિયા શું લાગે,
ગફલત ધોકે ચોંપ ન જાગે. ॥૪॥
જિશ્કુ હુતા શાહકા ચહાવા,
તિને જા દેખા શાહકા પાવા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

મેંહેંદી સાચા પ્રગટયા,
અને લાયા સૂજન સંધ;
પાલવ લાગે જે રહ્યે,
જિસે દૈયા ઉપના બંધ. ॥૨૦૯॥

સૂજન પિછાણુ સાચી જાણો,
છાના નાંહી, દેખ પીછાણો. ॥૧॥
રસુલ કેરે કીને કામા,
ઈસ્થી મેહેંદી ધરાયા નામા. ॥૨॥
જિન્ને કલમાં હક્કકા આણુા,
તિન્ને ચેહ મેહેંદી સૂધા જાણુા. ॥૩॥
શાહે દીધી જિસ્કું બુદ્ધ,
સો કયું ન બુજે કી શુદ્ધ ? ॥૪॥
સાચા મેહેંદી સૂજન જોગા,
શાહ બિન્ અંધાણુા મૂર્ખ લોકા ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

આલે આલે મોહોલ શાહકા,
અને સાચાથા રસુલ;
મેહેંદી સદકે જો પીછાણિયે,
શાહ બાટજ લાયા અમૂલ. ॥૨૧૦॥

સોહાગે ભાગ્યે જિન્ને પૂરા જાણા,
સો સબ મેંહેંદી ટોલામાં આણા. ॥૧॥
શાહ કે પ્રેમું આણ લગાએ,
ગાફલ થે સો માર્ગ પાએ. ॥૨॥
હક્ક કા પ્યાલા લેણા હાથું,
વોહ ફિર્ ફિર્ લાગે શાહ કે સાથું. ॥૩॥
રાતે માતે જિન્ને કીના ભોગા,
સો સબ હૈયડે સૂજન જોગા. ॥૪॥
અયેશા મુર્શિદ યુગમાં આવા,
તો ઘેલે કાલે માર્ગજ પાવા. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

મુર્શિદ સબલા યુગમાં,
તે આયા લોકોં કાજ;
જિસ્માં તિહભી દીન થા,
સો શાહકે લાગે સાથ. ॥૨૧૧॥

ચેહતો મેલાવા મેં હેંદી કા કહીયે.
નિશદિન સાથે પ્રત્યક્ષ લહિયે. ॥૧॥
શાહ મેલાણે પાયો જો દીજે,
અન્તર પરદે જો ચોખા કીજે. ॥૨॥
ભાંગે દિલે જો ભક્તિ કીજે,
તોયું અપના શાહ ના લીજે! ॥૩॥
જુલ્ ફિકાર જો હાથું રાખે,
કુફરકાટ સબૂ માંહે કે નાખે. ॥૪॥
તેતો જાએ સન્મુખ પાડે,
નિસ્તાઈ સઘલી ટાલી કાઢે. ॥૫॥

તુંહી સાચા સાંઈ હો.

એતો પહેલવાન શાહકા,
ભાઈ લાયા દીનજ જોર,
કુફર સારા કાટીયા,
બાંધ ચલાયે ચોર. ॥૨૧૨॥

ચોરૂં માંહે પુકારજ પડિયા,
હક્કકી અશ્વારી જે કોઈ ચડીયા. ॥૧॥
માંહેકા કુફર ચુંકર કાટા,
સત્ય ચલે જે જિકરૂં માટા. ॥૨॥
રાવત કહિયે દીનજ કેરા,
નીચિંતી લોકુંકું ફોગટ ફેરા. ॥૩॥
દીન મહંમદ રોશન કીના,
અયેસી શહાએ દયા જો કીના. ॥૪॥
જિન્ને અસ્વારી સાથે લીના,
દીન રોશન યહાં ઉન્ને કીના. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

અલ્લ શુભાગ્ય ઈસૂ દીન કે,
જિન્ને અશ્વારી કીની સાથ,
મારગ પાયા દીન કા,
સૂજન લાગા હાથ. ॥૨૧૩॥

આખર જમાના આયા લોકો,
સામલ લેજો અપને જોગા. ॥૧॥
આખર વખતે કયુંકર રેહણા ?
યુગમાં નિર્ધારે યુંકર જાણા ? ॥૨॥
પડે પંડિત સાચનાં કેહવે,
પંડિત વિના ભેદ ના લેહવે. ॥૩॥
માં બાપ કોઈ કીશે ન માને,
સાચ વિના સદ્દગોર ન જાને. ॥૪॥
ખેર મેહેર સબ માંહેકી ઉઠાઈ,
ઈલ્લિલાહ રસુલ યુંકર પાઈ. ॥૫॥

તુંહી સાચા સાંઇ હો.

કલિયુગ ખોટા આવિયા,
ધર્મ રહ્યો ન સાચ !
જે જે સદ્દગોર ભાંખીયા,
સાચા હુવા સો આજ. ॥૨૧૪॥

મીંતુ દેખા 'દીન' રસુલા,
તો મેંહેંદી ભેજા અપને ઢોલા. ॥૧॥
બાટ સાચી ફેર લગાઈ,
શાહ કે પ્રેમું યું જગાઈ. ॥૨॥
આશક મોહોબ્બત કેરે કામા,
યુંકર ખોલો સઘલે ઠામાં. ॥૩॥
સઘલે કામ રસુલકે કોના,
ભાગ્ય ઉનુંકા સૂજન લીના. ॥૪॥
ભાવે ભેદ પૂરા લેખા,
ઈસ્થી મારગ પૂરા દેખા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

કાહેરે સબ જુગ દેખિયા,
બેઠા મારગ છોડ;
તિસ્થી મેંહેંદી નકીબ ભેજીયા,
રસુલ જ કેરી જોડ. ॥૨૧૫॥

સૈયદ મહંમદ ભાગ્યું પાવ્યા,
હમૂ ઘર સાચા મેંહેંદી આવ્યા. ॥૧॥
દિલ્હી આંખી સબૂ કરે પારા,
અયેસા મેંહેંદી દીન દાતારા. ॥૨॥
મનમાં કાસળ કછુ ન રાખી,
ગુંજ ખોલ કર મિંતજ આંખી. ॥૩॥
કાહે પડિયા લાંબે ફેરે!
જે મરણા આગલ નાંહી મરે. ॥૪॥
ઈમાન ઓલખતાં પ્રત્યક્ષ જોવે,
તોજા ઈમાની મોહેર જો પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઇ હો.

મેહેદી આવ્યા જો આંખીએ.
સૂણો મન ચિંત્ત લાએ;
મરણે આગે જ મરે,
સો સબૂ દર્શન પાએ. ॥૨૧૬॥

નબી મહંમદ પ્રત્યક્ષ ધાવા,
જેણે મરણે આગે મરણા પાવા. ॥૧॥
હુવા વોહ અપણે સૃજન જોગા,
હંસી હંસી માના શાહશું ભોગા. ॥૨॥
શાહ સવાદે પૂરા પાવા,
જીવડા અપના શાહે શું લાવા. ॥૩॥
તે સુખ શું પોતા મંદિર જાઈ,
તો સ્વર્ગ માંહે હુઈ વધાઈ. ॥૪॥
સખી સાહેલી મંગલ ગાવે,
જિકરૂં અપના શાહ જો પાવે. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

જે થે અપને સત્ય શું,
સો પોતે મન્દિર જાએ;
જિન્ને સૃજન આંખિયા,
દેખા સૃજન પાએ. ॥૨૧૭॥

ઘર ઘર ગોર ઘર ઘર શાહા,
ઘર ઘર સાહેલી મંગલ ગાવા. ॥૧॥
રેહણી દિવશે હુંઈ દીવાલી,
સ્વર્ગું માંહે હુઈ અજુવાલી. ॥૨॥
શિરશિર જાણો ઠાહું ઠાંહાં,
ચુંકર મિંતુ જાણો કાંહા. ॥૩॥
સોહાગ્ય ભાગ્યે જો પૂરા પાવે,
અપના સૂજન ઘર લે આવે. ॥૪॥
રાજ કરોને માનો ભોગા,
સૂજન પાનેકા જાનો યોગા. ॥૫॥

તુંહીં સાચા સાંઈ હો.

અપના સોહાગ યેહ હ્યે,
અને પરખો સાચા રેહ્માન;
સોહાગ પાઓ શિર લગી,
અયેશા કરો તમે કામ. ॥૨૧૮॥

નબી મહંમદ યુગમાં આયે,
તિસ્થી અલ્લાહ્ ઈમાન જો પાએ. ।।૧।।
આલે આયે ઈમાન દીન જો જાનો,
તિસ્કે તન્ મહંમદ શાહ વખાણો. ।।૨।।
એ સદ્ગોરે દુનિયાં શું આંખી,
નર મહંમદ શાહે સત્ય વેણી ભાંખી.।।૩।।
મોમિન મન શું સાચા જાણો,
જયેસા જાણો ત્યસા ફરમાણો. ।।૪।।
સાચા થાસો સબ્ કુછ આંખા,
જો કછુ થા સો ખોલ કર દાખા. ।।૫।।

તુંહીં સાચા સાંઇ હો.

તમકું ભેજા યુગ મહાં,
સુધા ચાલો ગુરૂ પાસ;
નબી સો આયે યુગ મહાં,
સારી ઉમ્મત કે કાજ. ।।૨૧૯।।

❊ શ્રી સત્પંથ સાહિત્યની યાદી ❊

૧	સત્પંથ પ્રકાશ	૭=૦૦
૨	યજ્ઞવિધિ	૫=૦૦
૩	આજ્ઞાપત્ર	૪=૦૦
૪	ભાભારામ સુબોધ	૩=૦૦
૫	શ્રી નરઅલી મહમ્મદશાહ બાવાની મોટી સત્ય વેણી	૨=૫૦
૬	નાયાકાકા પ્રેમપાઠ. બાઈબુઢાઈ સત્યપંથ બોધીની	૨=૫૦
૭	યોગવાણી	૨=૫૦
૮	સત્પંથી કર્મપ્રયોગ	૨=૦૦
૯	ચેતામણી	૨=૦૦
૧૦	અમૃતવાણી	૨=૦૦
૧૧	મૃગોદ્ધાર	૧=૦૦
૧૨	સત્પંથીઓનું કર્મ	૦=૭૫
૧૩	ચેતો ઋષિવરો ગુરૂ કહે	૨=૦૦
૧૪	કલીતારક મંત્ર	૧=૦૦
૧૫	મોક્ષદ્વાર	૧=૦૦
૧૬	મનહર જ્ઞાન	૧=૦૦
૧૭	સત્યનું શોધન	૧=૦૦
૧૮	ભક્તની શોધ	૧=૦૦
૧૯	પરછા	૦=૯૦
૨૦	શિક્ષાપત્રી	૦=૨૫
૨૧	આશાણી	૦=૫૦
૨૨	નારણ રામજીનો પ્રતિધ્વનિ	
૨૩	મોહોરના દર્શનના પાના	૨=૫૦
૨૪	સંતવાણી	૦=૫૦

: પુસ્તકો મળવાનું ઠેકાણું :

શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ

મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અહમદાબાદ.